પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT

RAJKOT/639/2025-2027 RMS-RJT

POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨

તા. ૧૬-૪-૨૦૨૬, ગુરૂવાર

વર્ષઃ ૧૫, અંક : ૩૪

Price Rs.:4 ABATAK-RAJKOT 0281-2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia


**સુવિચાર**

વાત સાવ નાની છે પણ
તેના અર્થ ખુબ મોટા છે
આખી જિંદગી બોજ ઉઠાવ્યો
ખીલ્લીએ અને લોકો વખાણ
તસ્વીર ના જ કરે છે.


ચણાદાલ અપ્પુ ચણાદાલ
હોમ ડીલીવરી મળશે
અપ્પુ ચણાદાળ
દયાલ દાલ મો.98242 00970
હંસા પ્રોવિઝન
લાલાભાઈ - પ્રદીપભાઈ
સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર મેઈન રોડ રાજકોટ
મો.9429189105


### વિશ્વના માલ પરિવહન પરથી વાદળા વિખેરાયા

# અમેરિકાએ સ્ટ્રેટ ઓફ હોર્મુઝ છોડી દેતા ક્રૂડના ભાવ ગગડ્યાંઃ સેન્સેક્સ ટનાટન

**અબતક, રાજકોટ**


વૈશ્વિક અર્થતંત્ર માટે આજે રાહતના સૌથી મોટા સમાચાર આવ્યા છે. છેલ્લા લાંબા સમયથી મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવ વચ્ચે અમેરિકાએ સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પરથી પોતાની નાકાબંધી હટાવવાનો અને પીછેહઠ કરવાનો નિર્ણય લેતા વૈશ્વિક બજારમાં ખુશીની લહેર જોવા મળી છે. આ એક નિર્ણયથી વિશ્વના દરિયાઈ માલ પરિવહન પર છવાયેલા યુદ્ધના કાળા વાદળો વિખેરાઈ ગયા છે.

અમેરિકા અને ઈરાન વચ્ચે રાજદ્વારી સમજૂતીની આશા અને યુદ્ધની સ્થિતિ હળવી થતા આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં જોરદાર કડાકો બોલાયો છે. કાચા તેલની કિંમત ઘટીને ૯૦ ડોલર પ્રતિ બેરલ ની સપાટીએ પહોંચી ગઈ છે. નિષ્ણાતો માને છે કે જો સ્થિતિ વધુ સુધરશે તો આગામી દિવસોમાં તેલના ભાવમાં હજુ પણ ઘટાડો થઈ શકે છે, જે ભારત જેવા

(અનુ. આઠમા પાને)

## ટ્રમ્પની પહેલઃ ઈઝરાયેલ-લેબનોન વચ્ચે ૩૪ વર્ષ પછી પ્રથમવાર સીધી મંત્રણા યુદ્ધ સમાપ્ત થવાના આરે

### બ્રિક્સ સમિટમાં ભાગ લેવા પુતિન ભારતની ફરી મુલાકાતે આવશે



રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સપ્ટેમ્બર ૨૦૨૬માં ભારતમાં યોજાનારી આગામી 'બ્રિક્સ' શિખર મંત્રણામાં ભાગ લેવા માટે ભારતની મુલાકાતે આવશે. રશિયાના સત્તાવાર કાર્યાલય 'ક્રેમલિન' દ્વારા આ વાતની ખાતરી કરવામાં આવી છે. એક વર્ષ કરતા પણ ઓછા સમયમાં રાષ્ટ્રપતિ પુતિનની આ બીજી ભારત મુલાકાત હશે. આ પહેલા તેઓ ડિસેમ્બર ૨૦૨૫માં ભારત-રશિયા વાર્ષિક સંમેલનમાં ભાગ લેવા માટે બે દિવસના પ્રવાસે આવ્યા હતા.

(અનુ. આઠમા પાને)

### ડોલર મુક્ત વૈશ્વિક વેપારઃ ભારત માટે 'માસ્ટરસ્ટ્રોક' સાબિત થશે કે આર્થિક પડકાર?



પશ્ચિમ એશિયાના યુદ્ધો અને અમેરિકાની બદલાતી નીતિઓને કારણે અમેરિકાની વૈશ્વિક શાંતિ સ્થાપવાની શક્તિ નબળી પડી રહી છે. આ ભારત જેવા ઉભરતા દેશો માટે પોતાની વાત મક્કમતાથી રાખવાની એક મોટી તક

(અનુ. આઠમા પાને)

### એક સમયે મોબાઈલ આયાત કરતું ભારત આજે ૨.૫ મિલિયન ડોલરના આઈફોનની નિકાસ કરે છે

# અમેરિકાને પછાડી ચીન બન્યું ભારતનું નંબર વન ટ્રેડ પાર્ટનર

### રેકોર્ડ બ્રેક કુલ નિકાસ

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ભારતે ૮૬૦.૧ અબજ ડોલરની કુલ નિકાસનો નવો રેકોર્ડ બનાવ્યો છે. વૈશ્વિક પરિસ્થિતિઓ અને ખાસ કરીને પશ્ચિમ એશિયાના યુદ્ધની અસરો છતાં દેશનું ગુડ્સ એક્સપોર્ટ ૪૪૧.૮ અબજ ડોલર સુધી પહોંચવામાં સફળ રહ્યું છે.

## નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ભારત અને ચીન વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર ૧૫૧.૧ બીલીયન ડોલરે પહોંચ્યો, બીજી તરફ ઈલેક્ટ્રોનિક્સ અને સ્માર્ટફોન પાર્ટ્સની નિકાસમાં ભારતનું વૈશ્વિક કદ વધ્યું

**અબતક, નવી દિલ્હી**

વૈશ્વિક વેપાર જગતમાં મોટા ફેરફારો જોવા મળી રહ્યા છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના આંકડા મુજબ ચીન હવે ૪ વર્ષ બાદ અમેરિકાને પાછળ છોડીને ભારતનો સૌથી મોટો વેપાર ભાગીદાર બની ગયો છે. એક તરફ ચીન સાથેની ભારતની વેપાર ખાધ વધી છે, તો બીજી તરફ ''મેક ઈન ઈન્ડિયા'' હેઠળ એપલ જેવી કંપનીઓના ઈલેક્ટ્રોનિક કોમ્પોનન્ટ્સની નિકાસમાં ભારતે નવો ઈતિહાસ રચ્યો છે અને ઈલેક્ટ્રોનિક્સ પાર્ટ્સની નિકાસ ચીન તરફ વધી છે.

સરકાર દ્વારા જાહેર કરાયેલા આંકડાઓ મુજબ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ભારત અને ચીન વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર ૧૫૧.૧ અબજ ડોલર નોંધાયો છે, જેનાથી ૨૦૨૪-૨૫ સુધી સળંગ ચાર વર્ષ માટે નંબર વન રહેલું અમેરિકા હવે

(અનુ. આઠમા પાને)

### સ્માર્ટફોન મેન્યુફેક્ચરિંગમાં ૨૦% વેલ્યુ એડિશન

એપલ દ્વારા વૈશ્વિક આઈફોન ઉત્પાદનમાં ભારતનો હિસ્સો ૨૫ ટકા જેટલો કરી દેવાયો છે. સ્થાનિક સ્તરે સ્માર્ટફોન ઉત્પાદનમાં ડોમેસ્ટિક વેલ્યુ એડિશન પણ વધીને ૨૦ ટકા થઈ ગયું છે, જે દર્શાવે છે કે દેશ હવે બેઝિક એસેમ્બલિંગની ઉપર ઉઠીને વાસ્તવિક મેન્યુફેક્ચરિંગ તરફ આગળ વધી રહ્યો છે.

### અમેરિકા સાથેનો વેપાર ફાયદાકારક

ચીન ભારતનો સૌથી મોટો વેપાર ભાગીદાર ભલે બન્યો હોય, પરંતુ ચીન સાથે ભારતની વેપાર ખાધ ૧૧૨.૧૬ અબજ ડોલરની છે. તેની સામે અમેરિકા સાથેનો વેપાર ભારત માટે હકારાત્મક છે અને તેમાં ભારતને ૩૪.૪ અબજ ડોલરનો નફો (ટ્રેડ સરપ્લસ) થઈ રહ્યો છે.

### પશ્ચિમ એશિયાના સંઘર્ષની અસર

માર્ચ મહિનામાં પશ્ચિમ એશિયાના યુદ્ધને કારણે ભારતના નિકાસ વેપારને માઠી અસર પહોંચી હતી. ભારત દર મહિને આ ક્ષેત્રમાં સરેરાશ ૬ અબજ ડોલરની નિકાસ કરે છે, જે માર્ચમાં ઘટીને માત્ર ૨.૫ અબજ ડોલર જ રહી હતી અને નિકાસમાં ૫૭.૯ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

# તમામ રાજ્યોમાં સાંસદોની સંખ્યા અડધો અડધ વધશેઃ લોકસભાની બેઠક ૮૦૦ને પાર થશે

## વિશેષ સત્રમાં મહિલા અનામતના અમલ અને વિવાદાસ્પદ સીમાંકન કવાયતની જોગવાઈ કરતાં મહત્ત્વના બંધારણીય બિલો પર પર ચર્ચા થશે

**અબતક, રાજકોટ**

કેન્દ્ર સરકાર આજે લોકસભામાં મહત્વની જાહેરાત સાથે આગામી ડિલિમિટેશન (મતવિસ્તાર પુનર્નિર્ધારણ) ૨૦૧૧ની વસ્તી ગણતરીને આધારે નહીં કરવામાં આવે. તમામ રાજ્યોમાં લોકસભાની બેઠકો ૫૦ ટકા વધારવામાં આવશે, જેથી દક્ષિણ ભારતના રાજ્યોની ચિંતાઓને દૂર કરી શકાય.આ સિવાય સંસદમાં આજે મહિલા અનામત કાયદામાં સુધારા સંબંધિત ૩ બિલ રજૂ કરવામાં આવશે. આ બિલમાં મહિલાઓને લોકસભા અને વિધાનસભામાં ૨૦૨૯થી ૩૩ ટકા અનામત આપવાનો પ્રસ્તાવ છે. આ માટે ત્રણ દિવસનું વિશેષ સત્ર બોલાવવામાં આવ્યું છે.

દક્ષિણના રાજ્યો તમિલનાડુ, કેરળ, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તેલંગાણામાં લોકસંખ્યા નિયંત્રણમાં સફળતા મળી છે. જો ૨૦૧૧ની વસ્તી ગણતરીને આધારે ડિલિમિટેશન થાય તો ઉત્તરી રાજ્યો (ઉત્તર પ્રદેશ, બિહાર વગેરે)ને વધુ બેઠકો મળે અને દક્ષિણના રાજ્યોનો પ્રમાણમાં હિસ્સો ઘટે.

સરકારે આ ચિંતાને ધ્યાનમાં લઈને સ્પષ્ટ કર્યું છે કે ૨૦૧૧ની વસ્તી ગણતરી બંધનકર્તા નહીં રહે. તેના બદલે તમામ રાજ્યોને સમાન રીતે ૫૦ ટકા વધારો આપવામાં આવશે, જેથી કોઈ રાજ્યને નુકસાન ન થાય. આ નિર્ણય દક્ષિણી

(અનુ. આઠમા પાને)

### ક્યા રાજ્યની કેટલી સીટો વધશે?

| રાજ્ય | હાલની સીટ | કુલ કેટલી સીટ થશે | કેટલી સીટ વધશે | રાજ્ય | હાલની સીટ | કુલ કેટલી સીટ થશે | કેટલી સીટ વધશે |
|---|---|---|---|---|---|---|---|
| ઉત્તરપ્રદેશ | ૮૦ | ૧૨૦ | ૪૦ | કર્ણાટક | ૨૮ | ૪૨ | ૧૪ |
| મહારાષ્ટ્ર | ૪૮ | ૭૨ | ૨૪ | ગુજરાત | ૨૬ | ૩૯ | ૧૩ |
| પશ્ચિમ બંગાળ | ૪૨ | ૬૩ | ૨૧ | આંધ્રપ્રદેશ | ૨૫ | ૩૮ | ૧૩ |
| બિહાર | ૪૦ | ૬૦ | ૨૦ | રાજસ્થાન | ૨૫ | ૩૮ | ૧૩ |
| તમિલનાડુ | ૩૯ | ૫૯ | ૨૦ | ઓડિસા | ૨૧ | ૩૨ | ૧૧ |
| મધ્યપ્રદેશ | ૨૯ | ૪૪ | ૧૫ | કેરળ | ૨૦ | 30 | ૧૦ |

### સરકાર ૩ બિલો રજૂ કરશે, ૧૮ કલાક ચર્ચા થશે

સરકારે ગુરુવારે લોકસભામાં ત્રણ બિલો રજૂ કરવાની યોજના બનાવી છે. આ ત્રણ બિલમાં બંધારણ (૧૩૧મો સુધારો) બિલ, ૨૦૨૬, સીમાંકન બિલ અને કેન્દ્રશાસિત પ્રદેશ કાયદો (સુધારા) બિલનો સમાવેશ થાય છે. કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલ પહેલા બે બિલ રજૂ કરશે, જ્યારે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ત્રીજું બિલ રજૂ કરશે. લોકસભાની બિઝનેસ સલાહકાર સમિતિએ ચર્ચા માટે ૧૮ કલાકનો સમય ફાળવ્યો છે, જે શુક્રવાર સુધી ચાલી શકે છે. લોકસભામાં પસાર થયા પછી રાજ્યસભામાં આ બિલો રજૂ કરાશે.

# રિલાયન્સ કંપનીના પૂર્વ વાઈસ પ્રેસિડન્ટ અમિતાભ ઝુનઝુનવાલાની ધરપકડ કરતું ઈડી

### રિલાયન્સ હોમ ફાઈનાન્સ લિમિટેડના લોન છેતરપિંડી મામલે ધરપકડ કરાય

**અબતક, રાજકોટ**

કેન્દ્રીય એજન્સી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ અનિલ અંબાણી પર ગાળિયો કસ્યો છે.ઈડીએ રિલાયન્સ ગ્રુપના ૨ પૂર્વ વરિષ્ઠ અધિકારીઓ અમિતાભ ઝુનઝુનવાલા અને અમિત બાપનાની ધરપકડ કરી છે. અધિકારીઓના અનુસાર, આ બંને અનિલ અંબાણીના નજીકના સહયોગી છે. ઈડીએ કાર્યવાહી રિલાયન્સ હોમ ફાઈનાન્સ લિમિટેડ અને રિલાયન્સ હોમ ફાઈનાન્સ લિમિટેડ લોન છેતરપિંડી મામલે કરી છે. અધિકારીઓએ આ અંગે માહિતી આપી છે.

અધિકારીઓએ જણાવ્યું કે, પૂછપરછ બાદ ઝુનઝુનવાલાને પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ કસ્ટડીમાં લીધા. તેમણે



(અનુ. આઠમા પાને)

# અન્ય વાહનો પર વપરાતા ફાસ્ટેગ બ્લોક કરવા બેંકોને નેશનલ હાઈવેના આદેશ

### ખોટા વાહન નંબર ધરાવતા ફાસ્ટેગ થશે બ્લેકલિસ્ટ

**અબતક, નવી દિલ્હી**

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા ફાસ્ટેગ સિસ્ટમમાં પારદર્શિતા લાવવા અને છેતરપિંડી રોકવા માટે એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. નેશનલ હાઈવે ઓથોરિટીએ તમામ ફાસ્ટેગ ઈશ્યુ કરતી બેંકોને કડક સૂચના આપી છે કે તેઓ તેમના દ્વારા જારી કરવામાં આવેલા સ્માર્ટ ટેગ સાથે જોડાયેલા વાહન રજીસ્ટ્રેશન નંબર ની તાત્કાલિક ચકાસણી કરે.

નેશનલ હાઈવે ઓથોરિટીના આદેશ મુજબ, જે ફાસ્ટેગ ખોટા અથવા અમાન્ય વાહન નંબર સાથે જોડાયેલા જોવા મળશે, તેમને તાત્કાલિક અસરથી બ્લેકલિસ્ટ કરવામાં આવશે. આ પગલું લેવા પાછળનું મુખ્ય કારણ એ છે કે ટોલ પ્લાઝા પર રીડર દ્વારા સ્કેન થતો નંબર અને વાહનની નંબર પ્લેટ પરનો નંબર અલગ-અલગ હોવાની અનેક ફરિયાદો મળી હતી. વાહન અને ટેગના નંબર અલગ હોવાને કારણે સરકારી આવકમાં નુકસાન થવાની ભીતિ રહે છે.આ પ્રકારની વિસંગતતા મોટર વ્હીકલ એક્ટ હેઠળ દંડનીય ગુનો બને છે અને સુરક્ષા એજન્સીઓ માટે પણ પડકાર ઊભો કરે છે.ઓથોરિટીના જણાવ્યા અનુસાર, મોટાભાગની સમસ્યાઓ એવા ફાસ્ટેગમાં જોવા મળી છે જે 'વાહન' ડેટાબેઝ સાથે લિંક થયા પહેલા ઈશ્યુ કરવામાં આવ્યા હતા.





જો તમારા વાહનનો ફાસ્ટેગ નંબર અને ગાડીનો નંબર મેચ નથી થતો, તો બેંક દ્વારા તમારો ટેગ ગમે ત્યારે બંધ થઈ શકે છે. વાહન ચાલકોએ વહેલી તકે પોતાનું KYC અને વાહન વિગતો અપડેટ કરાવી લેવી હિતાવહ છે. આ સમસ્યા ખાસ કરીને એવા જૂના ફાસ્ટેગમાં વધુ જોવા મળે છે જે 'વાહન' ડેટાબેઝના ઈન્ટિગ્રેશન પહેલા ઈશ્યુ કરવામાં આવ્યા હતા. તે સમયે વિગતોની ચકાસણી અત્યાર જેટલી કડક નહોતી, જેનો લાભ લઈને કેટલાક લોકો ટેક્સ બચાવવા અથવા અન્ય હેતુઓ માટે ખોટા ક્લાસના ટેગનો ઉપયોગ કરતા હતા. હવે જ્યારે સરકાર ડિજિટલ અમલીકરણ પર ભાર મૂકી રહી છે, ત્યારે મોટર વ્હીકલ એક્ટની જોગવાઈઓ હેઠળ આવા વાહનચાલકો સામે દંડનીય કાર્યવાહી પણ થઈ શકે છે. ઓથોરિટીના આ આદેશનો હેતુ ટોલ કલેક્શન સિસ્ટમને સંપૂર્ણપણે પારદર્શક બનાવવાનો અને 'વન વ્હીકલ, વન ફાસ્ટેગ'ના નિયમનું ચુસ્તપણે પાલન કરાવવાનો છે, જેથી ટોલ નાકા પર થતી છેતરપિંડી અને ટેક્સની ચોરી અટકાવી શકાય.

# સરકારી તો ઠીક ખાનગી સંસ્થાઓમાં પણ ભ્રષ્ટાચાર ચરમસીમાએ!

## ભારત જી-૨૦માં એકમાત્ર એવો દેશ છે જ્યાં ખાનગી ક્ષેત્રના ભ્રષ્ટાચાર સામે કોઈ ફોજદારી કાયદો નથી, દર વર્ષે ૧.૫ લાખ કરોડથી વધુનું નુકસાન

**અબતક, નવી દિલ્હી**

ભારતમાં ટોચની ૧૦૦૦ લિસ્ટેડ કંપનીઓ દર વર્ષે સેબી સમક્ષ તેમના બિઝનેસ રિસ્પોન્સિબિલિટી એન્ડ સસ્ટેનેબિલિટી રિપોર્ટ્સ રજૂ કરે છે. આ રિપોર્ટમાં કંપનીઓએ લાંચ અને ભ્રષ્ટાચાર માટે લેવાયેલા પગલાંની માહિતી આપવાની હોય છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે મોટાભાગની કંપનીઓ આ કોલમમાં કોઈ જ માહિતી દર્શાવતી નથી અને રિપોર્ટ શૂન્ય આવે છે. આનું મુખ્ય કારણ એ છે કે ભારતના કાયદા મુજબ પ્રાઈવેટ-ટુ-પ્રાઈવેટ લાંચ લેવી એ ફોજદારી ગુનો નથી, જેના કારણે કાયદાના અભાવે કંપનીઓ પાસે રિપોર્ટ કરવા માટે કંઈ હોતું જ નથી.

આ એક એવો ગવર્નન્સ બ્લાઈન્ડ સ્પોટ છે જેના વિશે ભાગ્યે જ કોઈ વાત કરે છે. જ્યારે કોઈ વેન્ડર પ્રાઈવેટ કંપનીના મેનેજરને કિકબેક આપે છે અથવા સેલ્સ એક્ઝિક્યુટિવ ઓર્ડર મેળવવા માટે અંગત ખાતામાં ફંડ મેળવે છે, ત્યારે ભારતીય કાયદા હેઠળ કોઈ ગુનો બનતો નથી. પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ ૧૯૮૮ માત્ર સરકારી કર્મચારીઓને લગતા વ્યવહારો પર જ લાગુ પડે છે. આ ખાનગી ભ્રષ્ટાચારને કારણે પ્રોજેક્ટ ખર્ચ વધે છે અને કંપનીઓના માર્જિનમાં ઘટાડો થાય છે, છતાં તે કાયદાની નજરમાં સંપૂર્ણપણે અદ્રશ્ય છે.

આ સમસ્યાનું પ્રમાણ ખૂબ જ ચોંકાવનારું છે. ઈન્ડિયા બિઝનેસ કરપ્શન સર્વે ૨૦૨૪ મુજબ,



(અનુ. આઠમા પાને)

# આંધ્રના કુર્નુલમાં ટેન્કર બોલેરો સાથે અથડાતા આઠના મોત, ૧૦ ગંભીર

**અબતક, રાજકોટ**

આંધ્ર પ્રદેશમાં એક ભયંકર અકસ્માત સર્જાયો છે. કુરનૂલમાં બે વાહનો વચ્ચે આ અકસ્માત સર્જાયો તેમાં ૮ લોકોનું ઘટના સ્થળે જ મોત થઈ ગયું હતું. આ સાથે ૧૦થી ૧૨ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાથી તેમને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યાં છે. આ દર્દીઓને એમ્મિગાનુર હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યાં છે. આ તમામ મૃતકો કર્ણાટકના હોવાનું પણ જાણવા મળ્યાં છે. કર્ણાટકથી તીર્થયાત્રાએ જઈ રહેલા યાત્રીઓ ચિકમંગલુર વિસ્તારના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે.

અકસ્માતની આ ઘટના અંગે વિગતો આપતા કુરનૂલ પોલીસ અધિકારીએ જણાવ્યું કે, ચિલકાલાડોના પાસે એક બોલેરો અને લોરી વચ્ચે ભયાનક ટક્કર થઈ હતી, જેમાં ૧૦થી ૧૨ લોકો ઘાયલ થયા છે, જ્યારે ૮ લોકોનું જ મોત થઈ ગયું છે. પોલીસના જણાવ્યાં પ્રમાણે એક બોલેરો રેડી-મિક્સ લોરી સાથે સામસામે અથડાઈ હતી. જેમાં પાંચ લોકોનું ઘટના સ્થળે જ મોત થયું હતું, જ્યારે ત્રણ લોકોનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થઈ ગયું હતું. ઘાયલોની અત્યારે સારવાર કરવામાં આવી રહી છે.

સૂત્રો દ્વારા એવું જાણવા મળ્યું છે કે, પીડિતો કર્ણાટકના ચિકમંગલુર જિલ્લાના યાત્રાળુઓ હતા, જેઓ શ્રી રાઘવેન્દ્ર સ્વામીના આશીર્વાદ મેળવવા માટે મંત્રાલયમ

(અનુ. આઠમા પાને)

## આજે હાથી બચાવ જાગૃતિ દિવસઃ એક પગલું હાથી માટે, એક મોટું પગલું પર્યાવરણ માટે

# હાથીના દાંત પાછળ છુપાયેલું લોહીયાળ સત્યઃ દર ૩૦ મિનિટે એક હાથીનો શિકાર


### હાલમાં આફ્રિકા અને એશિયામાં હાથીની ત્રણ પ્રજાતિઓ ફેલાયેલી છેઃ આફ્રિકન બુશ હાથી, આફ્રિકન ફોરેસ્ટ હાથી અને એશિયન હાથીઃ વિશ્વમાં હાથીઓની સંખ્યા સતત ઘટી રહી છે, આજે વિશ્વમાં આફ્રિકન હાથીઓની સંખ્યા લગભગ ૪,૧૫૦૦૦ જેટલી છે, જ્યારે એશિયન હાથીઓ માત્ર ૪૦ થી ૫૦ હજાર જેટલા બાકી રહ્યા છે

બાળથી મોટેરા સૌને ગમતું પ્રાણી એટલે હાથી આપણી બાળ વાર્તામાં ગીતોમાં હાથીભાઈની વાતો ખુબ જ જોવા મળે છે. ફિલ્મો અને સરકસમાં તે વિવિધ કરતબ બતાવતા જોવા મળે છે. હાથી એક મોટું સ્થૂળ શરીરનું સૂંઢ વાળું પ્રાણી છે. પૃથ્વી પરનું સૌથી કદાવર અને મોટું પ્રાણી છે. તેનું શરીર ગોળાકાર અને જાડું હોવા છતાં તે બહુ જ ચપળ હોય છે. મોટા ભાગે તેનો વ્યવહાર શાંત હોય છે. તેની ઉંચાઇ ૧૦ થી ૧૨ ફૂટની હોય છે. તેની લાંબી સૂંઢ જાડા પગ, ટુંકી પૂંછડી અને લાંબી સૂંઢને કારણે બાળકોને બહુ જ ગમે છે. હાથીના આગળ બે દંતશૂળ મોટાને કિંમતી હોય છે. આજે સમગ્ર વિશ્વમાં તેના બચાવની જાગૃતિનો દિવસ ઉજવાય રહ્યો છે. હાથી જંગલની શાન છે, તેની સુરક્ષા આપણી જવાબદારી છે. તે પૃથ્વી ઉપર જીવતા રહેશે તો જંગલ બચશે અને આપણું જીવન પણ બચશે. એક પગલું હાથી માટે, એક મોટું પગલું પર્યાવરણ માટે. આફ્રિકા અને એશિયામાં હાથીઓની ત્રણ અલગ અલગ પ્રજાતિઓ હોવા છતાં, શિકાર સહિત વિવિધ કારણોસર તેમની વસ્તી સતત ઘટી રહી છે. જો કે, હાથીઓ તેમના સ્થાનિક ઈકોસિસ્ટમ માટે મહત્વપૂર્ણ છે કારણ કે તેઓ નવા પાણીના ખાડા ખોદે છે, બીજ ફેલાવે છે અને ઘણી છોડ અને વૃક્ષોની પ્રજાતિઓના પ્રજનનને સરળ બનાવે છે. જયારે માનવ ઈતિહાસમાં હાથીઓને આદરણીય માનવામાં આવે છે, ત્યારે તેઓ હજુ પણ ઘણા દેશોમાં દુર્વ્યવહાર અને શોષણનો ભોગ બને છે. દર ૩૦ મિનિટે એક આફ્રિકન હાથીને તેના દાંત માટે મારી નાખવામાં આવે છે. આ ઉપરાંત, વધતા શહેરીકરણ અને પાક અંગે માનવો સાથેના સંઘર્ષને કારણે તેઓ રહેઠાણના નુકસાન અને વિભાજનનો ભોગ બને છે. આજેના દિવસના મુખ્ય ઉદ્દેશ હાથીઓના



સંરક્ષણ માટે જાગૃતિ ફેલાવવાનો છે. વિશ્વમાં હાથીઓની સંખ્યા સતત ઘટી રહી છે. અંદાજે વિશ્વમાં આફ્રિકન હાથીઓની સંખ્યા લગભગ ૪,૧૫૦૦૦ જેટલી છે, જ્યારે એશિયન હાથીઓ માત્ર ૪૦ થી ૫૦ હજાર જેટલા બાકી રહ્યા છે. શિકાર, નિવાસસ્થાનનો નાશ અને માનવ-હાથી સંઘર્ષ તેમના અસ્તિત્વ માટે મોટા ખતરારૂપ છે. ખાસ કરીને દાંત માટે દર વર્ષે હજારો હાથીઓનો શિકાર થાય છે. ભારતમાં એશિયન હાથીઓની સૌથી મોટી વસતિ જોવા મળે છે. ભારતમાં છેલ્લી હાથી ગણતરી મુજબ, દેશમાં લગભગ ૨૭,૧૩૨ હાથીઓ નોંધાયા હતા, જે વિશ્વની એશિયન હાથી વસ્તીના લગભગ ૬૦% જેટલા છે. ભારત સરકારે પ્રોજેક્ટ એલિફન્ટ૧૯૯૨ જેવી યોજનાઓ દ્વારા તેમના સંરક્ષણ માટે મહત્વપૂર્ણ પગલાં લીધાં છે.

હાથીઓ પર્યાવરણના કીસ્ટોન સ્પીસિઝ તરીકે ઓળખાય છે, કારણ કે તેઓ જંગલના પર્યાવરણીય સંતુલન જાળવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેથી, હાથીઓનું સંરક્ષણ માત્ર એક પ્રજાતિ નહીં પરંતુ સમગ્ર પર્યાવરણના સંરક્ષણ માટે અત્યંત આવશ્યક છે. હાથી પૃથ્વી પરનું સૌથી મોટું સ્થળચર પ્રાણી છે અને તેને 'કીસ્ટોન સ્પીસીઝ' કહેવામાં આવે છે, કારણ કે જંગલનું ઈકોસિસ્ટમ જાળવવામાં તેનો મોટો ફાળો છે. એક પુખ્ત આફ્રિકન હાથી રોજ ૧૫૦થી ૩૦૦ કિલો વનસ્પતિ અને ૧૦૦થી ૨૦૦ લિટર પાણી પીવે છે. હાથીના ટોળાનું નેતૃત્વ સૌથી વૃદ્ધ માદા હાથણી કરે છે, જેને 'મેટ્રિઆર્ક' કહે છે. હાથીઓ અત્યંત લાગણીશીલ પ્રાણી છે. તેઓ મૃત સાથી માટે શોક




વ્યક્ત કરે છે, બચ્ચાંને સામૂહિક રીતે ઉછેરે છે અને માણસની જેમ આનંદમાં કિલકારી પણ કરે છે. તેમની સૂંઢમાં ૪૦હજારથી વધુ સ્નાયુઓ હોય છે, જેનાથી તે સોય જેવી નાની વસ્તુ ઉપાડવાથી લઈને ૩૫૦ કિલો વજન ખેંચી શકે છે.

જાણી-અજાણી વાતોની વાત કરીએ તો હાથીના કાન માત્ર સાંભળવા માટે નથી. આફ્રિકન હાથીના મોટા કાન શરીરનું તાપમાન નિયંત્રિત કરવા રેડિએટરનું કામ કરે છે. હાથી 'ઈન્ફ્રાસાઉન્ડ' એટલે કે ૨૦ હર્ટ્ઝથી ઓછી આવૃત્તિના અવાજથી ૧૦ કિમી દૂર સુધી એકબીજા સાથે વાતચીત કરી શકે છે, જે માનવ કાન સાંભળી શકતા નથી. તેમની યાદશક્તિ અદ્ભુત હોય છે. તેઓ વર્ષો જૂના પાણીના સ્ત્રોતનો રસ્તો અને મિત્ર-શત્રુના ચહેરા યાદ રાખી શકે છે. રસપ્રદ વાત એ છે કે હાથી દિવસમાં માત્ર બે થી ચાર કલાક જ ઊંઘે છે, અને તે પણ મોટાભાગે ઊભા રહીને. હાલ વિશ્વમાં હાથીઓની ત્રણ જાતિ બચી છે, આફ્રિકન સવાના, આફ્રિકન વન અને એશિયન હાથી. IUCN મુજબ એશિયન હાથી 'એન્ડેન્જર્ડ' છે. હાથીદાંતની દાણચોરી અને જંગલોનું ઘટતું ક્ષેત્ર તેમના અસ્તિત્વ માટે સૌથી મોટો ખતરો છે, તેથી તેમનું રક્ષણ કરવું એ આપણી સહિયારી જવાબદારી છે.

જંગલમાં લાગણીશીલ, બુદ્ધિશાળી અને સુંદર હાથીઓની વસ્તી દુઃખદ રીતે વિવિધ જોખમોને કારણે ઝડપથી ઘટી રહી છે, કદાચ સૌથી નોંધપાત્ર રીતે શિકારને કારણે સેવ ''ધ એલિફન્ટ ડે'' નો ઉદ્દેશ્ય લોકોને હાથીઓ અને તેમની મુશ્કેલીઓ વિશે શિક્ષિત કરીને, દરેકને પોતાનું કામ કરવા અને તેમને લુપ્ત થવાથી બચાવવા માટે પ્રોત્સાહિત કરીને આ ચિંતાજનક વલણને બદલવાનો છે. તેમના વિશાળ કદ અને અત્યંત કુથડ દ્વારા વર્ગીકૃત થયેલ છે. તેઓ આનંદ, ગુસ્સો અને દુઃખ જેવી વિવિધ લાગણીઓ પ્રદર્શિત કરે છે અને જટિલ સામાજિક માળખામાં રહે છે.માદા અને તેના બચ્ચા માટે માતૃસત્તાક ટોળા અને નર હાથી માટે એકાંત જીવનશૈલી કે બેચલર ટોળા હોય છે. લાંબા અંતર સુધી ભૂકંપના સ્પંદનો ઉત્પન્ન કરે છે અને સ્પર્શ દ્વારા એકબીજાનું સ્વાગત કરે છે. તેમના પ્રભાવશાળી થડ તેમને ગંધની ઉત્તમ ભાવના, તરતી વખતે ઉપયોગી સ્નોર્કલ અને એક નાજુક નટક્રેકર પણ પ્રદાન કરે છે. હાથીની મુખ્ય બે પ્રજાતિમાં આફ્રિકી હાથી ઉંચાઇ ૩ થી ૪ મીટર અને વજન ૮૦૦૦ કિલોગ્રામ જેવું હોય છે. જ્યારે એશિયન હાથી ૩.૫ મીટરનો અને ૫૫૦૦ કિલો વજનનો હોય છે. માનવ સંસ્કૃતિમાં પણ તેમનું લાંબા સમયથી મૂલ્ય રહ્યું છે, તેમની શાણપણ, શક્તિ અને મિલનસાર સ્વભાવ માટે પ્રશંસા કરવામાં આવી છે. વધુમાં, હાથીઓને સામાન્ય રીતે સ્થાપત્યમાં દર્શાવવામાં આવ્યા છે, પછી ભલે તે ગુફાની દિવાલો પર કોતરણી હોય, બૌદ્ધ મંદિરોમાં શિલ્પો હોય કે ગોથિક ચર્ચ પર પથ્થરની કોતરણી હોય.આ મનોહર જીવોને વિવિધ વિશ્વ ધર્મોમાં પણ પૂજનીય માનવામાં આવે છે, જેમને પૂર્વજોના આત્માઓ કહે છે અને ઉદાહરણ તરીકે, ગર્જના અને વીજળી સાથે જોડાયેલા માનવામાં આવે છે. કદાચ સૌથી જાણીતું ઉદાહરણ હિન્દુ દેવ ગણેશ છે, જેમને હાથીનું માથું ધરાવતા તરીકે દર્શાવવામાં આવ્યું છે.એશિયામાં હાથીઓનો ઉપયોગ ઘણીવાર કામ કરતા પ્રાણીઓ તરીકે થાય છે, લોકો બાંધકામ પ્રોજેક્ટ્સમાં ભારે ભાર વહન કરવા કે પરિવહનનું સાધન પૂરું પાડવા માટે તેમની અદ્ભુત શક્તિનો ઉપયોગ કરે છે. પ્રાચીન સમયમાં પણ વિવિધ યુદ્ધોમાં તેનો ઉપયોગ થતો હતો. હાથીઓની વસ્તી ઘટાડાનું મુખ્ય કારણ હાથી દાંતનો વેપાર છે , જોકે

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

૧૯૮૦ ના દાયકાના અંતથી તેના પર મોટાભાગે પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોવા છતાં આજે ગેરકાયદેસર શિકાર ચાલુ છે. હાથીઓ માટેના અન્ય ખતરાઓમાં રહેઠાણનું નુકસાન અને વિભાજનનો સમાવેશ થાય છે, જે સામાન્ય રીતે વધતા શહેરીકરણને કારણે થાય છે, અને પાક અંગે માનવીઓ સાથેના સંઘર્ષો પણ છે. કેદમાં રાખવામાં આવેલા અને ઉપેક્ષિત હાથીઓ સાથે દુર્વ્યવહાર કરવામાં આવ્યો હોવાના અસંખ્ય કિસ્સાઓ પણ છે. આફ્રિકન હાથીઓ લગભગ આખા આફ્રિકામાં જોવા મળે છે. નબીબીયા, સેનેગલ, કેન્યા, ઝિમ્બાબ્વે, કોંગો, સુદાન, ઝામ્બીયા, સોમાલિયા જેવા વિવિધ જગ્યાએ જંગલોમાં જોવા મળે છે. એશિયાઈ હાથી ભારતમાં ઉત્તર-પૂર્વ દક્ષિણમાં થાઈલેન્ડ, ચીન, શ્રીલંકાના ટાપુ પર, મ્યાનમાર, લાઓસ, વિયેટનામ અને મલેશિયામાં રહે છે.

### હાથીના વિવિધ નામો

હાથીને માતંગ, સારંગ, વારણ, હસ્ત, કરી, દંતી, શુંડાલ, ગયંદ, કુંજર, ઈભ, સિંધુર, દ્વિરદ, વ્પાલ, કુંભી અને દ્વિપ જેવા નામોથી પણ ઓળખાય છે. હાથીના આઠ પ્રકારોમાં એરાવત, પુંડરીક, વામન, કુમુદ, અંજન, પુષ્પદંત, સાર્વભૌમ, સુપ્રીતક નો સમાવેશ થાય છે. હાથીને શણગાર માટે અલગ અલગ સાજ સાથે અંબાડી ઉપર મુકવામાં આવે છે. રાજા-રજવાડા યુધ્ધોમાં તેનો ઉપયોગ કરતા આજે પણ લગ્ન પ્રસંગે લોકો હાથીની અંબાડી ઉપર બેસીને પણ આવે છે.

### શિકાર, નિવાસસ્થાનનો નાશ અને માનવ-હાથી સંઘર્ષ તેમના અસ્તિત્વ માટે ખતરારૂપ છે, ખાસ કરીને દાંત માટે દર વર્ષે હજારો હાથીઓનો શિકાર થાય છેઃ માનવ ઈતિહાસમાં હાથીઓને આદરણીય માનવામાં આવે છે, ત્યારે તેઓ હજુ પણ ઘણા દેશોમાં દુર્વ્યવહાર અને શોષણનો ભોગ બને છે

# મોબાઈલ ફાસ્ટની જેમ હોર્ન ન મારવાનો ઉપવાસ કરવાની જરૂર

### ખોરાક વગરના ઉપવાસ જરૂરી છે તેમ મોબાઈલ ઉપવાસ અને હોર્ન ન મારવાના ઉપવાસની ખૂબ જ જરૂર છે

**અબતક, રાજકોટ**

આપણા દેશમાં નોઈઝ પોલ્યુશનનું પ્રમાણ ઉચ્ચ સ્તરે જોવા મળી રહ્યું છે. નોઈઝ પોલ્યુશન (ધ્વની પ્રદૂષણ) પર કોઈ પ્રકારનો કંટ્રોલ નથી. અમુક જગ્યાએ જેમ કે હોસ્પિટલ,કોર્ટ અને સ્કૂલ પાસે હોર્ન વગાડવાની સખત મનાઈ હોવા છતાં આ કાયદાનો અમલ થતો જોવા મળતો નથી.ઉપરાંત જાહેર માર્ગો પર તો હોર્ન વગાડવાની જાણે હોડ મચી હોય તેવા દ્રશ્યો જોવા મળતા હોય છે અને ખાસ કરીને ટ્રાફિક સિગ્નલો પરતો જાણે હોર્ન વગાડવાની કેમ જાણે હરીફાઈ ચાલી રહી હોય તેવું વાતાવરણ જોવા મળે છે.

આને લગતા ઘણા બધા કાયદાઓ પણ છે. જેનું મોનિટરિંગ સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રૂલ્સ એટલે કે સી.એમ.વી.આર કરે છે. મુખ્યત્વે ૧૦૦ ડિબી થી વધુ હોર્ન વગાડવાની મનાઈ છે. એક જ પ્રકારના ટોન વાળા હોર્નની જ મંજૂરી હોય છે.મલ્ટી ટોન અને મ્યુઝિકલ હોન વગાડવાની મનાઈ હોય છે. હોન નો ઉપયોગ ફક્ત વોર્નિંગ માટે જ કરવાનો હોય છે. આ કાયદાના ભંગ બદલ ₹૧૦,૦૦૦ સુધીનો દંડ કરવાની પણ જોગવાઈ છે. તેમ છતાં આ જોગવાઈ હેઠળ કેટલા લોકો દંડને પાત્ર થયા છે,તે જાણવું પણ ખૂબ જ જરૂરી છે.જુદી-જુદી જાતના હોર્ન લગાડવા ની પણ એક ફેશન થઈ ગઈ છે. વિદેશોમાં આપણે જ્યારે જઈએ છીએ ત્યારે હોર્ન નો ઉપયોગ ખૂબ જ નહીંવત - ઓછો કે - થતો જ નથી,તેમ કહીએ તો ચાલે.તે પ્રકારનું વાતાવરણ રસ્તા ઉપર જોવા મળે છે



પરંતુ આપણા દેશમાં આ પ્રદૂષણ એટલું બધું ફેલાયું છે કે જેને કંટ્રોલ કરવો અશક્ય બરાબર જ છે.ટ્રાફિક સમસ્યા પણ દિવસે દિવસે વધી રહી છે. આડેધડ પાર્કિંગ,પાર્કિંગ પ્લેસમાં દબાણ અને રસ્તા ઉપર થતા લારી-ગલ્લાવાળાના દબાણને કારણે વાહન ચલાવવા માટે ખૂબ જ ઓછી જગ્યા રહેતા, પરિસ્થિતિ એવી થાય છે કે વાહન ચાલકો પણ મુશ્કેલીમાં મુકાઈ છે.આવા સમયે ટ્રાફિક જામની સ્થિતિમાં તો હોર્નનું પ્રમાણ અતિશય જોવા મળે છે.વધતા જતા વાહનો, ટ્રાફિક સેન્સની અછત, રસ્તાઓ પરના દબાણોના કારણે નોઈઝ પોલ્યુશન વધી રહ્યું છે. આના પર કંટ્રોલ કરવો ખૂબ જ જરૂરી છે.જે લોકો વિદેશથી અહીંયા આવે છે તે લોકો આ બધું જોઈને આપણી ખરાબ છાપ લઈને જઈ રહ્યા છે.

આ સમસ્યાનો ઉકેલ ફક્ત દરેક વ્યક્તિ મનોમન નક્કી કરે કે બીન જરૂરી હોર્ન ન મારવા. તો એવું બને કે ૫૦% હો નો ઉપયોગ ઘટી જાય અને કોઈ વ્યક્તિ એવું નક્કી કરે કે શક્ય હોય તેટલા હોર્ન માર્યા વગર જ આજે વાહન ચલાવવું છે. ભલે શરૂઆતમાં તકલીફ પડે, પરંતુ ધીમે-ધીમે પરિસ્થિતિ સુધરી શકે.ફક્ત નક્કી એ કરવાનું છે કે જ્યાં અત્યંત જરૂરી છે ત્યાં જ હું હોર્ન નો ઉપયોગ કરીશ.તો પરિસ્થિતિમાં ઘણો ફેરફાર જોવા મળે. અત્યારે તો ૨૪ કલાક રસ્તાઓ પર આપણને અનેક પ્રકારના હોર્ન વાગતા સાંભળવા મળે છે અને ખાસ કરીને ખૂબ જ આપણી નજીક કોઈ વાહન લાવીને હોર્ન વગાડે ત્યારે આપણને ગુસ્સો પણ આવતો હોય છે.રહેણાંક વિસ્તારમાં પણ જ્યારે આવા વાહન ચાલકો કે જેઓ રસ્તા પર રહેતા લોકો, વડીલો અને દર્દીઓની પરવા કર્યા વગર વિના કારણે જ્યારે હોર્ન વગાડે છે.ત્યારે પરિસ્થિતિ વધારે ખરાબ થાય છે.આ પ્રદૂષણ પર તાત્કાલિક અંકુશ કરવાની જરૂર છે.

અનેક દેશોમાં આપણા જેટલા હોર્ન તો ઠીક પણ બહુ જ જરૂરી હોય ત્યારે હોર્ન મારતા લોકો જોવા મળે છે અને નોઈઝ પોલ્યુશન આપણને ઝીરો જોવા મળે છે. તો જેમ આપણે એક-બે દિવસ કંઈ પણ ખાધા-પીધા વગર ઉપવાસ કરીએ છીએ અથવા તો પ્રવાહી પીને ઉપવાસ કરીએ છીએ અને આપણા શરીરને ફાયદો થતો હોય છે. તેમજ મોબાઈલ ઉપવાસ ની પણ શરૂઆત થઈ છે કે જેનાથી આપણો સ્ક્રીન ટાઈમ ઘટે,આંખોને ફાયદો થાય અને મગજમાં જેવા તેવા વિચારો અને ઘટનાઓ ન ઘૂસે. એવી જ રીતે જો હોર્ન ન મારવાના ઉપવાસ શરૂ કરવામાં આવે તો ૧૦૦% વાયુ પ્રદુષણ ઘટે.જેથી આપણા દેશની છાપ બીજા દેશોમાંથી આવતા લોકો સારી લઈને જાય અને દેશના લોકોને પણ વાયુ પ્રદુષણથી રાહત થાય.

**લેખકઃ પરેશભાઈ વાઘાણી**



## દ્વારકા જગત મંદિરમાં ઠાકોરજીને કુંડલા ભોગ મનોરથ

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજીના ભાવિક ભકત પરિવાર દ્વારા વારાદાર પૂજારીના સૌજન્યથી સાંજે ઉત્થાપન દર્શન સમયે કુંડલા ભોગ મનોરથ યોજવામાં આવ્યો હતો. બુધવારના લીલા વાઘા સાથેના દૈદિપ્યમાન શૃંગાર સાથેના દિવ્ય મનોરથ દર્શન તથા મનોરથ આરતીનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોએ લાભ લીધો હતો. આ ઉપરાંત ઓનલાઈનના વિવિધ માધ્યમોથી દેશ વિદેશના લાખો કૃષ્ણભકતોએ નિહાળી ભાવવિભોર બન્યા હતા.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૬-૦૪-૨૦૨૬ ગુરુવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (જય માતાજી લેટ્સ રોક)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રસ મલાઈ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.ફાલ્ગુની સુરેજા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (આ કોકિલાનું કંઈક કરો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૭-૦૪-૨૦૨૬ શુક્રવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ



## અબતક પંચાગ

**તા.૧૭-૪ -૨૦૨૬ શુક્રવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિઃ** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ચૈત્ર વદ અમાસ દર્શઅમાસ
**નક્ષત્ર** રેવતી
**યોગ** વૈધૃતિ **કરણઃ** ચતુષ્પાદ
**સુર્યોદય** ૬.૨૭ **સુર્યાસ્તઃ** ૭.૦૭
**ચંદ્ર રાશી** મીન બપોરે ૧૨.૦૨થી મેષ
**રાશિ અક્ષર** દ.ચ.ઝ.થ/અ.લ.ઈ
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૧૦.૩૦ થી ૧૨
**દિવસનાચોઘડીયા** ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ
**રાત્રીનાચોઘડીયા** રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૨ થી ૧.૧૩

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૧૦૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | | ૬ | | | ૪ | | ૫ | |
| | | ૩ | | | | | ૧ | |
| | | | ૭ | | | | | |
| | ૯ | | | | ૫ | ૪ | | |
| | | | ૧ | | ૭ | | | |
| | | | | | ૯ | | | ૫ |
| | | ૧ | | | | | | ૩ |
| | ૬ | | | ૪ | | | | |
| | | | ૩ | ૨ | ૬ | ૭ | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૦૭ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૭ | ૩ | ૨ | ૬ | ૪ | ૧ | ૫ | ૯ |
| ૯ | ૧ | ૨ | ૫ | ૭ | ૩ | ૬ | ૪ | ૮ |
| ૫ | ૬ | ૪ | ૯ | ૮ | ૧ | ૨ | ૩ | ૭ |
| ૭ | ૪ | ૫ | ૧ | ૩ | ૨ | ૮ | ૯ | ૬ |
| ૨ | ૯ | ૮ | ૪ | ૫ | ૬ | ૭ | ૧ | ૩ |
| ૧ | ૩ | ૬ | ૭ | ૯ | ૮ | ૫ | ૨ | ૪ |
| ૬ | ૮ | ૯ | ૩ | ૨ | ૫ | ૪ | ૭ | ૧ |
| ૩ | ૨ | ૧ | ૮ | ૪ | ૭ | ૯ | ૬ | ૫ |
| ૪ | ૫ | ૭ | ૬ | ૧ | ૯ | ૩ | ૮ | ૨ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૭.૪.૨૦૨૬ શુક્રવાર, સંવંત ૨૦૮૨, ચૈત્ર વદ અમાસ, રેવતી નક્ષત્ર, વૈધ્રુતિ યોગ, નાગ કરણ આજે બપોરે ૧૨.૦૩ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ મીન (દ,ચ,ઝ,થ) ત્યારબાદ મેષ (અ,લ,ઈ) રહેશે**

**મેષ (અ,લ,ઈ) :** અંગત સંબંધોમાં સારું રહે, મનની વાત સારી રીતે વ્યક્ત કરી શકો, દિવસ લાગણી સભર રહે.
**વૃષભ (બ,વ,ઉ) :** તમારી જાત સાથે સંવાદ કરી શકો, મનોમંથન કરી શકો,મુશ્કેલીમાં થી માર્ગ મળે,મધ્યમ દિવસ.
**મિથુન (ક,છ,ઘ) :** કોઈ કોઈ કાર્યમાં રુકાવટ આવતી જણાય, અટકેલા કાર્ય માટે બુદ્ધિપૂર્વક કુનેહથી રસ્તા કાઢવા પડે.
**કર્ક (ડ,હ) :** નોકરિયાતવર્ગને સ્થિરતા પ્રાપ્ત થાય, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે સારો દિવસ,પ્રગતિ થાય.
**સિંહ (મ,ટ) :** તમારા કાર્યમાં અંતરાયો દૂર કરી આગળ વધી શકો, મિત્રોની મદદ મળી રહે, લોકોની પ્રશંશા મળે, શુભ દિન.
**કન્યા (પ,ઠ,ણ) :** અગાઉ કરતા માહોલ જુદો લાગે, ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, દિવસ એકંદરે સારો રહે.
**તુલા (ર,ત) :** દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, ભાગીદારીમાં કામ હોય તો સફળતા મળે.
**વૃશ્ચિક (ન,ય) :** કેટલીક બાબતોમાં મનમાં દ્વિધા રહ્યા કરે,ચોક્કસ નિર્ણય પર ના આવી શકો, કેટલીક બાબત છોડી ના શકો.
**ધન (ધ,ભ,ફ,ઢ) :** વિવાહયોગ્ય મિત્રો માટે શુભ સમય, સારી વાત આવી શકે છે, શુભ કાર્ય માટે સમય સાથ આપતો જણાય.
**મકર (ખ,જ) :** નવી વસ્તુની ખરીદી થાય,દિવસ આનંદ પ્રમોદ માં વીતે, જરૂરી ગેઝેટ્સ વસાવી શકો કે વ્યવસ્થા કરી શકો.
**કુંભ (ગ,સ,શ) :** સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને સારું રહે,નોકરિયાતને મડયં રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
**મીન (દ,ચ,ઝ,થ) :** સામાજિક કૌટુંબિક કાર્ય થાય, પરિવાર સાથે આનંદ માણી શકો, વાણી વિચારથી લોકો ને પ્રભાવિત કરી શકો.

## કેતુનું મઘા નક્ષત્રમાં આગમનઃ વૈશ્વિક પરિવર્તન અને પિતૃકૃપાનો અદભૂત સંયોગ!

તા.૨૦ એપ્રિલના રોજ કેતુ મહારાજ પોતાના જ નક્ષત્ર મઘા નક્ષત્રમાં પ્રવેશ કરશે. મઘા પિતૃ પણ દર્શાવે છે અને સિંહાસન પણ દર્શાવે છે સિંહ રાશિમાં આવતું હોય માન સન્માન યશ પ્રતિષ્ઠા પદ એને વ્હાલા છે સાથે સાથે તે એક મહત્વાકાંક્ષાથી આગળ વધે છે. કેતુ જયારે પોતાનાજ નક્ષત્રમાં આવે છે ત્યારે તેની પરિણામ આપવાની ક્ષમતા ખુબ વધી જાય છે અને તે પિતૃ તરફથી આવતા સંકેત તેજ કરી દે છે અને સ્વપનમાં કે અન્ય રીતે તેમનો સંદેશ આપે છે માટે આ સમયમાં પરિવારમાં ભોજન સમયે પિતૃવંદના કરવી જોઈએ અને વડીલોની આજ્ઞાથી કામ કરવા જોઈએ વળી કેતુનો અમલ લાલકિતાબ પર પણ છે માટે આ સમયમાં લાલકિતાબ મુજબ જન્મકુંડળીનો અભ્યાસ કરવો જોઈએ અને તે મુજબના પ્રયોગ કરવા જોઈએ તો સિંહાસનના આ નક્ષત્રમાં કેતુ આવવાથી સત્તામાં ઘણા ફેરફાર અને હુંસાતુંસી જોવા મળે ! આ સમય વૈશ્વિક રીતે ઘણો બદલાતો જોવા મળે. કેતુ એ યુનિવર્સના સંદેશ આપનાર છે અને અંતરિક્ષના ઘણા રહસ્યો ખોલી આપનાર છે આ સમયમાં તમને નજર લગતી હોય નકારાત્મક ઉર્જા આવતી હોય કે ઈર્ષ્યા થતી હોય તો કેતુનું રત્ન રીઅલ કેટ્સ આય યોગ્ય રીતે સિદ્ધ કરાવી ઘરની પૂજા માં રાખવું જોઈએ!



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

તંત્રી લેખ

# બિહારમાં અંતે "કમળ" ખિલ્યું

દેશના સૌથી મોટા રાજ્ય પૈકીના એક એવા બિહારમાં નીતિશ યુગનો અંત આવ્યો છે. ભાજપનું કમળ ખીલ્યું છે વધુ એક રાજ્યમાં ભાજપના સીએમ સત્તારૂઢ થયા છે. પ્રાદેશિક પક્ષોનું વર્ચસ્વ ઘટાડવાના ભાજપના ઈરાદા હવે સાકાર થવા માંડ્યા છે.

કેન્દ્રની એનડીએ સરકાર હાલ નીતિશકુમારની પાર્ટી જેડીયુના ટેકે ટકેલી છે. બિહાર વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ અને જેડીયુના ગઠબંધન ટૂંકમાં એનડીએને તોતીંગ બહુમતી મળી હતી. પોતાની પાસે વધુ બેઠક હોવા છતા ભાજપે કેન્દ્રના સમિકરણોને ધ્યાનમાં રાખી નીતિશકુમારને મુખ્યમંત્રી પદે બિરાજમાન થવાની તક આપી બિહારમાં ભાજપનો પગદંડો છે જ પણ તે એકલા હાથ સરકાર રચી શકે તેટલી ક્ષમતા નથી. જો બિહારના મુખ્યમંત્રી પદે ભાજપના કોઈ ધારાસભ્યને તક મળે તો આગામી પાંચ વર્ષમાં રાજ્યમાં કમળ એટલું મજબૂત બની શકે કે એકલા હાથ સરકાર બનાવી શકે. બિહારના મંત્રી નીતિન નબિનને ભાજપે રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા ત્યારથી એકવાત બહું સ્પષ્ટ થઈ ગઈ હતી કે બિહારમાં ભાજપ બહુ મોટો ખેલ પાડવાના મૂડમાં છે. રાજકારણમાં જેના પર ભરોસો કરવો તમામ રાજકીય પક્ષો માટે અઘરો છે તેવા નીતિશકુમારને ભાજપે બિહારના મુખ્યમંત્રીની ગાદી છોડવા રાજી કરી દીધા અને કેન્દ્ર સરકારમાં આવવા સમજાવી દીધા. ક્યાં સમિકરણોના આધારે નીતિશબાબુ માની ગયા તે હજી સુધી બહાર આવ્યું નથી. તેઓએ રાજ્યસભાના સભ્ય બની ચુક્યા છે અને ટૂંક સમયમાં કેન્દ્રીય કેબિનેટ મંત્રી પણ બનશે. તેમને કોઈ મોટું મંત્રાલય પણ આપવામાં આવશે તેમાં કોઈ જ શંકા નથી.

બિહારમાં ભાજપ માટે નવો જ સુર્યોદય થયો છે. સમ્રાટ ચૌધરી બિહારમાં ભાજપના પ્રથમ મુખ્યમંત્રી તરીકે સત્તારૂઢ થયા છે. વધુ એક રાજ્યમાં હવે "કમળ" ખિલ્યું છે. એક પછી એક રાજ્યમાં પ્રાદેશિક પક્ષોની તાકાત ઓછી કરી ભાજપ પોતાની તાકાત બમણી કરી રહ્યું છે. કોંગ્રેસ જેવી ભાજપની હાલત ભવિષ્યમાં ન થાય તે માટે અત્યારથી ફૂલ, પ્રૂફ પ્લાનીંગ કરવામાં આવી રહ્યું છે. રાષ્ટ્રીય અધ્યક્ષથી લઈ મંડલ પ્રમુખ સુધી યુવાઓને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પણ યુવાનોને વધુ ટિકિટ આપવામાં આવી છે. આ વાત જ પ્રસ્થાપિત કરે છે કે ભાજપ હવે ખૂબ જ ઝડપથી બીજી કેડર ઉભી કરવા ઈચ્છી રહ્યું છે. સ્થાનિક સ્વરાજ્યથી લઈ લોકસભાની ચૂંટણીમાં બીજી કેડર ઉભી કરવાના પ્રયાસો થઈ રહ્યા છે.

૨૦૧૪માં કેન્દ્રમાં પૂર્ણ બહુમતિ સાથે સત્તારૂઢ થયા બાદ ભાજપ દેશભરમાં ખુબ જ મજબુત બની ઉભરી આવ્યું છે સાથો સાથ વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી બનવાનું બહુમાન પણ મેળવી ચુક્યું છે. સતત ત્રણ વખત કેન્દ્રમાં ભાજપની સરકાર રચાઈ છે. બિહારમાં હવે મુખ્યમંત્રી તરીકે સમ્રાટ ચૌધરીએ સપથ ગ્રહણ કરતા દેશના ૧૬ રાજ્યોમાં ભાજપના મુખ્યમંત્રી છે. હિન્દી બેલ્ટની પાર્ટીનું સિમ્બોલ ધરાવતા ભાજપે હવે પોતાનું વિસ્તરણ કરી દીધું છે. નવા અને યુવા ચહેરાઓને પક્ષમાં આગળ કરવામાં આવી રહ્યા છે. જે પક્ષ માટે ભવિષ્યમાં મોટી તાકાત બનીને ઉભરી આવશે.

# હોર્મુઝની નાકાબંધી વચ્ચે ૨૦ હજાર મેટ્રિક ટન એલપીજી લઈને 'જગ વિક્રમ' જહાજ કંડલા બંદરે પહોંચ્યું

## પર્સિયન ગલ્ફમાં હજુ પણ ભારતના ૧૫ જેટલા જહાજો સુરક્ષિત પરત ફરવાની રાહમાં

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ અને સમુદ્રી નાકાબંધીના ભય વચ્ચે ભારત માટે રાહતના સમાચાર આવ્યા છે. ભારતીય ધ્વજ ધરાવતું એલપીજી ટેન્કર 'જગ વિક્રમ' ૨૦ હજાર મેટ્રિક ટન રાંધણ ગેસ લઈને ગુજરાતના કંડલા પોર્ટ પર સુરક્ષિત રીતે પહોંચી ગયું છે. અમેરિકા અને ઈરાન વચ્ચે તાજેતરમાં થયેલા બે અઠવાડિયાના કામચલાઉ સંઘર્ષવિરામ બાદ, અત્યંત સંવેદનશીલ ગણાતી 'હોર્મુઝની સામુદ્રધુની' પસાર કરનાર આ પ્રથમ ભારતીય જહાજ બન્યું છે. આ સફળ સફરને કારણે દેશમાં રાંધણ ગેસના પુરવઠાને લઈને સર્જાયેલી ચિંતામાં મોટો ઘટાડો થયો છે.

ભારત પોતાની ઉર્જા જરૂરિયાતો માટે મોટાભાગે આયાત પર નિર્ભર છે, જેમાં આશરે ૮૮% કાચું તેલ, ૫૦% કુદરતી ગેસ અને ૬૦% એલપીજી વિદેશથી




મંગાવવામાં આવે છે. આ પુરવઠાનો મોટો હિસ્સો હોર્મુઝની સામુદ્રધુની દ્વારા જ ભારત પહોંચે છે. પશ્ચિમ એશિયામાં યુદ્ધ જેવી સ્થિતિ સર્જાતા આ સમુદ્રી માર્ગ પ્રભાવિત થયો હતો, જેના પરિણામે ભારતમાં કોમર્શિયલ વપરાશકારો માટે એલપીજી પુરવઠામાં કાપ મૂકવાની ફરજ પડી હતી. જોકે, 'જગ વિક્રમ'ના સુરક્ષિત આગમન સાથે હવે પુરવઠો ફરી રાબેતા મુજબ થવાની અને ઉર્જા સુરક્ષા વધુ મજબૂત બનવાની આશા જાગી છે.

નોંધનીય છે કે માર્ચ મહિનાની શરૂઆતથી અત્યાર સુધીમાં પર્સિયન ગલ્ફમાંથી બહાર નીકળનાર આ નવમું ભારતીય જહાજ છે. જોકે, પડકાર હજુ પૂરો થયો નથી, કારણ કે ભારતના આશરે ૧૫ જેટલા જહાજો હજુ પણ તે જોખમી વિસ્તારમાં રોકાયેલા છે અને સુરક્ષિત રીતે બહાર નીકળવાની રાહ જોઈ રહ્યા છે. જ્યારે પશ્ચિમ એશિયામાં સંઘર્ષની શરૂઆત થઈ ત્યારે તે વિસ્તારમાં કુલ ૨૮ ભારતીય જહાજો હાજર હતા, જેમાંથી હવે ધીમે-ધીમે જહાજો ભારત પરત ફરી રહ્યા છે. સરકાર અને પોર્ટ ઓથોરિટી દ્વારા બાકીના જહાજોની સુરક્ષા પર પણ સતત દેખરેખ રાખવામાં આવી રહી છે.

# પોરબંદર મનપા ચૂંટણીમાં ૧૦૫ મુરતિયા મેદાનમાં : ૧૧ બેઠકો બિનહરીફ જાહેર

## જીલ્લા પંચાયતમાં ૩૯, તાલુકા પંચાયતમા ૪૧ ઉમેદવારો મેદાનમાં

**અબતક, પુજા થાનકી, પોરબંદર**

પોરબંદર મહાનગરપાલિકા ની કુલ બાવન બેઠકો મળી ૧૧ જેટલી બેઠકો બિનહરીફ થઈ છે તો ૪૧ જેટલી બેઠકો પર ચૂંટણી યોજાશે જેમાં ભાજપના ૪૧ ઉમેદવારો, કોંગ્રસ ના ૩૧ ઉમેદવારો, બહુજન પાર્ટીનો ૧ ઉમેદવાર અને આમ આદમી પાર્ટીના ૨૯ ઉમેદવારો તથા ત્રણ અપક્ષ ઉમેદવારો ચૂંટણી જંગ લડશે વોર્ડ નંબર ૧૧ અને ૧૨ માં ભાજપ ના ઉમેદવારો બિનહરીફ થયા છે તો વોર્ડ નંબર ૧૦ માં પણ બે ઉમેદવારો બિનહરીફ થયા છે ફોર્મ ખેંચવાનો અંતિમ દિવસ ત્યારે કોંગ્રસ ના પાંચ ઉમેદવારો આમ આદમી પાર્ટીના ચાર ઉમેદવારોએ અને અપક્ષ ના ત્રણ ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચી લીધા છે તો જીલ્લા પંચાયત માં બે બેઠકો બિનહરીફ થઈ છે અને ૧૬ બેઠકો પર ચૂંટણી યોજાશે જેમાં ભાજપ ના ૧૬ ઉમેદવારો, કોંગ્રેસ ના ૧૪ ઉમેદવારો અને આમ આદમી પાર્ટીના ૮ તથા અપક્ષનો ૧ ઉમેદવાર મળી ૩૯ ઉમેદવારો મેદાન માં ઉતરશે તો રાણાવાવ તાલુકા પંચાયતમાં ૧૬ બેઠકોમાંથી બે બેઠક બિનહરીફ થતા ૧૪ બેઠકો પર ચૂંટણી જંગ થશે જેમાં ભાજપ - કોંગ્રેસના ૧૪ ઉમેદવારો અને આમ આદમી પાર્ટીના ૪ ઉમેદવારો મળી કુલ ૩૨ ઉમેદવારો મેદાનમાં ઉતરશે.

તો તાલુકા પંચાયતમાં ૨૨ બેઠકોમાંથી ૪ બેઠક બિનહરીફ થતા ૧૮ બેઠકો પર ચૂંટણી જંગ થશે જેમાં ભાજપ ના ૧૮, કોંગ્રેસ ના ૧૩ અને આમ આદમી પાર્ટીના ૧૦ ઉમેદવારો મળી ૪૧ ઉમેદવારો મેદાનમાં ઉતરશે તેમજ કુતિયાણા તાલુકા પંચાયતમાં ૧૬ બેઠકોમાંથી ૧ બેઠક બિનહરીફ થતા ૧૫ બેઠકો પર ચૂંટણી જંગ થશે જેમાં ભાજપ ના ૧૫, કોંગ્રેસ ના ૧૩, અને અપક્ષ ના બે ઉમેદવારો મળી ૩૭ ઉમેદવારો મેદાનમાં કિસ્મત અજમાવશે.

# ઈડરના અબતકના પત્રકાર સંજય દીક્ષિતની શહેર ભાજપ મીડિયા વિભાગના મંડલ ઈન્ચાર્જ તરીકે નિમણૂંક

## જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ અને મહામંત્રી પ્રેમલ દેસાઈ સહિતના હોદ્દેદારોનો વ્યક્ત કર્યો આભાર

**અબતક, ઈડર**

સાબરકાંઠા જિલ્લાના ઈડર શહેરમાં સંગઠનલક્ષી કામગીરીને વેગ આપવા માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા મહત્વના ફેરફારો કરવામાં આવ્યા છે.

જે અંતર્ગત અબતકના પ્રતિનિધિ સંજય દીક્ષિતને ઈડર શહેર મીડિયા વિભાગના મંડલ ઈન્ચાર્જ તરીકેની મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. તેમની કાર્યનિષ્ઠા અને પત્રકારત્વ ક્ષેત્રના અનુભવને ધ્યાને રાખીને પક્ષ દ્વારા આ વરણી કરવામાં



આવી છે,

જેનાથી આગામી સમયમાં મીડિયા અને પક્ષ વચ્ચેનું સંકલન વધુ મજબૂત બનશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે. નવી જવાબદારી મળતા સંજય દીક્ષિતે પક્ષના નેતૃત્વ પ્રત્યે કૃતજ્ઞતા ભાવ વ્યક્ત કર્યો હતો.

તેમણે આ તકે જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ, મહામંત્રી પ્રેમલ દેસાઈ તેમજ જિલ્લા મીડિયા વિભાગના કન્વીનર પંકજ ધુવડનો વિશેષ આભાર માન્યો હતો.

## મનપા ચૂંટણીના ઉમેદવારોની સંપતિ જાહેર

# પોરબંદર મનપાના ભાજપના ૪ ઉમેદવારો કરોડપતિ જ્યારે ૧ ઉમેદવાર સામે બે ગુન્હા

## શૈક્ષણિક લાયકાતમાં ધો. ૪થી લઈ ગ્રેજ્યુએટ સુધીના ઉમેદવારો જનતાની સેવા માટે છે મેદાનમાં

**અબતક, પુજા થાનકી, પોરબંદર**

પોરબંદર મનપાની ચૂંટણીમાં શહેરના ૧૩ વોર્ડમાં ભાજપે ૫૨ ઉમેદવાર મેદાનમાં ઉતાર્યા છે જે ઉમેદવારોની સંપતિ, અભ્યાસ અને ગુન્હાની વિગતોનું એનાલિસિસ કરતા ૪ ઉમેદવાર કરોડપતિ છે જેમાં ભાજપના વિક્રમ ઓડેદરા પાસે રૂપિયા ૧૯.૯૪ કરોડની સંપતિ અને રાજેશ લોઢારી પાસે રૂપિયા ૧૦ હજાર રોકડા છે. જયારે કે, મનપાના ભાજપી ઉમેદવાર માંથી એક ૪ ધોરણ પાસ, પંદર ઉમેદવાર ધોરણ ૯ પાસ અને ૨૧ ઉમેદવારો એ ગ્રેજ્યુએટ સુધી અભ્યાસ કર્યો છે. ૪ ઉમેદવાર કરોડપતિ છે, અને ૨ ઉમેદવાર પર ગુન્હા પણ નોંધાયેલા છે. પોરબંદર મનપાના વોર્ડ નં. ૧૧ મા ઉમેદવારી કરી ચૂંટણી લડી રહેલા ભાજપના ઉમેદવાર વનરાજ પરબતભાઈ કેશવાલા પર ૨ ગુન્હા નોંધાયેલ હોવાનું તેમણે આપેલા સોગંદનામાં પરથી જાણવા મળે છે. તેમજ વોર્ડ નં. ૫ મા ઉમેદવારી કરી ચૂંટણી લડી રહેલા ભાજપના ઉમેદવાર ધર્મેશ સુકાભાઈ પરમાર પર ૧ ગુન્હો નોંધાયેલ હતો જે ડિઝાસ્ટર ગુન્હો એટલેકે માસ્ક પહેર્યા વિના નિકળ્યા હતા તેનો ગુન્હો હતો. પોરબંદર મનપાના ૯ નંબર વોર્ડમાં ચૂંટણી લડી રહેલા ભાજપના ઉમેદવાર વિક્રમભાઈ ઓડેદરા સૌથી વધુ સંપતી ધરાવતા ઉમેદવાર હોવાનું તેના સોગંદનામાં પરથી જાણવા મળે છે. તેમની પાસે રોકડ રૂ.૨.૨૫ કરોડ છે, જ્યારે ૧.૨૫ કરોડ બેન્કમાં છે, ૩ કાર છે જેની મીનીમમ કિંમત રૂ.૩૦ લાખ, ૧૫.૮૯ કરોડ ખેતી પ્લોટના અને ૭૭ દાગીના દર્શાવ્યા છે. જ્યારે તેઓ પર રૂ. ૧.૩૦ કરોડની લોન છે. પોરબંદર મનપાના વોર્ડ નંબર ૮ મા ઉમેદવારી નોંધાવી ચૂંટણી લડી રહેલા ભાજપના ઉમેદવાર રાજેશ અરજન લોઢારી નામના ઉમેદવાર સૌથી ઓછી સંપતી ધરાવતા ઉમેદવાર છે. તેમણે દાખલ કરેલા સોગંદનામાં મુજબ તેમની પાસે રોકડ રૂ.૧૦ હજાર, ૨ વાહન અને ૧ દાગીનો દર્શાવેલ છે.

# થાન તાલુકા પંચાયતની સોનગઢ બેઠક પર ભાજપના ઉમેદવાર

## ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે કોંગ્રેસ અને બસપાના ઉમેદવારે ફોર્મ પરત ખેંચતા ભાજપના ઉમેદવાર બિનહરીફ થયા

અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર

થાન તાલુકા પંચાયતની સોનગઢ બેઠક પર ભાજપના ઉમેદવાર ગભરુભાઈ ભગત બિનહરિફ વિજેતા જાહેર થયા છે. ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે કોંગ્રેસના દોલુભાઈ ભગત તેમજ બસપાના ઉમેદવાર શિવકુભાઈ ખવડે પોતાનું ઉમેદવારી ફોર્મ પરત ખેંચતા ભાજપની બિનહરિફ જીત નિશ્ચિત થઈ હતી. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલાં જ સોનગઢ બેઠક પર ભાજપની જીત થતાં આ વિસ્તારમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. સ્થાનિક ભાજપના હોદ્દેદારો અને આગેવાનો દ્વારા બિનહરિફ વિજેતા બનેલા ગભરુભાઈને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. જયારે સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી પહેલા જ ભાજપનો થાન તાલુકા પંચાયતની સોનગઢ બેઠક પર બિનહરીફ વિજય થતા ભાજપના આગેવાનો અને કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

## મતદાન પૂર્વે જ વિજય ધ્વજ લહેરાયો

# સુત્રાપાડા નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપના બે ઉમેદવારો બિનહરીફ



**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

સ્થાનિક સ્વરાજ્યની સુત્રાપાડા નગરપાલિકાની ચૂંટણીમાં મતદાન પ્રક્રિયા શરૂ થાય તે પહેલા જ ભારતીય જનતા પાર્ટીએ વિજયી શરૂઆત કરી દીધી છે. ભાજપના સચોટ સંગઠન અને રણનીતિના પરિણામે પાલિકાની કુલ ૨૪ બેઠકો પૈકી બે બેઠકો બિનહરીફ જાહેર થઈ છે.

ચૂંટણીના જંગમાં વોર્ડ નં. ૫ માં કોંગ્રેસના ઉમેદવાર સોલંકી રતનબેનનું ફોર્મ રદ થયેલ તેમજ ઉમેદવાર કાળાભાઈ રાવળીયાએ અંતિમ દિવસે ફોર્મ પરત ખેંચી લેતા , ભાજપના બે ઉમેદવારો બિનહરીફ વિજેતા બન્યા છે. આ જીત સાથે જ ભાજપે વિરોધ પક્ષો પર માનસિક સરસાઈ મેળવી લીધી છે આ ભવ્ય સફળતા પાછળ ગુજરાત સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી અને સુત્રાપાડાના અગ્રણી જશાભાઈ બારડનું કુશળ માર્ગદર્શન અને આશીર્વાદ તેમજ શહેર ભાજપ પ્રમુખ સુરસિંહભાઈ મોરી અને શહેર સંગઠનની સચોટ રણનીતિ મુખ્ય કારણભૂત હોવાનું માનવામાં આવે છે.

આ સફળતા બાદ આત્મવિશ્વાસ વ્યક્ત કરતા શહેર પ્રમુખ સુરસિંહભાઈ મોરીએ જણાવ્યું હતું કે વિજય તો માત્ર એક ટ્રેલર છે. સુત્રાપાડાની જનતાને ભાજપના વિકાસ કાર્યો અને સુશાસનમાં અતૂટ વિશ્વાસ છે.

# પ્રોજેકટ લાઈફ દ્વારા યોજાશે ત્રાટક અને ધ્યાન વર્કશોપ

અબતક, રાજકોટ

રાજકોટના પ્રોજેકટ લાઈફ રેસકોર્સ રીંગ રોડ ખાતે તા. ૧૮ને શનિવારના રોજ ત્રાટક અને ધ્યાન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. તેનો સમય સવારે ૭ થી ૮.૩૦ અને સાંજે ૫ થી ૬ સુધીનો રહેશે. ત્રાટક એક પ્રાચીન યોગિક ક્રિયા છે. જે એકાગ્રતા વધારવામાં, માનસિક શાંતિ પ્રાપ્ત કરવામાં તથા આંખોનું આરોગ્ય સુધારવામાં ખુબ જ અસરકારક માનવામાં આવે છે. અને ધ્યાન દ્વારા મનને સ્થિર અને શાંત બનાવવામાં સહાય મળે છે. આ વર્કશોપ દરમિયાન ભાગ લેનારને અનુભવી નિષ્ણાંતો દ્વારા પ્રાયોગિક માર્ગદર્શન આપવામાં આવશે.

# લખતર તા.પં.ની ૧૬ બેઠકો માટે ૪૭ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં

## તાલુકા પંચાયતની સાકર બેઠક પર થી કોંગેસ અને કારેલા બેઠક પર થી અપક્ષ ઉમેદવારએ ફોર્મ પરત ખેચ્યું

અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જીલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ રાજકારણમાં ભારે ગરમાવો આવ્યો છે.ત્યારે લખતર તાલુકા પંચાયતની ૧૬ બેઠકો માટે આગામી તા.૨૬ એપ્રિલે મતદાન યોજાવાનું છે. જેમાં લખતર તાલુકા પંચાયતની ૧૬ બેઠકો માટે ઉમેદવારી પત્રની ચકાસણી કર્યા બાદ ૬૩ માંથી ૪૯ ઉમેદવારોના ફોર્મ માન્ય રાખવામાં આવ્યા હતા.જ્યારે બુધવારે ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાનો અંતિમ દિવસ હતો.ત્યારે લખતર તાલુકા પંચાયતની ૧૬ બેઠકમાંથી સાકર બેઠક પર કોંગ્રેસ અને કારેલા બેઠક પર અપક્ષ ઉમેદવારોએ ઉમેદવારી ફોર્મ પરત ખેંચ્યા બાદ ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થતા જ લખતર તાલુકા પંચાયતની ૧૬ બેઠકમાં ભાજપ,કોંગ્રેસ, આપ,અપક્ષના ૪૭ જેટલાં ઉમેદવારો વચ્ચે ચૂંટણીનો ખરાખરીનો જંગ જામશે. હાલમાં ઉમેદવારોએ પોતાના બેઠકની અંદર આવતા મત વિસ્તારમાં જઈને મતદારોને રિઝવા માટે એડિ ચોટીનું જોર લગાવી રહ્યા છે.ત્યારે આગામી તા.૨૬ એપ્રિલના રોજ લખતર તાલુકા પંચાયતની ૧૬ બેઠકો માટે યોજાનાર મતદાનમાં મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.જ્યારે ચૂંટણીનું ૨૮ એપ્રિલના રોજ પરિણામ આવ્યા બાદ જ લખતર તાલુકા પંચાયતમાં પુનરાવર્તન થાય છે કે પરિવર્તન આવશે તેના ઉપર સૌની નજર મંડાયેલી છે.

# ધારી: ૨૫ ઉમેદવારો મેદાનમાં, તાલુકા પંચાયતની ધારંગણી બેઠક પરથી ફોર્મ પરત ખેંચાતા રાજકારણ ગરમાયું

## ધારી તાલુકા પંચાયતની ચૂંટણીનું ફાઈનલ લિસ્ટ જાહેર: ૨૬ પૈકી ૨૩ ઉમેદવારો વચ્ચે ખેલાશે ચૂંટણી જંગ

**અબતક મેહુલ ત્રિવેદી ધારી**

ધારી તાલુકામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને ચાલી રહેલી ઉત્તેજનાનો અંત આવ્યો છે અને ફોર્મ પાછું ખેંચવાની મુદ્દત વીતી જતાઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. ફોર્મ ચકાસણી અને નામ પરત ખેંચવાની પ્રક્રિયા પૂર્ણ થતા જ ધારીના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને નગરપાલિકાની બેઠકો પર હવે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે સીધો અને રસાકસીભર્યો ત્રિપાખ્યો જંગ જામવાનું નિશ્ચિત બન્યું છે

ધારી તાલુકા પંચાયતની બેઠકો માટે કુલ ૨૬ ઉમેદવારોએ ઉત્સાહપૂર્વક ઉમેદવારી નોંધાવી હતી. જેમાં ૨૬ પૈકી ૨ ઉમેદવારોના ફોર્મ ટેકનિકલ કારણોસર રિજેક્ટ કરવામાં આવ્યા હતા. આ દરમિયાન રાજકીય સમીકરણોમાં મોટો વળાંક ત્યારે આવ્યો જ્યારે ધારી તાલુકા પંચાયતની ધારંગણી બેઠક પરથી ઉમેદવારી નોંધાવનાર હિનાબેન



અજયભાઈ વાળાએ પોતાનું ફોર્મ પરત ખેંચી લીધું હતું. આ ફેરફાર બાદ હવે તાલુકા પંચાયતની ચૂંટણી માટે મેદાનમાં કુલ ૨૩ ઉમેદવારો બાકી રહ્યા છે,

બીજી તરફ ધારીમાંનગરપાલિકાના વિવિધ વોર્ડ અને જિલ્લા પંચાયતની બેઠકો માટે કુલ ૨૮ ફોર્મ ભરાયા હતા. જેમાંથી ચકાસણીના અંતે ૩ફોર્મ રિજેક્ટ થતા હવે ૨૫ ઉમેદવારો મેદાનમાં ફાઈનલ જંગ માટે બાકી રહ્યા છે. ધારીમાં આ વખતે ભાજપ કોંગ્રેસ આપ જેવા ત્રણેય હરીફો એડી ચોટી નું જોર લગાવી રહ્યા છે. ફોર્મ પર ખેંચવાની તારીખ બાદ ચૂંટણી માટેનું જે ચિત્ર સ્પષ્ટ થયું છે તે મુજબ ભારતીય જનતા પાર્ટીએ ૮ ઉમેદવારો, કોંગ્રેસે ૮ઉમેદવારો અને આમ આદમી પાર્ટીએ પણ ૮ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા છે. આ ત્રિપાંખિયા જંગની વચ્ચે ૧ અપક્ષ ઉમેદવારે પણ ઝંપલાવ્યું છે, જે મુખ્ય પક્ષોના ગણિત બગાડી શકે તેવી સ્થિતિ ની શક્યતા પણ જોવાઈ રહી છે

ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થતા જ ધારી પંથકમાં પ્રચારના શ્રીગણેશ થઈ ગયા છે. ભાજપ, કોંગ્રેસ અને આપના ઉમેદવારો હવે ડોર-ટુ-ડોર પ્રચાર કરીને મતદારોને રિઝવવાના પ્રયાસો તેજ કરશે. ખાસ કરીને તાલુકા પંચાયતનીધારંગની બેઠક પરથી હીનાબેન અજયભાઈ વાળાએફોર્મ પાછું ખેંચાતા અને ત્રણ મુખ્ય પક્ષો વચ્ચે સરખી સંખ્યામાં ઉમેદવારો હોવાથી આ વખતની ચૂંટણીમાં ખરાખરીનો જંગ ખેલાશે તે નક્કી છે. આગામી દિવસોમાં ધારીની જનતા કોના પર ભરોસો મૂકે છે તે જોવું રસપ્રદ રહેશે.

# મોટાભાગના જિલ્લા હોમગાર્ડના કમાન્ડન્ટ ભાજપ સાથે જોડાયેલા હોવાનો કોંગ્રેસનો આક્ષેપ

## ભાજપ દ્વારા પોલીસ તંત્ર - વહીવટ તંત્રનો બેફામ દુરૂપયોગ: મનીષ દોશી

**અબતક, રાજકોટ**

રાજ્યની અંદર ચૂંટણી પ્રક્રિયા પારદર્શક રીતે કરવી તેની જવાબદારી ચૂંટણી આયોગની હોય છે. પરંતુ છેલ્લા કેટલાક દિવસોમાં જે ઘટનાઓ સામે આવી રહી છે તે ગંભીર ચિંતાનો વિષય છે. ત્યારે ભાજપના ઈશારે પોલીસતંત્ર-વહીવટતંત્રના બેફામ દુરૂપયોગ અંગે આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડો.મનીષ દોશીએ જણાવ્યું હતું કે જે રીતે એક પછી એક ઘટનાક્રમ સામે આવે છે. કોંગ્રેસ પક્ષના ઉમેદવારોને ધાકધમકી, ગુંડાગીરી કરીને પોલીસ દ્વારા પ્રતાડિત કરવામાં આવ્યા. અસામાજિક તત્વો તમામ પ્રકારના હથકંડા અપનાવીને કોંગ્રેસના ઉમેદવારોના ફોર્મ પરત ખેંચવવા માટે ભાજપના આગેવાનો ગુંડાગર્દી ઉપર ઉતર્યા છે. ભાજપના પ્રતિનિધિઓ સામે ઠેરઠેર જનતા આક્રોશ વ્યક્ત કરી રહી છે. મુખ્યમંત્રીનો વિસ્તાર હોય ત્યાં પણ ભાજપના પદાધીકારીઓને જાકારો મળી રહ્યો છે. સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર, સુરેન્દ્રનગર સહિતના મહાનગરોમાં પ્રજાના આક્રોશનો સામનો કરવો પડી રહ્યો છે તેવા સંજોગોમાં અહંકારમાં ડૂબેલી ભાજપ વડોદરા, સુરત, અમદાવાદ સહિત અનેક જગ્યાએ તમામ પ્રકારના હથકંડા અપનાવીને ચૂંટણી પ્રક્રિયા મતદાન વિના જીતવા માટે ના કારનામા ગોઠવ્યા છે. જેમાં સૌથી મોટા કારનામામાં ગુજરાતની અંદર હોમગાર્ડ વિભાગમાં ગુજરાતના તમામ જિલ્લાના હોમગાર્ડના કમાન્ડન્ટોમાંથી મોટાભાગના કમાન્ડન્ટ ભાજપ આરએસએસ સાથે સંકળાયેલા છે. આ કમાન્ડન્ટો જે-તે સમયે સમજી વિચારી ગોઠવણના ભાગરૂપે ચૂંટણી પ્રક્રિયામાં ગોઠવાયા છે.

ગુજરાતમાં ગવર્મેન્ટ ઓફ ગુજરાતના સત્તાવાર ગેજેટની સ્પષ્ટપણે લખ્યું છે કે હોમગાર્ડના કમાન્ડન્ટ રાજકીય પ્રવૃતિમાં ભાગ ન લઈ શકે પણ અમદાવાદમાં અમદાવાદ પૂર્વની કચેરીમાં રાહુલભાઈ પી. કોરી જેનું ૧૯-૦૫-૨૦૨૬ના રોજ વિશેષ રીતે તેઓ જે જગ્યા ફરજ નિભાવે છે એ જગ્યાએ યથાવત રાખી સાથોસાથ જિલ્લાના કંટ્રોલરૂમના ઈન્ચાર્જની જવાબદારી આપવામાં આવી છે. રાહુલભાઈ કોરીનો સત્તાવાર લેટરની કોપી દર્શાવેલી છે. રાહુલભાઈ કોરી અમદાવાદ ભાજપના ૧૧ નંબરના વોર્ડ સરદારનગર ઉપપ્રમુખ તરીકે જવાબદારી નિભાવે છે. ભાજપના સત્તાવાર ૧૭-૦૨-૨૦૨૫ના રોજ અમદાવાદ ભાજપ શહેર પ્રમુખનો સત્તાવાર લેટર રાહુલભાઈ કોરીના નામનો દર્શાવેલ છે. રાહુલભાઈ કોરી વિવિધ ભાજપના આગેવાનો અને ભાજપના ખેસ પહેરીને વિવિધ કાર્યક્રમોના ફોટોગ્રાફ દર્શાવ્યા છે. બીજીબાજુ અમદાવાદ શહેરના કંટ્રોલરૂમની પણ જવાબદારી નિભાવે છે. કંટ્રોલરૂમમાંથી પોસ્ટલ બેલેટ પેપર આવતા હોય છે. કર્મચારી ચૂંટણી પ્રક્રિયામાં મતદાન કરવા અલગથી આયોજન થતું હોય છે. આ ગંભીર બાબત અંગે ચૂંટણી આયોગને અગાઉ પણ જાણ કરી છે. મોટાભાગના જિલ્લાના હોમગાર્ડના કમાન્ડન્ટ ભાજપ-આર.એસ.એસ. સાથે સંકળાયેલા છે.

# ગોંડલના ગોમટા ગામની સીમમાં ધમધમતુ જુગારધામ પકડાયું

## પ્રો.આઈપીએસ પ્રખરકુમારે દરોડો પાડી વાડી માલિક ચાર રાજકોટના મળી સાત શખ્સોની ધરપકડ



**અબતક, રાજકોટ**

ગોંડલ તાલુકાના ગોમટા ગામની સીમમા ધમધમતા જુગાર ધામ પર સ્થાનિક પોલીસે દરોડો પાડી વાડી માલિક,ચાર રાજકોટ શખ્સ સહિત સાત શખ્સોની ધરપકડ કરી રોકડા ૭.૬૭ લાખ આઠ મોબાઈલ અને બે મોટરસાયકલ મળી રૂપિયા ૧૧.૭૨ લાખનો મુદ્દા માલ કબજે કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

વધુ વિગત મુજબ રાજકોટ જિલ્લામાં દારૂ અને જુગારની વધીને નામી દેવા જિલ્લા પોલીસવાળા વિજયસિંહ ગુર્જરે કડક હાથે કામગીરી કરવા તાકીદથી ગોંડલ ડીવાયએસપી કેજી ઝાલાએ તમામ પોલીસ મથકના સ્ટાફને પેટ્રોલિંગ હાથ ધરવા આપેલી સૂચનાને પગલે તાલુકા પોલીસ મથકના પ્રોશાત પ્રખર કુમાર માર્ગદર્શન હેઠળના પીએસઆઈ આર આર સોલંકી સહિતના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે ગોમટા ગામે રહેતો રાજન પ્રવીણ કાથરોટીયા નામનો શખ્સ પોતાની વાડીમાં જુગાર નો અખાડો ચલાવતો હોવાની હેડ કોન્સ્ટેબલ જયદીપસિંહ રાણાને મળેલી બાતમીના આધારે હેડ કોન્સ્ટેબલ અજયસિંહ ઝાલા વાઘાભાઈ હાલ પ્રદીપસિંહ જાડેજા પ્રતાપસિંહ સોલંકી કોન્સ્ટેબલ જયદીપભાઈ ધાંધલ અને ભગીરથભાઈ વાળા સહિતના સ્ટાફે દરોડો પાડયો હતો. બરોડા દરમિયાન વાડી માલિક રાજન પ્રવીણભાઈ કાથરોટીયા મૂળ ગોંડલના દાળિયા ગામનો અને હાલ માલવયા નગરમાં રહેતો વિજય ભીખા વોરા ગોંડલના વેકરી ગામનો પ્રવીણ પરબત સોજીત્રા મૂળ ગોંડલના પાટીદળ ગામનો અને હાલ રાજકોટ ના અંબિકા ટાઉનશીપ ઈસ્કોન ફ્લેટમાં રહેતો જીગ્નેશ ચુનીભાઈ ખાચર, રાજકોટ શહેરના કાલાવડ રોડ નજીક જ્યોતિનગરમાં રહેતો સંદીપ તળસી ગમઢા, રાજકોટ શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ નજીક આસ્થા રેસીડેન્સીમાં રહેતા રાજેશ મુરલીધર પનારા,રાજકોટ શહેરના જીવરાજ પાર્કમા રહેતા જનક વાસુદેવભાઈ મટકા સોની ધરપકડ કરી રોકડા ૭.૬૭ લાખ રોકડા, આઠ મોબાઈલ અને બે બાઈક મળી ₹૧૧.૭૨ લાખનો મુદ્દા માલ કબજે કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**રોકડા રૂ.૭.૬૭ લાખ આઠ મોબાઈલ અને બે બાઈક મળી રૂ.૧૧.૭૨ લાખનો મુદ્દામાલ કબ્જે**

# રાણપુરના બુબાવાવ ગામેથી ૧૧૫ દારૂ સાથે હેમુ પકડાયો

**અબતક**
**વિપુલ ગોહિલ, બોટાદ**



બોટાદ જિલ્લા પોલીસ વડા(IPS)ધર્મેન્દ્ર શર્મા દ્વારા સમગ્ર જિલ્લામાં દારૂની બદી નાબૂદ કરવાની સુચના આપવામાં આવેલ હોય તે સૂચનાને લઈને ડીવાયએસપી મહર્ષિ રાવલ તેમજ બરવાળા વિભાગના ડીવાયએસપી ચિંતન પટેલના માર્ગદર્શન હેઠળ રાણપુર પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.એ.પટેલ તેમજ પોલીસ સ્ટાફના મહાવીરસિંહ ચુડાસમા, દશરથભાઈ કમેજળીયા, લગધીરસિંહ ચુડાસમા, ગભરૂભાઈ સરૈયા, મનસુખભાઈ કમેજળીયા એ પેટ્રોલિંગ દરમ્યાન બાતમીના આધારે રાણપુર તાલુકાના બુબાવાવ ગામેથી રહેણાકી મકાનમાંથી ભારતીય બનાવટની ઈંગ્લિશ દારૂની ૧૮૦ એમએલ ૧૧૫ બોટલ સાથે પોલીસે હેમુભાઈ પ્રભુભાઈ પાનસણીયા ને ઝડપી લઈ રૂ.૯,૨૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસર કાર્યવાહી કરવામાં આવી છે.

# ધ્રાંગધ્રાના ચુલી ગામે જુગાર રમતા ૩ ઝડપાયા

## તાલુકા પોલીસે દરોડો પાડી ૨૬૦૦૦ નો મુદામાલ કબ્જે

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



ધ્રાંગધ્રાના તાલુકા વિસ્તારમાં જુગારની પર્વતો ધમધમી રહી છે ત્યારે ધ્રાંગધ્રા તાલુકા પોલીસ ના ઈન્ચાર્જ પીઆઇ એન એચ ચુડાસમા ની સૂચના દ્વારા તાલુકો પોલીસના હેડ કોસ્ટેબલ વિક્રમ રબારી, નરેશ ભજીયા, યુવરાજસિંહ સોલંકી,સ્ટાફ દ્વારા બાતમીના આધારે ધ્રાંગધ્રા તાલુકાના ચુલી ગામની સીમમાં વિનોદભાઈ વાઘજીભાઈ પરમાર વાડીના સેઢે જાહેરમાં ગંજીપાના નો જુગાર રમતા આરોપી નરશીભાઈ રામજીભાઈ નાકીયા,વિનોદભાઈ વાઘજીભાઈ પરમાર,લાલુભાઈ કાળુભાઈ બામણીયા, જુગાર રમતા રોકડ રકમ ૨૬,૦૧૦ રૂપિયા ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા ત્યારે ત્રણ આરોપીઓ નાસી છૂટવામાં સફળ રહ્યા હતા જેમાં ,કલ્પેશભાઈ બાબુભાઈ નાકીય,વાસુદેવભાઈ છોંડાભાઈ ડાભી ,ધોધાભાઈ ભરતભાઈ પલાણી સામે તાલુકા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

# લોધિકાના માખાવડ ગામે ફાર્મ હાઉસમાંથી રૂ.૧૧.૧૬ લાખના દારૂ સાથે પકડાયો

## એસએમસીએ દરોડો પાડી ૭૩૯ બોટલ દારૂ, બાઈક અને મોબાઈલ મળી રૂ.૧૧.૫૬ લાખનો મુદામાલ કબ્જે: વાડી માલિક સહિત બેની શોધખોળ

**અબતક, રાજકોટ**

લોધિકા તાલુકાના માખાવડ ગામે ફાર્મ હાઉસમાં સ્ટેટ મોનીટરીંગ સેલે દરોડો પાડી રૂા.૧૧.૧૬ લાખની કિંમતો ૭૩૯ બોટલ વિદેશી દારૂ સાથે રાજકોટનો અજય ભરડની ધરપકડ કરી દારૂ, બાઈક અને મોબાઈલ મળી ૧૧.૫૬ લાખનો મુદામાલ કબ્જે કર્યો છે જ્યારે નાસી છૂટેલા સપ્લાયર ઉમંગ પટેલની શોધખોળ હાથ ધરવામાં આવી છે. વધુ વિગત મુજબ સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે દારૂબંધીનો કડક અમલ કરવા રાજ્યના ડીજીપીએ આપેલી સુચનાને પગલે સ્ટેટ મોનીટરીંગ સેલના વડા નિરજા ગોટુરે આપેલી માહિતીના આધારે સઘન પેટ્રોલીંગ અને વાહન ચેકીંગ હાથ ધરવામાં આપેલી સુચનાને પગલે પીએસઆઈ એસ.વી.ગલચર સહિતના સ્ટાફ દ્વારારાજકોટ જીલ્લામાં પેટ્રોલીંગ હાથ ધર્યું હતુ ત્યારે લોધીકા નજીક માખાવડ ગામ પાસે આવેલા ફાર્મ હાઉસમાં વિદેશી દારૂનો જથ્થો છૂપાવ્યો હોવાની મળેલી બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડયો હતો. દરોડા દરમ્યાન રૂા.૧૧.૧૬ લાખની કિંમતનો ૭૩૯ બોટલ વિદેશી દારૂ સાથે રાજકોટ શહેરના ઉમિયા ચોક પાસે જશરાજ શેરી નં.૪ માં રહેતો અજય રમેશ સરડવાની ધરપકડ કરી રૂા.૧૧.૫૬ લાખનો મુદામાલ કબ્જે કર્યો છે. ઝડપાયેલા અજય ભરડની પ્રાથમીક પુછપરછમાં આ દારૂનો જથ્થો રાજકોટના મોવડી વિસ્તારમાં આવેલા ઉમૈયા ચોક પાસે રહેતો ઉમંગ કમાણી પટેલ નામના શખ્સનો હોવાની કબુલાત આપતા તેની શોધખોળ હાથ ધરી છે.



નિખીલ સોરઠીયાએ વાડી વહેંચી દીધાની અને ખરીદનાર કિશોર નાગજી વસોયા હોવાનું જાણવા મળ્યું છે. એસ.પી. વિજયસિંહ ગુર્જરે દારૂના મુળ સુધી પહોંચવા પડધરી પીઆઈ એમ.જે.ચૌહાણને સોંપવામાં આવી છે.

# જામકંડોરાણા પંથકમાં ચાલુ લાઈને રૂ.૧.૫૭ લાખના વીજ વાયરની ચોરી

## ખેડૂતે ફરિયાદ કર્યા બાદ પીજીવીસીએલની ટીમે તપાસ પર જતા વાયર કાપીને ચોરી ગયાનું માલુમ પડયુ: ના. ઈજનેરે ફરિયાદ નોંધાવી

**અબતક, રાજકોટ**

જામકંડોરણાના હરિયાસણ તથા આંચવડ ગામની સીમમાં રાત્રીના તસ્કરોએ ખેતીવાડી ફીડરની સ્વીચ પાસેથી ચાલુ વીજ લાઈને વીજતાર કાપી ચોરી કરી ગયા હતા. જે અંગે પીજીવીસીએલના નાયબ ઈજનેર દ્વારા રૂપિયા ૧.૫૭ લાખના અલ્યુમિનિયમ વાયર ચોરી કરી ગયા અંગે ફરિયાદ નોંધાવવામાં આવી છે.જામકંડોરણા પીજીવીસીએલ વિભાગમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવનાર કેવિનભાઈ મનસુખભાઈ કાલરીયા દ્વારા જામકંડોરણા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, કચેરીના ફોલ્ટ સેન્ટર પર ખેડૂત ગ્રાહક પ્રેમજીભાઈ અરજણભાઈ રૂપાપરાએ ફરિયાદ કરી હતી કે, તેમના ખેતરની નજીકથી નીકળતા ૧૧ કે.વી તથા હળવા દબાણના ચોરી થઈ છે. જેથી ફોલ્ટ સેન્ટર પરના દિલીપભાઈ અકબરીએ ફરિયાદીને જાણ કરી હતી. બાદમાં ફરિયાદી તથા લાઈન સ્ટાફ સ્થળ તપાસ માટે ગયા હતા પ્રેમજીભાઈની વાડી આંચવડ ગામ ખાતે ખેતી વિસ્તારમાં સર્વે નંબર ૧૭૬ પૈકી આવેલ ૧૧ કે.વી. આંચવડ ખેતીવાડી ફીડર દ્વારા વીજ પુરવઠો આપવામાં આવે છે જેમાં સ્થળ તપાસ કરતા હરિયાસણ તથા આંચવડ ગામની સીમમાં ઈડરની સ્વીચ પાસે જોતા સ્વીચથી આગળના વાયરો કોઈ અજાણ્યા શખસો કાપીને ચોરી કરી ગયા હોવાનું માલુમ પડ્યું હતું હ રૂ. ૧,૫૭,૦૦૦ વીજ લાઈનમાંથી કાપી ચોરી કરી ગયા હોવાનું માલુમ પડ્યું હતું.જે બાબતે ખેડૂત પ્રેમજીભાઈને પૂછતા તેમને જણાવ્યું હતું કે, ગઈકાલ રાત્રિના આશરે ૧૨ વાગ્યાના સમયે બનાવ બન્યો છે. આમ ૧૧ કે.વી.આંચવડ ખેતીવાડી ફીડરની ચાલુ લાઈનમાં પોતાની તથા બીજાની જિંદગી જોખમમાં મૂકી વીજ લાઈનની સ્વીચ કાપી વિજપોલ પરથી રૂપિયા ૧.૫૭ લાખની કિંમતના એલ્યુમિનિયમ વાયરો ચોરી કરી ગયા અંગે આ ફરિયાદ નોંધાવવામાં આવી છે. જે ફરિયાદના આધારે પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

## જંગવડામાં ખેડૂતના ઘર પાસેથી ટ્રેક્ટરની ટ્રોલી ચોરાઈ

જસદણ તાલુકાના જંગવડ ગામે રહેતા ખેડૂત ચિરાગભાઈ મીઠાભાઈ વઘાસિયા (ઉ.વ. ૩૨) દ્વારા આટકોટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી કે, ગઈ તારીખ ૧૧/૪/૨૦૨૬ ના વહેલી સવારના ૭ વાગ્યે આસપાસ તેઓ ઘરે હતા. બાદમાં જંગવડ ગામ વિસ્તારમાં વાડીએ ગયા હતા ત્યાંથી પરત ઘરે આવ્યા ત્યારે ઘરની બહાર રસ્તા પર ટ્રેક્ટર રાખ્યું હોય જેમાં ટ્રેક્ટરને જોડવાની ટ્રોલી જેનું હાલમાં ખેતીના કામમાં કોઈ જરૂર ન હોય જેથી ઘર પાસે રસ્તાની બાજુમાં મૂકી હતી. જે ટ્રોલી જોવા મળી ન હતી. જેથી અહીં આસપાસ તપાસ કરી હતી પરંતુ ટ્રોલી ક્યાંય નજરે ન પડતા કોઈ અજાણ્યા શખસો રૂપિયા ૧.૩૦ લાખની કિંમતની આ ટ્રોલી ચોરી કરી ગયા અંગે ફરિયાદ નોંધાવી છે.

# વઢવાણ: જૂના ઝઘડાનો ખાર રાખી યુવાન પર હુમલો

## રિક્ષા ભાડાનું મન દુઃખ રાખી મહિલા સહિત ચાર શખ્સે માર માર્યો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

વઢવાણ નવા ૮૦ ફૂટ રોડ પર ઉમિયા ટાઉનશિપ પાસે અગાઉ થયેલ બોલાચાલીનું મનદુઃખ રાખી ચાર શખ્સોએ લોખંડના પાઈપ અને લાકડાના ધોકા વડે મારમારી ઈજાઓ પહોચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી જે અંગે ભોગ બનનારે બી-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ વઢવાણ નવા ૮૦ ફૂટ રોડ પર ઉમિયા ટાઉનશિપમાં બગીચા પાસે રહેતા ફરિયાદી ગજેન્દ્રભાઈ ઉર્ફે ગજુભાઈ કાનજીભાઈ પાટડિયાના દીકરા ગોવિંદભાઈ સાથે અગાઉ આજ વિસ્તારમાં રહેતા નરોત્તમભાઈ સાથે રીક્ષા ભાડા બાબતે બોલાચાલી થઈ હતી જે બાબતનું મનદુઃખ રાખી ચાર શખ્સોએ ફરિયાદીના ઘર પાસે આવી એકસંપ થઈને ફરિયાદી, તેમના પુત્ર ગોવિંદભાઈ અને પત્ની રૈયાબેન સહિતનાઓને ધારિયાનો ઊંધો ધા, લોખંડનો પાઈપ, લાકડાના ધોકા તેમજ ઢીકાપાટુનો મારમારી ઈજાઓ પહોંચાડી હતી અને જાન થી મારી નાખવાની ધમકી આપી હતી. જે અંગે ભોગ બનનાર ફરિયાદીએ બી-ડિવિઝન પોલીસ મથકે ચાર શખ્સો (૧) નરોત્તમભાઈ (૨) કંચનબેન નરોત્તમભાઈ દલસાણીયા (૩) આશિષ નરોત્તમભાઈ દલસાણીયા અને (૪) જય નરોત્તમભાઈ દલસાણીયા, તમામ રહે.નવા ૮૦ ફૂટ રોડ વાળા સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ભચાઉ: ચોરાઉ એકિટવા સાથે રાજેશ પકડાયો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



ભચાઉ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર ડી.ડી.ઝાલાની સુચના અન્વયે ભચાઉ સર્વેલન્સ સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પોલીસ હેડ કોન્સ્ટેબલ કમલેશભાઈ અરજણભાઈ ચાવડાને ખાનગી રાહે બાતમી હકીકત મળી કે રાજેશ રમેશભાઈ કુવરીયા (દેવીપુજક) રહે.ગણેશ મંદિરની બાજુમાં સુંદરપુરી ગાંધીધામ વાળો વોંધ પુલીયા પાસે પોતાના કબ્જાની જ્યુપીટર એકટીવા જેના રજી. જીજે -૧૨- સીઈ- ૧૯૧૯ વાળી ચોરી અથવા છળ-કપટથી મેળવેલ રોડની સાઈડમાં રાખી ઉભેલ છે.જે બાતમી હકિકત આધારે આરોપી રાજેશ રમેશભાઈ કુવરીયા (દેવીપુજક)ને જ્યુપીટર એકટીવા સાથે પડડી પાડી, ૨૦,૦૦૦ કિંમતનું વાહન કબજે કરી આરોપી વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

# જામકંડરોણામાં મામલદાર કચેરીમાં તલાટી મંત્રીને કાંઠલો પકડી ફડાકા ઝીંક્યા

## અરજી લેવા મુદ્દે થયેલી માથાકુટમા એટ્રોસિટી કેસમાં ફિટ કરી દેવા કચેરી માથે લીધી

**અબતક, રાજકોટ**

જામકંડોરણા મામલતદાર કચેરીમા રેવન્યુ તલાટી મંત્રી સાથે એક શખસે માથાકૂટ કરી તેમનો કોલર પકડી લાફા મારી દીધા હતાં. આ શખસે તને એટ્રોસિટીના કેસમાં ફિટ કરાવી દેવો છે કહી ધમકી પણ આપી હતી. જે અંગે ફરજમાં રૂકાવટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો. બનાવ અંગે રાજકોટમાં આવેલ શેઠ નગર સોસાયટીમાં રહેતાં અને જામકંડોરણા મામલતદાર કચેરીમા રેવન્યુ તલાટી તરીકે ફરજ બજાવતાં પુષ્પરાજસિંહ હીતેન્દ્રસિંહ ચુડાસમા (ઉ.વ.૩૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે જામકંડોરણાના નિલેશનું નામ આપ્યું છે.

ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ જામકંડોરણા મામલતદાર કચેરીમા રેવન્યુ તલાટીની સાથે હાલ ચુંટણીલક્ષી કામગીરી પણ કરે છે. ગઈકાલે ઓફીસમાં તેઓ ફરજ બજાવતા હતા ત્યારે ત્રણેક વાગ્યાની આજુબાજુ સ્થાનિક સ્વરાજની ચુંટણીની મહત્વની કામગીરી કરતા હતા તે વખતે જામકંડોરણાનો નીલેશ જે અવાર નવાર ઓફિસમાં આવતો હોય તે આવી કહેવા લાગેલ કે, તમે મારી અરજી લઈ લો આથી તેને કહેલ કે, તમારી અરજી તમે રજીસ્ટ્રીના ટેબલે આપી દો તે ટેબલ અલગ છે. આ કામગીરી મારામાં આવતી નથી, અત્યારે હું ચુટણીલક્ષી મહત્વની કામગીરીમાં રોકાયેલ છું. જેથી આરોપી ઉશ્કેરાય ગયેલ અને ફરીયાદીને ઉશ્કેરવાનો પ્રયત્ન કરતાં તેમને કહેલ કે, તમે મારી સાથે માથાકુટ કરો નહીં, તમે મામલતદારને મળી લો તેમ કહેલ તો નીલે પોતાના મોબાઈલ ફોનમા વિડીયો શુટીંગ ચાલુ રાખી પોતાની અરજી લેવડાવવા સારૂ દબાણ કરવા લાગેલ અને તે કહેતો હતો કે, હવે તો તમને જોય જ લેવા છે તેમ કહી મામલતદારની ઓફીસમા ગયેલ અને થોડીવારમાં બહાર નીકળી તેમણે નાયબ મામલતદારને અરજી આપેલ અને તે ફરીયાદીના ટેબલે આવી કહેવા લાગેલ કે, હવે તો તને જોય લેવો છે અને તને એટ્રોસીટીના કેશમાં ફીટ કરાવી દેવો છે તેમ ધમકી આપી ટેબલ પર હાથ પછાડી ટેબલ પર રહેલ કાગળો ડુચો વાળવા જતા તેમને અટકાવેલ તો તેમણે કોલર પકડી ગાળો દેવા લાગેલ હતો. જેથી ફરીયાદી કોલર છોડાવતો હતો તે વખતે એક ફડાકો મારી લીધેલ અને ત્યા સાથી કર્મચારીઓએ છોડાવેલ તો આરોપી જતા જતા બોલતો હતો કે, તું ઓફિસ બહાર નીકળ તને આજે મારી ન નાખુ તો કહેજે ધમકી આપી જતો રહ્યો હતો.

# ધ્રાંગધ્રા નજીક હરીપર બ્રિજ પર ટ્રકમાં આગ ભભૂકી: બે લોકો આબાદ બચાવ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



ત્યારે ધ્રાંગધ્રા માલવણ હાઈવે પર હરીપર બ્રિજ ઉપર હાઈવે પર પૂઠા બોક્સ ભરીને ગાડી અહમદાવાદ તરફ કચ્છ જઈ રહી હતી તે સમયે એકાએક આગ લાગતા અફડાતફડી મચી જવા પામી હતી જેમાં સદભાગ્યે ગાડીના ડ્રાઈવર, કેલેન્ડરનો આબાદ બચાવ થવા પામ્યો હતો.જેમાં ટ્રક ગાડીના ડ્રાઈવરએ સમય સૂચકતા દાખવી ગાડીમાંથી બહાર નીકળી ગયો હતો જયારે ટ્રકના કેબિનમાં જોતજોતામાં આગ વધતા ત્યાંથી પસાર થતા વાહનચાલકો અને હાઈવે પર પેટ્રોલિંગ કરતી રોડ સેફ્ટી કંપનીના ગાડીના ડ્રાઈવર વિજયસિંહ જાડેજા રોડ સેફ્ટી ની ટીમ ની ગાડી એ ધ્રાંગધ્રા નગરપાલિકા ફાયર ટીમને જાણ કરાતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આગને બુઝવાનો પ્રયાસ હાથ ધર્યો હતો.જયારે ભારે પ્રયાસ બાદ આગને કાબૂમાં લીધી હતી.જે ઘટનાની જાણ પોલીસને થતા તાલુકા પોલીસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી જઈને હાઈવે ઉપર થયેલ ટ્રાફિક હળવો કરી આગળની કામગીરી હાથ ધરી હતી

# પાટણવાવમાં બે પરિવાર વચ્ચે નજીવી બાબતે મારામારી: પાંચ ઘવાયા

## પરિણીતા સાથે ફોનમાં વાત કરવા મામલે ડખ્ખો સર્જાયો: બંને પક્ષ મળી મહિલા સહિત ૧૦ સામે ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

ધોરાજી તાલુકાના પાટણવાવમાં બે પરીવાર એકબીજા પર કુહાડી, પાઈપ, છરી સહિતના હથિયારો વડે તુટી પડયા હતાં. જેમાં પાંચને ઈજા પહોંચી હતી. પરિણીતા સાથે ફોનમાં વાત કરવા મામલે માથકૂટ થઈ હતી. આ અંગે પોલીસે સામસામી ફરિયાદના આધારે ૧૦ શખસો સામે રાયોટીંગ સહિતની કમલ હેઠળ ગુનો નોંધ્યો છે. વધુ વિગત મુજબ પાટણવાવમાં આંબેડકર રોડ પર બીબી મસ્જીદ પાસે રહેતાં ચંદુભાઈ દેવાભાઈ રાણવા (ઉ.વ.૬૯) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે મહેશ ઉર્ફે મુકેશ માધા વાવેચા, જીતુ મહેશ ઉર્ફે મુકેશ વાવેચા, પ્રતીક મહેસ ઉર્ફે મુકેશ વાવેચા, રસીલાબેન મહેશ વાવેચા અને નરેશ મનસુખ વાવેચા (રહે તમામ પાટણવાવ) ના નામ આપ્યા છે. પુત્ર હિતેશ ઘરે બેસવા આવ્યો હતો. દરમિયાન ઘરની બહાર ગામનો મહેશ ઉર્ફે મુકેશ વાવેચા અને તેનો દીકરા ચિતવન મોટા અવાજે ગાળો બોલતા હતા કે, બહાર નીકળો તમને જાનથી મારી નાખવા છે, જેથી ફરીયાદી અને તેમનો પરીવાર બહાર નીકળીને જોયું તો મહેશ ઉર્ફે મુકેશ વાવેચા તેનો પુત્ર ચિતવન, પ્રતીક, મુકેશના ભાઈનો દિકરો નરેશ અને મુકેશની પત્ની રસીલા કુહાડી, લોખંડના પાઈપ, લાકડી, કાચના ટુકડા સાથે ઊભાં હતાં.

જે દરમિયાન મહેશ ઉર્ફે મુકેશે તેની પાસે રહેલ લોખંડના પાઈપ વડે ફરિયાદીના પુત્ર યોગેશને જાનથી મારી નાખવાના ઈરાદે માથામાં મારતા લોહી નીકળવા લાગેલ બાદ ચિત્તવન ઉર્ફે ચિતુના હાથમાં કુહાડી હતી તેને પણ જાનથી મારી નાખવાના ઈરાદે દીકરા હિતેશને માથામાં ઘા ઝીંકી હિતેશના દીકરા સમીરને હાથમાં મારેલ હતી. તેમજ આરોપી પ્રતિકે ફરીયાદીને લાકડીનો ઘા ઝીંકી દિધો હતો. જ્યારે નરેશ ઉર્ફે નીરુએ તેમના હાથમાં રહેલ કાચના ટુકડા અમોને ઉડાડતો હતો ત્યાં આજુબાજુના માણસો આવી જતા આરોપી નાસી છૂટ્યા હતા.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેમના પુત્ર યોગેશના પત્ની બે મહિના પહેલા આ ચિત્તવન ઉર્ફે ચિતુ સાથે ફોનમાં વાતચીત કરતા પકડાઈ જતા ચિત્તવન તથા તેના પરિવારને ઠપકો આપેલ બાદ સમાધાન થઈ ગયેલ હતું. જે બાબતનો ખાર રાખી હુમલો કર્યો હતો.જ્યારે સામાપક્ષે પાટણવાવમાં જ રહેતા ચિત્તવનકુમાર મહેશભાઈ વાવેચા (ઉવ.૩૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ધનરાજ હિતેશ રાણવા, હિતેશ ચંદુ રાણવા, યોગેશ ચંદુ રાણવા, ચંદુ દેવા રાણવા અને સમીર હિતેશ રાણવા (રહે તમામ પાટણવાવ) નું નામ આપી જણાવ્યું હતું કે, ગઈ તા.૧૪ ના સાંજના નવેક વાગ્યે તે અને તેમનો નાનો ભાઈ પ્રતિક બીબી મસ્જિદ પાસે દુકાને પાન ખાવા જતા હતા ત્યારે ત્યાં રહેતા ચંદુ રાણવાનો પરિવાર ત્યાં બેઠો હતો. અમને જોતા જ તેઓ એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને ગાળો બોલવા લાગેલ ત્યારે ધનરાજ રાણવાના હાથમાં છરી હતી તેને દોડીને આવી માથામાં ઘા મારેલ બાદ બીજો ઘા હાથમાં બગલ પાસે મારેલ હતો. ત્યાં હિતેશ રાણવા, યોગેશ રાણવા, ચંદુ રાણવા, સમીર રાણવા પણ હાથમાં કુહાડી, લોખંડનો પાઈપ જેવા હથિયારો સાથે ઉભા હતા. આરોપીઓ દોડીને આવેલ અને બંને ભાઈઓને મુંઢમાર મારી ગાળા-ગાળી કરવા લાગેલ. ત્યાં યુવકના મમ્મી પપ્પા પણ આવી ગયેલ અને તેમની સાથે પણ સામાવાળા લોકો જપાજપી કરી હતી. ત્યાં મોટા બાપાનો દીકરો નરેશ ઉર્ફે નીરુ વાવેચા પણ ત્યાં આવી ગયેલ તેને પણ સામા વાળાએ લોકોએ મુંઢમાર મારેલ હતો. બનાવ અંગેની સામસામી ફરીયાદ પરથી પાટણવાવ પોલીસે મહિલા સહિત ૧૦ સામે રાયોટીંગ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી પીઆઈ વાય.એમ.ગોહિલે વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબી મનપા ચૂંટણી: ૧૩ વોર્ડની ૫૨ બેઠકો પર ૧૭૭ ઉમેદવારો વચ્ચે જંગ

## ફોર્મ ખેંચવાની મુદત બાદ આખરી ચિત્ર સ્પષ્ટ; ભાજપ, કોંગ્રેસ, આપ અને બસપા વચ્ચે જામશે રસાકસી

**અબતક ઋષિ મહેતા મોરબી:** મોરબી મહાનગરપાલિકાની ચૂંટણીમાં ફોર્મ પરત ખેંચવાની પ્રક્રિયા પૂર્ણ થતા હવે મેદાનમાં રહેલા ઉમેદવારોની આખરી યાદી જાહેર કરવામાં આવી છે. મોરબીના તમામ ૧૩ વોર્ડમાં કુલ ૧૭૭ ઉમેદવારો મેદાનમાં છે. નોંધનીય છે કે, મોરબીમાં એક પણ બેઠક બિનહરીફ થઈ નથી, જેના કારણે તમામ ૫૨ બેઠકો પર આગામી ૨૬ એપ્રિલના રોજ મતદાન યોજાશે.

ચૂંટણી જંગમાં ભાજપ અને કોંગ્રેસ ઉપરાંત આમ આદમી પાર્ટીએ પણ તમામ વોર્ડમાં પોતાની પેનલ ઉતારી છે. વોર્ડ નંબર ૧, ૨ અને ૫ માં સૌથી વધુ ૧૬-૧૬ ઉમેદવારો હોવાથી ત્યાં ભારે રસાકસી જોવા મળશે.

આ વખતે ભાજપના દિગ્ગજ નેતાઓ સામે કોંગ્રેસ અને 'આપ' ના નવા ચહેરાઓ મેદાનમાં હોવાથી જંગ ત્રિપાંખિયો બન્યો છે. આ ઉપરાંત, કેટલાક વોર્ડમાં બસપા અને અપક્ષ ઉમેદવારોની હાજરીને કારણે ચૂંટણીના સમીકરણો વધુ રસપ્રદ બન્યા છે.

ચૂંટણી અધિકારીએ હરીફ ઉમેદવારોને ચિન્હોની ફાળવણી કરી દેતા હવે શહેરભરમાં પ્રચારનો ધમધમાટ શરૂ થશે.

# જાંબુડીયા બેઠક પર ભાજપના સંદિપભા ગઢવી બિનહરીફ ચૂંટાયા

**અબતક, રૂષિ મહેતા, મોરબી**




મોરબી તાલુકા પંચાયતની જાંબુડીયા બેઠક પર કોંગ્રેસ ઉમેદવાર દ્વારા ફોર્મ પરત ખેંચાતા ભાજપના સંદિપભા ગઢવી બિનહરીફ વિજેતા જાહેર થયા છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલાં જ ભાજપે વિજયની શરૂઆત કરતા પાર્ટીમાં આનંદની લાગણી ફેલાઈ છે.

મોરબી જીલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે ભાજપે જાંબુડીયા તાલુકા પંચાયત બેઠક પરથી બિનહરીફ જીત મેળવી વિજયના શ્રીગણેશ કર્યા છે. કોંગ્રેસના ઉમેદવાર દ્વારા ઉમેદવારી પરત ખેંચાતા ભાજપના સંદિપભા ભુપતભા ગઢવી વિજેતા જાહેર થયા હતા. આ જીતની ખુશીમાં મોરબી જીલ્લા ભાજપ કાર્યાલય 'શ્રી કમલમ' ખાતે ઉજવણી યોજાઈ હતી, જેમાં આગેવાનો અને કાર્યકરોએ મીઠાઈ વહેંચી આનંદ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં જીલ્લા ભાજપ પ્રમુખ જયંતીભાઈ રાજકોટિયા, રાજ્ય મંત્રી કાંતિભાઈ અમૃતિયા, ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા, પૂર્વ મંત્રી બ્રિજેશભાઈ મેરજા, જીલ્લા ભાજપ મહામંત્રી તપનભાઈ દવે સહિત આગેવાનો હાજર રહ્યા હતા. આ તકે ભાજપ આગેવાનોએ આ બિનહરીફ જીતને વિકાસના રાજકારણમાં લોકોના વિશ્વાસનો પ્રતિબિંબ ગણાવી આગામી સમયમાં પણ જીલ્લામાં વિજય યાત્રા ચાલુ રહેવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# લેન્ડમાર્ક આર્કેડ કોપ્લેક્ષની ઓફિસમાં ક્રિકેટ સટ્ટાનો પર્દાફાશ: ૪ ઝડપાયા, ૧ ફરાર

## રોકડ મળી રૂ.૩.૦૭ લાખનો મુદ્દામાલ કબ્જે: ચાર ઝડપાયા

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીના શનાળા રોડ પર આવેલ લેન્ડમાર્ક આર્કેડ શોપિંગ કોમ્પ્લેક્ષના બીજા માળે આવેલ ઓફિસમાં ગ્રાહકોને બહારથી બોલાવી મોબાઈલ એપ્લિકેશન દ્વારા આઈપીએલ મેચ પર સટ્ટો ચલાવવામાં આવતો હોવાનો પર્દાફાશ થયો છે. પોલીસે રેડ કરીને ઓફીસ માલીક સહિત ૪ આરોપીઓને ઝડપી પાડ્યા છે. રૂ.૩.૦૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

મોરબી સીટી એ ડિવિઝન પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે શનાળા રોડ પર લેન્ડમાર્ક આર્કેડ શોપિંગ કોમ્પ્લેક્ષના બીજા માળે આવેલ શ્રી કૃષ્ણ એન્ટરપ્રાઈઝ નામની ઓફિસમાં રેડ કરવામાં આવી હતી. જ્યાં આઈપીએલ ક્રિકેટ મેચ દરમિયાન મોબાઈલમાં આઈડી મારફત સેશન દરમિયાન રન ફેરના સોદાઓ લઈ રન થાય નો થાયનો પૈસાની હારજીતનો જુગાર રમાતો હતો.

આ સાથે પોલીસે સ્થળ પરથી ઓફીસ માલીક આરોપી ઉત્તમભાઈ રમેશભાઈ કાવર તથા હાર્દીકભાઈ પ્રવિણભાઈ રંગપરીયા, હાર્દીકભાઈ બાબુભાઈ રૂપાલા અને ભાવિકભાઈ ગણેશભાઈ ગોધવીયાને ઝડપી લેવામાં આવ્યા હતા. જ્યારે ઓનલાઈન આઈડી રૂ.૧૦ લાખમાં ઉપયોગ કરવા આપનાર આરોપી વિશાલ દેવદાનભાઈ ડાંગર હાજર નહિ મળી આવતા તેની અટક કરવા ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસની રેઈડ દરમિયાન આરોપીઓ પાસેથી રોકડ રૂ.૭,૫૦૦/- તેમજ ૫ મોબાઈલ ફોન મળી કુલ રૂ.૩,૦૭,૫૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.

# મોરબીના સિરામિક ઉદ્યોગને બેઠો કરવા ગુજરાત ગેસ લિમિટેડ કટિબદ્ધ

## જીજીએલ અને સિરામિક એસોસિએશનના સંયુક્ત પ્રયાસોથી ૧૪૨ એકમો પુન: કાર્યરત, આંતરરાષ્ટ્રીય બજારોમાંથી ગેસ મેળવી ઉદ્યોગને અપાયો ટેકો

**અબતક, રાજકોટ**

મોરબીના વિશ્વવિખ્યાત સિરામિક ઉદ્યોગની ઈંધણની જરૂરિયાતને પહોંચી વળવા માટે ગુજરાત ગેસ લિમિટેડ (જીજીએલ) દ્વારા અત્યાધુનિક વિતરણ નેટવર્ક કાર્યરત કરવામાં આવ્યું છે. વર્ષોથી પીએનજીના અધિકૃત સપ્લાયર તરીકે કાર્યરત જીજીએલના ડેટા મુજબ, ફેબ્રુઆરી-૨૦૨૬ સુધી મોરબીમાં ૩૭૭ ગ્રાહકો ગેસનો ઉપયોગ કરી રહ્યા હતા. જોકે, મોટો હિસ્સો અન્ય ઓઈલ કંપનીઓના પ્રોપેન પર નિર્ભર હતો, જે કુલ જરૂરિયાતનો આશરે ૭૦% હિસ્સો ધરાવતો હતો.

માર્ચ-૨૦૨૬ની શરૂઆતમાં ઉદ્યોગની માંગ વધવા છતાં યુએસ-ઈરાન યુદ્ધ જેવી વૈશ્વિક ભૌગોલિક સ્થિતિને કારણે એલએનજી પુરવઠામાં વિક્ષેપ પડ્યો હતો. ભારત સરકારના દિશાનિર્દેશો મુજબ, જીજીએલએ શરૂઆતમાં સપ્લાયમાં થોડો કાપ મૂકીને તેને નિર્ધારિત કરવો પડ્યો હતો. વૈશ્વિક કટોકટી, વધતા ઉત્પાદન ખર્ચ અને પ્રોપેન પરના નિયંત્રણોને લીધે સિરામિક ઉત્પાદકો માટે વિકટ સ્થિતિ ઊભી થઈ હતી, જેના કારણે માર્ચના મધ્યથી અનેક એકમોએ સ્વેચ્છાએ પ્લાન્ટ બંધ રાખવાનો નિર્ણય લીધો હતો.

આ કપરી પરિસ્થિતિમાં ઉદ્યોગોને ફરી ધબકતા કરવા માટે જીજીએલએ મહત્વની ભૂમિકા ભજવી છે. કંપનીએ મધ્ય-પૂર્વ સિવાયના અન્ય આંતરરાષ્ટ્રીય બજારોમાંથી તત્કાલીન ભાવે ગેસનો પૂરતો જથ્થો મેળવી ઉદ્યોગની જરૂરિયાત પૂરી કરી છે. જીજીએલએ સિરામિક ઉત્પાદકો સાથે સતત સંવાદ સાધીને પ્રોપેનને બદલે કુદરતી ગેસનો વધારાનો સપ્લાય પૂરો પાડવા માટે સઘન પ્રયાસો કર્યા છે, જેથી વૈશ્વિક ભાવો વધવા છતાં ઉત્પાદન પ્રક્રિયા અટકે નહીં.

જીજીએલ અને મોરબી સિરામિક એસોસિએશનના સંયુક્ત પ્રયાસોના ફળસ્વરૂપે હાલમાં ૧૪૨ જેટલા સિરામિક એકમો પુન: કાર્યરત થયા છે. આંતરરાષ્ટ્રીય બજારમાં એલએનજીના ભાવો ૧૮-૨૦ ડોલર જેટલા ઊંચા હોવા છતાં, જીજીએલ ઉદ્યોગની પડખે અડગ રીતે ઊભું છે. પરસ્પર વિશ્વાસ અને સતત સંકલન દ્વારા પુરવઠા અને ભાવના પ્રશ્નો ઉકેલીને મોરબીના સિરામિક ઉદ્યોગને ફરીથી નવી ઊંચાઈએ લઈ જવા માટે કંપની સંપૂર્ણપણે કટિબદ્ધ છે.

# મોરબી અને હળવદમાં વિદેશી દારૂના ચાર દરોડા

## ૧૭ બોટલ સાથે ૪ ઝડપાયા, ૧ ફરાર

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી શહેર અને હળવદ વિસ્તારમાં પોલીસે અલગ-અલગ ચાર સ્થળે દરોડા પાડી વિદેશી દારૂની કુલ ૧૭ બોટલ કબ્જે કરી છે. આ સાથે ચાર આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે, જ્યારે એક આરોપીને વોન્ટેડ જાહેર કર્યો છે. હાલ તમામ આરોપીઓ સામે પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો નોંધી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ દ્વારા પંચાસર રોડ ચોકડી પાસે રમીઝભાઈ નુરખાન સીપાઈ ઉવ.૩૭ રહે.કાલીકા પ્લોટ શેરી નં-૧ મોરબી વાળા પાસેથી ૫ બોટલ વિદેશી દારૂ કબ્જે કરી આરોપીની અટક કરી હતી. આ ઉપરાંત શનાળા-રાજપર રોડ ઉપરથી મનિષભાઈ શાંતીલાલભાઈ રાવલ ઉવ.૫૨ રહે. શનાળા રામજી મંદિર પાસે મોરબી વાળાને ૧૮૦મીલી.ની ૫ બોટલ સાથે ઝડપી લેવાના આવ્યો હતો. પોલીસની પૂછતાછમાં આ વિદેશી દારૂ આરોપીના પુત્ર સારંગભાઈ મનિષભાઈ રાવલ પાસેથી મેળવ્યો હોવાની કબૂલાત આપતા, પોલીસે આરોપી પાસેથી વિદેશી દારૂ તથા એક મોબાઈલ સહિતનો મુદ્દામાલ જપ્ત કરી બન્ને વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.જ્યારે હળવદ પોલીસ દ્વારા હરીદર્શન ચોકડી પાસે મહીપતભાઈ સાદુરભાઈ દેકાવાડીયા ઉવ.૩૦ રહે. ખેતરડી તા. હળવદ વાળા પાસેથી વિદેશી દારૂના ૬ નંગ ચપલા ઝડપી લેવામાં આવ્યા હતા. આ સિવાય હળવદ-માળીયા રોડ હરીદર્શન ચોકડી નજીકથી જ વિશાલ સુરેશભાઈ વઢરૂકીયા ઉવ.૨૪ રહે.ગૌરી દરવાજા પાસે હળવદ વાળા પાસેથી ૧ બોટલ વિદેશી દારૂ સાથે આરોપીની અટકાયત કરવામાં આવી હતી.

# હળવદમાં હદપારીનો ભંગ કરનાર આરોપી ઝડપાયો

**અબતક, રૂષિ મહેતા, મોરબી**




હળવદ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર.ટી. વ્યાસની કાર્યવાહી હેઠળ દેશી દારૂ વેચાણના ગુનામાં સંડોવાયેલા અનીલ હસુભાઈ ચૌહાણ રહે. ચરાડવા જુનાવાસ તા. હળવદ વાળા સામે અગાઉ હદપારીનો હુકમ આપવામાં આવ્યો હતો. સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા તેને મોરબી સહિત સુરેન્દ્રનગર, રાજકોટ શહેર, રાજકોટ રૂલર, અમદાવાદ રૂલર, અમદાવાદ શહેર, ગાંધીધામ-કચ્છ, પાટણ, જામનગર એમ અનેક જીલ્લાઓમાંથી છ મહિના માટે હદપારી કરવામાં આવ્યો હતો. તેમ છતાં આ આરોપી હળવદ વિસ્તારમાં હાજર હોવાની બાતમી મળતા પોલીસે અમદાવાદ હાઈવે બાયપાસ ત્રણ રસ્તા નજીકથી તેને ઝડપી પાડ્યો હતો.

# મોરબી : એક્સપ્લોઝીવ એક્ટ કેસમાં આરોપી જામીન મુક્ત

**અબતક, રૂષિ મહેતા, મોરબી**

વાંકાનેર તાલુકા પોલીસ દ્વારા એક્સપ્લોઝીવ એક્ટ હેઠળ પકડાયેલા આરોપીને મોરબી સેશન્સ કોર્ટ દ્વારા રૂ.૨૫ હજારના જામીન ઉપર મુક્ત કરવાનો આદેશ જારી કર્યો છે.



એડવોકેટ

આરોપીના વકીલ દ્વારા રજૂ કરાયેલી દલીલો અને ઉચ્ચ અદાલતોના ચુકાદાઓના આધારે અદાલતે આરોપીના શરતોને આધીન જામીન મંજૂર કર્યા છે.

વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં આરોપી રમેશભાઈ ગોરધનદાસ ખોજીરજી રહે. આજીવસાહત ખોડીયારનગર રાજકોટ વાળાને એક્સપ્લોઝીવ એક્ટ તથા વિસ્ફોટક પદાર્થ અધિનિયમની સંબંધિત કલમો હેઠળ ધરપકડ કરી અદાલતમાં રજૂ કરવામાં આવ્યા બાદ જ્યુડિશિયલ કસ્ટડીમાં જેલ હવાલે કરવામાં આવ્યા હતા. બાદમાં આરોપીના વકીલ મનીષ પી. ઓઝા (ગોપાલ ઓઝા) દ્વારા મોરબી સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરવામાં આવી હતી. ત્યારે સિનિયર એડવોકેટ મનીષ પી. ઓઝાએ સુપ્રીમ કોર્ટ અને ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓના આધારે કાયદાકીય દલીલો રજૂ કરી હતી. જે દલીલોને માન્ય રાખી વિશેષ ન્યાયાધીશ કે. આર. પંડયાએ આરોપીને રૂ.૨૫ હજારના જામીન પર શરતો સાથે મુક્ત કરવાનો આદેશ કર્યો હતો.

આ કેસમાં આરોપી રમેશભાઈ ગોરધનદાસ ખોજીરજીના વકીલ મનિષ પી. ઓઝા (ગોપાલભાઈ) તથા કુ. મેનાઝ એ પરમાર રોકાયેલા હતા.

# ગાંધીધામ: માળિયા - અમદાવાદ રાષ્ટ્રીય ધોરી માર્ગને સિકસલેન બનાવવા ચેમ્બરની માંગ

## ગુજરાત સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશનના જે.એ.ગાંધીને રજુઆત


**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

દેશનો ભૌગોલિક દ્રષ્ટિએ વિશાળ અને સરહદી જીલ્લો કચ્છ જીલ્લો જે, ગુજરાત રાજ્યનું ઔદ્યોગિક અને લોજિસ્ટિક હાર્ટ ગણાય છે તેવા પ્રદેશના સર્વાંગી વિકાસ માટે, માળિયા-અમદાવાદ રાષ્ટ્રીય ધોરી માર્ગનું આધુનિકીકરણ એ સમયની માંગ બની ગયું છે. કંડલા અને મુન્દ્રા જેવા આંતરરાષ્ટ્રીય બંદરો મારફતે દેશના લગભગ ૪૦ ટકા જેટલા આયાત-નિકાસના વેપાર સાથે કચ્છ દેશની અર્થવ્યવસ્થામાં ખુબ મહત્વપૂર્ણ યોગદાન આપે છે. આવા સંજોગોમાં, કચ્છને અમદાવાદ અને રાજ્યના અન્ય મુખ્ય શહેરો સાથે જોડતો આ ધોરી માર્ગ હાલની પરિસ્થિતિમાં ચાર લેનનો હોવા છતાં ભારે ટ્રાફિકના કારણે સતત દબાણમાં રહે છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આ માર્ગને તાત્કાલિક ધોરણે ૬ લેનનો બનાવવા ગાંધીધામ ચેમ્બર દ્વારા રજૂઆત કરવામાં આવી છે. ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ તેજાભાઈ કાનગડે તેમના નિવેદનમાં જણાવ્યું હતું કે, કચ્છ રાજ્ય અને દેશ માટે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વ ધરાવતો વિસ્તાર છે. અહીંથી ચાલતા પેટ્રોલિયમ, સ્ટીલ, સિમેન્ટ, મિનરલ્સ, ટેક્સટાઈલ અને એમએસએમઈ ક્ષેત્રના હજારો ઉદ્યોગો માટે ઝડપી અને સુરક્ષિત માર્ગ વ્યવસ્થા અનિવાર્ય છે.

આ મુદ્દે રાજ્યના ઉચ્ચ અધિકારીઓને સંબોધીને કરાયેલ રજૂઆતમાં, મેનેજિંગ ડાયરેક્ટર, ગુજરાત સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશનના જે.એ ગાંધીને તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવી છે.

# હળવદમાં બુટલેગર અલ્તાફ ઉર્ફે રાજા પાસા હેઠળ ડિટેઈન

**અબતક, રૂષિ મહેતા, મોરબી**



હળવદ પોલીસે ઈંગ્લીશ દારૂના ગુનામાં સંડોવાયેલા વધુ એક આરોપીને પાસા હેઠળ ડિટેઈન કરી જેલ હવાલે કર્યો છે. જીલ્લા મેજિસ્ટ્રેટના આદેશ બાદ હળવદ પોલીસની ટીમે કાર્યવાહી કરી આરોપીને ઝડપી પાડ્યો હતો.

હળવદ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર.ટી. વ્યાસના માર્ગદર્શન હેઠળ ઈંગ્લીશ દારૂ વેચાણના ગુનામાં સંડોવાયેલા અલ્તાફ ઉર્ફે રાજા સોકતભાઈ ખોડ હાલ રહે. વાવડી રોડ બાવરીયા પીરની દરગાહ સામે મોરબી મૂળ રહે.જ્હોનસનગર શેરી નં.૧૧-૧૨ મોરબી વાળા સામે પાસા હેઠળ દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. જે દરખાસ્તને લઈને જીલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા આરોપીનું પાસા વોરંટ જારી થતાં પોલીસની અલગ-અલગ ટીમો દ્વારા કાર્યવાહી હાથ ધરી આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો. જે બાદ આરોપીને પાસા એક્ટ હેઠળ ડિટેઈન કરી જેલ હવાલે કરવામાં આવ્યો છે.

# ધોલેરામાં ટાટા સેમિકન્ડકટર મેન્યુ. પ્રા.લી. માટે સ્પેશિયલ ઈકોનોમિક ઝોન જાહેર

## બોર્ડ ઓફ એપ્રુવલની મંજુરી બાદ જાહેરાત

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં ભારતના સેમિકન્ડકટર લક્ષ્યોને મજબૂત કરવાના મહત્વપૂર્ણ નીતિગત પગલા તરીકે, કેન્દ્ર સરકારે ધોલેરામાં ટાટા સેમિકન્ડકટર મેન્યુફેક્ચરિંગ પ્રાઈવેટ લિમિટેડ માટે સ્પેશિયલ ઈકોનોમિક ઝોનની સૂચના બહાર પાડી છે.

૬૬.૧૬ હેક્ટરમાં ફેલાયેલ આ સેઝ ખાસ કરીને ઈલેક્ટ્રોનિક હાર્ડવેર અને સોફ્ટવેર, જેમાં આઈ.ટી. અને આઈ.ટી.-સક્ષમ સેવાઓ નો સમાવેશ થાય છે, તેના માટે કાર્યરત રહેશે. વાણિજ્ય વિભાગ દ્વારા ૯ એપ્રિલના રોજ બહાર પાડવામાં આવેલી આ સૂચના, જમીન માટેની સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થા 'બોર્ડ ઓફ એપ્રુવલ' ની મંજૂરી બાદ આવી છે.

આ સાથે, સેમિકન્ડકટર અને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે અત્યાર સુધીમાં પાંચ નવા સેઝ સૂચિત કરવામાં આવ્યા છે.

ગુજરાતમાં સેમિકન્ડકટર ઉત્પાદન ક્ષેત્રે રોકાણનો પ્રવાહ જોવા મળ્યો છે, જેમાં માઈક્રોન ટેકનોલોજીસ, કેન્સ સેમિકોન, સીજી સેમિકન્ડકટર અને ટાટા ગ્રુપ રાજ્યના મુખ્ય રોકાણકારો છે.

ટાટા ગ્રુપ દ્વારા આ સાઈટ પર દેશનું પ્રથમ સેમિકન્ડકટર ફેબ્રિકેશન યુનિટ સ્થાપવા માટે રૂ. ૯૧,૦૦૦ કરોડ ના રોકાણનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

"રોજગાર: અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ પ્રોજેક્ટથી અંદાજે ૨૧,૦૦૦ નોકરીઓ પેદા થવાની સંભાવના છે, જે ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજન આ સૂચના ચિપ પ્રોજેક્ટ્સને આકર્ષવા માટેની નીતિગત સુધારા પણ દર્શાવે છે. સરકારે ગયા વર્ષે સેમિકન્ડકટર અને ઈલેક્ટ્રોનિક્સ ઘટકોના ક્ષેત્રો માટે સેઝ માટેની લઘુત્તમ જમીનની જરૂરિયાત ૫૦ હેક્ટરથી ઘટાડીને ૧૦ હેક્ટર કરી હતી, જેથી આવા પ્રોજેક્ટ્સ વધુ વ્યવહારુ બની શકે.

# જામનગરના મચ્છરનગરમાં દારૂના જથ્થા સાથે મકાન માલિક ઝડપાયો

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગરમાં મચ્છર નગર વિસ્તારમાં રહેતા દારૂના ધંધાર્થીના રહેણાક મકાન પર પોલીસે દારુ અંગે દરોડો પાડયો હતો, અને મકાનમાંથી ૨૦ નંગ નાની મોટી ઈંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો કબજે કરી લઈ મકાનમાલિકની અટકાયત કરી લેવામાં આવી છે.

જામનગર શહેરના સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં મચ્છરનગર શેરી નં. ૧, રૂમ નં. ૧૪૬ માં રહેતા શૈલેન્દ્રસિંહ નટુભા જાડેજા ના રહેણાંક મકાનમાં સર્વેલન્સ સ્કવોડ દ્વારા રેડ કરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન આરોપી શૈલેન્દ્રસિંહ નટુભા જાડેજા સ્થળ પરથી ઝડપાઈ ગયો હતો. પોલીસે તેની પાસેથી ૨૦ નંગ ઈંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો કબજે કર્યો છે, અને તેની વધુ પૂછપરછ હાથ કરવામાં આવી છે.

# જામનગરમાં છેતરપિંડીનો ચેતવણીજનક કિસ્સો સામે આવ્યો

## લોનવાળું મકાન ટાઈટલ ક્લિયર બતાવી વેચનાર દંપતી સામે કોર્ટમાં હાજર થવા હુકમ

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગર શહેરમાં મકાન વેચાણના બહાને નવી પ્રકારની છેતરપીંડીનો ચોંકાવનાર કિસ્સો સામે આવ્યો છે, જેમાં લોન ચાલતું મકાન ટાઈટલ ક્લિયર હોવાનું બતાવી વેચાણ કરી ખરીદદારે મોટી આર્થિક ખોટ ભોગવવી પડી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ફરીયાદી કેશુભાઈ જુઠાભાઈ નકુમ, મૂળ મોરબીના રહેવાસી અને હાલ જામનગરમાં ખાનગી કંપનીમાં નોકરી કરે છે, જેમણે કાયમી વસવાટ માટે મકાન ખરીદવાનું નક્કી કર્યું હતું. તે દરમિયાન આરોપી કુંવરબેન હેમતભાઈ આહીર અને હેમતભાઈ પાલાભાઈ આહીરએ દ્વારકેશ સોસાયટી-૫ વિસ્તારમાં આવેલું પોતાનું મકાન ટાઈટલ ક્લિયર હોવાનું જણાવી રૂા. ૧૫.૬૦ લાખમાં વેચાણનો સોદો કર્યો હતો.

ફરીયાદીએ વિશ્વાસ રાખીને રૂા. ૭ લાખ ચુકવી વેચાણ કરાર કર્યો હતો, તેમજ મકાનનો કબ્જો મેળવ્યા બાદ તેમાં રંગરોગાન, ફર્નિચર સહિતના કામોમાં આશરે રૂા. ૪ લાખનો ખર્ચ કર્યો હતો.

પરંતુ બાદમાં હિન્દુજા હાઉસિંગ ફાઈનાન્સ કંપની દ્વારા મકાન ઉપર લોન બાકી હોવા અંગે નોટિસ ચોંટાડવામાં આવતાં સમગ્ર છેતરપીંડીનો ભાંડાફોડ થયો હતો. તપાસમાં સામે આવ્યું કે મકાન ઉપર આશરે રૂા. ૧૭.૧૦ લાખની લોન બાકી હતી. આ અંગે ફરીયાદીએ આરોપીઓને પૂછતાં તેઓએ લોન ચૂકવી મકાન ટાઈટલ ક્લિયર કરી આપવાનો વિશ્વાસ આપ્યો હતો, પરંતુ બાદમાં ફાઈનાન્સ કંપનીએ સરફેસી એક્ટ હેઠળ કાર્યવાહી કરી તા. ૩.૮.૨૦૨૫ના રોજ કોર્ટ દ્વારા નિયુક્ત કમિશ્નર મારફતે મકાનનો કબ્જો લઈ લીધો હતો.

આથી આરોપીઓએ લોનની હકીકત છુપાવી છેતરપીંડી અને વિશ્વાસઘાત કરવાનો ઈરાદો રાખી મકાન વેચાણ કરી કુલ રૂા. ૮.૧૫ લાખ મેળવી લીધા હતા તથા ફરીયાદીને થયેલા રૂા. ૪ લાખના ખર્ચ સાથે મળીને રૂા. ૧૨.૧૫ લાખ પરત ચૂકવવાનો કરાર કર્યો હોવા છતાં રકમ પરત ન આપતાં મામલો ગંભીર બન્યો હતો.ફરીયાદીએ શરૂઆતમાં પોલીસમાં લેખિત ફરિયાદ આપ્યા છતાં ગુનો નોંધાયો ન હોવાથી અંતે કોર્ટમાં અરજી દાખલ કરી હતી. આ મામલે મેજિસ્ટ્રેટ યુ.એસ. આહીર ની અદાલતે પ્રાથમિક તપાસ બાદ આરોપી દંપતી વિરુદ્ધ છેતરપીંડી અને વિશ્વાસઘાતના ગુનામાં કાર્યવાહી હાથ ધરી તેમને કોર્ટમાં હાજર થવાનો હુકમ કર્યો છે.

# મહેન્દ્રનગર ચોકડી પાસે બુધવારી બજારમાંથી સગીરા ગુમ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીમાં રહેતા અને મૂળ તાલુકાના ગ્રામ્યના વતની એવા ફરિયાદીની ૧૭ વર્ષની દીકરી ગુમ અથવા અપહરણ થયા અંગેની આશંકા સાથે બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવવામાં આવેલ ફરિયાદ મુજબ, ફરિયાદી ગત.તા.૧૧/૦૩/૨૦૨૬ના રોજ સાંજે મહેન્દ્રનગર ચોકડી નજીક બુધવારી બજાર વિસ્તારમાં તેઓ પોતાની સગીર દીકરી અને પુત્ર સાથે ગયા હતા. દરમિયાન સગીરા ખરીદી કરવા માટે બજારમાં ગઈ હતી, પરંતુ અડધો કલાક જેટલો સમય વીતી જતાં પણ પરત ન ફરતાં પરિવારજનો ચિંતિત બન્યા હતા. પરિવાર દ્વારા બજાર તથા આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવામાં આવી હતી, છતાં સગીરાનો કોઈ પત્તો મળ્યો ન હતો. ત્યારબાદ સગા-સંબંધીઓમાં પણ તપાસ કરવામાં આવી, પરંતુ કોઈ સગડ ન મળતા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ફરિયાદીના જણાવ્યા મુજબ, અગાઉ પણ સગીરા બે વખત જાણ કર્યા વગર ઘરેથી જતી રહી હોવાનું સામે આવ્યું છે અને છ માસ બાદ ઘરે પરત ફરી હતી, જે અંગે પણ અગાઉ ફરિયાદ નોંધાવી હતી તે બાબતનો પણ ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે.

હાલ સગીર વયની દીકરીના અપહરણ થયા અંગેની આશંકા વ્યક્ત કરી, મોરબી બી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે અજાણ્યા આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી સગીરાની શોધખોળ શરૂ કરી છે.

### સ્થાનિક સ્વરાજયની ચૂંટણી પૂર્વે

# સોરઠ પંથકમાં બુટલેગરો પર પોલીસની તવાઈ: પાંચ સ્થળોએ વિદેશી દારૂના દરોડા

## કેશોદ, જૂનાગઢ, માંગરોળમાં એલસીબી ત્રાટકી અને જામકા અને બગડુ ગામે સ્થાનિક પોલીસે દરોડા પાડ્યા: અડધા કરોડથી વધુનો મુદ્દામાલ કબ્જે

**અબતક, દર્શન જોષી, જૂનાગઢ**

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે દારૂબંધીનો કડક અમલ કરવા જૂનાગઢ રેન્જના વડા રાજેન્દ્રસિંહ ચુડાસમા અને એસ.પી. ઓડેદરાએ આપેલી



સૂચનાને પગલે એલ.સી.બી. અને સ્થાનિક પોલીસ દ્વારા બુટલેગરો પર ધોંસ બોલાવવામાં આવી છે. જેમાં એલસીબીએ કેશોદમાં બે સ્થળોએ, માંગરોળના મુક્તુપુર અને જૂનાગઢ ખાતે દરોડો પાડી દારૂ-બિયરના જંગી જથ્થો ઝડપી પાડી અડધા કરોડથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી નાશી છૂટેલા બુટલેગરોની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

જૂનાગઢ ઈવનગર રોડ ઉપર આવેલ ખેતરના કાચા રસ્તે કટીંગ કરવાની પેરવીમા ક્રાઈમ બ્રાંચને સંયુકતમાં ખાનગી બાતમીદારો મારફતે ચોક્કસ બાતમી હકિકત મળેલ કે, જૂનાગઢ, ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતા મયુર કરણા ભારાઈ, અરજણ ઉર્ફે રજાડી અમરાભાઈ વંશ, રામા દેવરાજ મોરી, કિરીટ ઉર્ફે કિડો ભગાભાઈ છેલાણા તથા મધુરમ વિસ્તારમાં રહેતો આલા સીદી રાડાનાઓ ભાગીદારીમાં ગે.કા. રીતે ગુજરાત રાજ્યમાં પ્રતિબંધિત એવો ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો મંગાવી, તેનું ઈવનગર ગામના ગેઈટ નજીક આવેલ લાખા કરશન ગરચરની વાડીમાં કટીંગ કરે છે અને તેઓની આ પ્રવૃતિ હાલ ચાલુમાં છે. જે હકિકત આધારે બાતમી હકિકતવાળી જગ્યા એ ત્રાટકી, પીક-અપ વાહન રજી નં. જીજે-૧૧-વીવી-૨૭૧૬ તથા છકડો રીક્ષા રજી નં.જીજે-૮-ઝેડ-૧૧૫૨ની પડેલ અને તેની બાજુમાં માંડવીના ભુકાનો ઢગલો જોવામાં આવેલ. ત્યાં એક ઈસમ હાજર હોય જે વાહનમાંથી રહેલ ગાંધીગ્રામના મનસુબાને નિષ્ફળ બનાવી રેઈડ કરતા રૂ. ૧૦,૦૭,૭૬૦ ની કિંમતના વિદેશી દારૂ, બિયરની બોટલ નંગ ૩૮૭૬, વાહન તથા અન્ય મુદામાલ સહિત કુલ કિ. રૂ. ૧૩,૨૭,૭૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી. મયુર કરણાભાઈ ભારાઈ તથા હાજર નહિ મળેલ આરોપી કિરીટ ઉર્ફે કિડો ભગાભાઈ છેલાણા રામા દેવરાજ મોરી, આલા સીદી રાડા, અરજણ ઉર્ફે રજાડી અમરાભાઈ વંશ ગુન્હો દાખલ કરાવવામાં આવેલ છે.

અજાબ રોડથી કેશોદની દર્શન હોટલ વાળી ગલીમાં થઈ ડી.પી.રોડ તરફ જનાર સેન્ટ્રો કાર નં. જીજે ૦૧ એચજે ૫૧૮૨ ને રોકી તપાસ કરતા, કાર માંથી રૂ.૩,૨૪,૦૦૦ની કિંમતનો ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૧૦૩૨ નાની મોટી બોટલનો જથ્થો મળી આવતા, પોલીસે અભીજીત કનુભાઈ દયાતર (રહે.માધવદ્વાર સોસાયટી, કેશોદ) ને પકડી પાડી, દારૂનો જથ્થો, કાર અને મોબાઈલ સહિતનો રૂ. ૪,૨૪,૦૦૦ નો મુદ્દામાલ કબજે લીધો હતો. રાજેન્દ્ર ઉર્ફે રાજુ રાણાભાઈ બાબરીયા (રહે.કેશોદ) તથા બાવન ધના ગરચર (રહે.કેશોદ) મંગાવ્યો હોવાનું ખુલતા ક્રાઈમ બ્રાન્ચે ત્રણેય આરોપીઓ સામે કેશોદ પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ કરાવી, હાજર નહીં મળી આવેલા બે આરોપીઓને પકડી પાડવા તજવીજ હાથ ધરાઈ છે.જ્યારે ક્રાઈમ બ્રાન્ચ અન્ય એક દરોડો કેશોદની પ્રજાપતિ સોસાયટીમાં પાડી, રમેશ ઉર્ફે રામો જેતાભાઈ ગરચર તથા રવિ ભુપતભાઈ બન્નેએ ભાગીદારીમાં મંગાવેલ વિદેશી દારૂની રૂ. ૩, ૨૫,૨૦૦ ની કિંમતી બોટલ નંગ ૯૬૦ આરોપીઓ કટીંગ કરે તે પહેલા પોલીસે પકડી પાડી, દરોડા દરમિયાન દારૂનો જથ્થો, ઓટો રિક્ષા, મોટર સાયકલ સહિત કુલ રૂ.૪,૨૫,૨૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

### જામકા તથા બગડુ ગામેથી દારૂનો જથ્થો પકડી પાડ્યો

જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનના સ્ટાફે બગડુ ગામ જામકા ચોકડી પાસે રૂદ્ર પેટ્રોલપંપના સ્ટોર રૂમમા વિરાગ મથુરદાસ ગોંડલીયાએ ઈન્ગલીશ દારુનો જથ્થો છુપાવી રાખેલ છે. તેમજ જામકા ગામના રહીશ કુલદીપ ઉર્ફે કાનો જગુભાઈ હુદડ તથા વનરાજ ઉર્ફે વનો ભાણકુભાઈ મન એ જામકા ગામની સીમમાં નદીના કાંઠે ઈન્ગલીશ દારૂ સંતાડીને રાખેલ છે. જે આધારે જુનાગઢ તાલુકા પોલીસે અલગ અલગ જગ્યાએ રેઈડ કરતા રૂદ્ર પેટ્રોલ પંપ ખાતે સ્ટોર રૂમમાથી આરોપી વિરાગ મથુરદાસ ગોડલીયાના કબ્જામાંથી રૂ. ૮૫.૨૦૦ ની કિંમતની ભારતિય બનાવટની ઈન્ગલીશ દારૂની બોટલ નંગ ૭૧ તથા જામકા ગામની સીમમાથી રૂ. ૪,૪૫,૨૦૦ ની કિંમતની ભારતિય બનાવટની ઈન્ગલીશ દારૂની બોટલ નંગ ૩૭૧ નો મુદામાલ પકડી પાડયો હતો. આ રેઈડ દરમિયાન પોલીસે આરોપીઓ વિસગ મથુરદાસ ગોડલીયા (રહે બગડુ તા. જુનાગઢ) કુલદીપ ઉર્ફે કાનો જંગુલાઈ હુદડ (રહે. જામકા તા.જુનાગઢ) તેમજ વનરાજ ઉર્ફે વનો બાલકુભાઈ મન (રહે.જામકા તા.જુનાગઢ) ને પકડી પાડી આરોપીઓ સામે પ્રોહીબીશન ધારાના અલગ અલગ ગુનાઓ દાખલ કરાવવામા આવેલ છે.

## માંગરોળના શેરીયાજ ગામેથી રૂ.૧૬.૨૦ લાખનો વિદેશી દારૂ ઝડપાયો



### કટીંગ થાય તે પૂર્વે એલસીબી ત્રાટકી, શરાબ અને વાહન મળી રૂ.૨૪.૨૦ લાખનો મુદ્દામાલ કબજે, નારણ ખાંભલા ફરાર

**અબતક**
**નિતીન પરમાર, અબતક**

માંગરોળ તાલુકાના શેરીયાજ ગામે રહેતો નારણ રામાભાઈ ખાંભલા વિદેશી દારૂનો જથ્થો બોલેરો પીક-અપ વાહનમાં મંગાવી, મકતુપુર ગામના સ્મશાન પાસે કટીંગ કરવાની પેરવીમાં છે.'' જે હકિકત આધારે એલસીબીના સ્ટાફે તપાસ કરતા અંધારામાં પીક-અપ વાહન તાલપત્રી ઢાંકેલ પડેલ જોવામાં આવેલ.જેથી તુરત વાહનને કોર્ડન કરી વાહનમાં ચેક કરતા વાહનના ઠાઠાના ભાગે પુકાની પેટીઓ જોવામાં આવેલ જે. ખોલી જોતા રૂ. ૧૬.૨૦ લાખની ની કિંમતના વિદેશી દારૂની બોટલ નંગ ૭૪૮૮ નો જથ્થો મળી આવતા વાહન તથા અન્ય મળી કુલ કિ. રૂ. રૂપિયા ૨૪.૨૦ લાખનો નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

માંગરોળ મરીન પો.સ્ટે. પ્રોહીબીશન એકટ મુજબનો ગુન્હો દાખલ કરાવવામાં આવેલ છે, જો કે દરોડા દરમિયાન આરોપી નારણ રામાભાઈ ખાંભલા હાજર મળી નહિ આવતા પોલીસે આરોપી શખ્સને શોધી કાઢવા તજવીજ હાથ ધરી છે. આરોપી પકડાયા બાદ આમ લે ઊંડાણપૂર્વક તપાસ થશે તો લાંબા સમયથી ચાલતા ગેરકાયદે ધંધા સાથે જોડાયેલા અનેક લોકોના નામ બહાર આવવાની શક્યતાઓ સેવાઈ રહે છે.

# જૂનાગઢ મનપાના એન્જીનીયર પાનસુરીયા સહિત ૩ સામે એસ્ટ્રોસિટી

### ગત તા.૧૩ના રોજ મનપામાં થયેલ બબાલ અંગે અંતે મનપાના કર્મચારીઓ વિરૂધ્ધ અંતે ગુનો નોંધાયો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢના મધુરમ બાયપાસ રોડ, વૃંદાવન નગર સોસાયટીમાં રહેતા કરશનભાઈ ઘેલાભાઈ સોલંકી (ઉ.વ.૫૪) ની જુનાગઢ બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં લેવામાં આવેલી ફરિયાદ મુજબ, ફરીયાદી કરશનભાઈ ઘેલાભાઈ સોલંકી પોતે અગાઉ કરેલ અરજીની વીગત લેવા માટે ગત તા. ૧૩ ના રોજ સવારે ૧૧ કલાકે મહાનગરપાલીકાની ઓફીસે બાધંકામ શાખામાં જતા ત્યા આ કામેના આરોપીઓ એવા મનપાના એન્જીનીયર પાનસુરીયાભાઈ તથા તેની સાથેના બે માણસો જે રાજ્ય સેવક હોય, તેઓના દ્વારા ફરીયાદી કરશનભાઈને કેમ અવાર-નવાર અહી આવો છો. તેમ કહી ગાળો આપી, તેમજ શરીરે ઢીકાપાટુ નો માર મારી, જાહેરમા જાતી પ્રત્યે અપમાનીત કરી એક બીજાને મદદગારી કરી ગુન્હો કરેલ છે.

ફરીયાદી કરશનભાઈ ઘેલાભાઈ સોલંકીની બી ડીવીઝન પોલીસે ફરિયાદ લઈ આરોપી એન્જીનીયર પાનસુરીયાભાઈ તથા તેની સાથેના બે માણસો સામે ગુન્હો નોંધ્યો છે, જેની તપાસ એસ.સી./એસ.ટી. સેલના ના.પો.અધી. રવિરાજસિંહ પરમાર એ હાથ ધરી છે.અત્રે નોંધનીય છે કે, ગત તા. ૧૩ ના રોજ મનપા કચેરીમાં બબાલ થઈ હતી, અને મનપાના કર્મચારી દ્વારા કરશનભાઈ ઘેલાભાઈ સોલંકી સામે ફરજમાં રૂકાવટ અને હુમલો કરાયાની બી ડીવીઝન પોલીસમાં ગુન્હો દાખલ થયો હતો, અને મનપા કર્મીઓએ વીજળીક હડતાલ પર ઉતરી આવ્યા હતા, જેને લઈને કલાકો સુધી મનપાની કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી, અરજદારોને પોતાના કામો માટે ધક્કા થયા હતા, આ દરમિયાન કરશનભાઈ ઘેલાભાઈ સોલંકીને ૧૦૮ દ્વારા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા, અને પોતાને આરોપી એન્જીનીયર પાનસુરીયાભાઈ તથા તેની સાથેના બે માણસો ગાળો આપી, તેમજ શરીરે ઢીકાપાટુ નો માર મારી, જાહેરમા જાતી પ્રત્યે અપમાનીત કરી એક બીજાને મદદગારી કરી હોવાની પોલીસમાં અરજી આપી હતી, પરંતુ પોલીસ દ્વારા ફરિયાદ ના લેવાતા કરશનભાઈ સોલંકી એ એસપી કચેરીએ ફિનાઈલ પી લીધું હતું.

# ભચાઉ: ગોલ્ડન ઈગલ હોટલમાંથી ડિઝલ ચોરીના પર્દાફાશ

### સગીર સહિત બેની ધરપકડ: હોટલ સંચાલક લખવિંદરસિંહ પોલીસ પકડથી દુર

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



ભચાઉ પોલીસ દ્વારા પેટ્રોલિંગ દરમ્યાન મળેલી બાતમીના આધારે ગોલ્ડન ઈગલ હોટલ પાસે ગેરકાયદેસર રીતે સંગ્રહ કરાયેલ ડીઝલ સાથે આરોપીઓ કમલજીતસિંહ બલવિંદરસિંહ જાટ અને એક બાળ કીશોરને ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસે સ્થળ પરથી અંદાજે ૫૭૦ લીટર ડીઝલ (કિંમત રૂ. ૫૧,૩૦૦) કબ્જે કર્યું હતું. આ મામલે આરોપીઓ વિરુદ્ધ બી.એન.એસ. કલમ ૨૮૭,૫૪ તથા આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ ૧૯૫૫ની કલમ ૩ અને ૭ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ગુનામાં સામેલ અન્ય એક આરોપી લખવિંદરસિંહ ઉર્ફે લખો અજીતસિંહ જાતે. જાટ હાજર ન મળી આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું છે.આ કામગીરી ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ભચાઉ પીઆઈ અને પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

# વાસાવડમાં ફટાકડાની દુકાનમાં ભીષણ આગ

### વેલ્ડિંગના તણખાથી સર્જાઇ આગની ઘટના : મોટી દુર્ઘટના ટળી

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ તાલુકાના વાસાવડ ગામમાં શાકમાર્કેટ પાસે આવેલ સરદાર સીઝન સ્ટોર નામની દુકાનમાં અચાનક આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. વેલ્ડિંગ કામ દરમિયાન ઉડેલા તણખાને કારણે લાગેલી આ આગમાં દુકાનનો મોટાભાગનો સામાન બળીને ખાક થઈ ગયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, દુકાનમાં જ્યારે વેલ્ડિંગનું કામ ચાલી રહ્યું હતું, ત્યારે તેના તણખા નીચે રાખેલા ફટાકડાના જથ્થા પર પડ્યા હતા. ફટાકડાના કારણે આગે તુરંત વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. દુકાનમાં ફટાકડાની સાથે નીચે પ્લાસ્ટિકના રમકડાંનો મોટો જથ્થો, હટઈ મટીરિયલ અને અન્ય પ્લાસ્ટિકનો સામાન સળગી ઉઠ્યો હતો આગ લાગતા જ આકાશમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા અને ફટાકડા ફૂટવાના અવાજોથી વિસ્તારમાં દહેશત ફેલાઈ ગઈ હતી. જોકે, દુકાન માલિક રફિકભાઈ સાકરીયા અને તેમના ભાઈ અસ્પાકભાઈએ જરા પણ સમય ગુમાવ્યા વગર ફાયર સેફ્ટીના બાટલાનો ઉપયોગ શરૂ કર્યો હતો.

આસપાસના વેપારીઓ અને સ્થાનિક લોકો પણ વ્હારે આવ્યા હતા અને પાણીનો મારો ચલાવી આગને વધુ ફેલાતી અટકાવી હતી. લોકોની સમયસૂચકતાને કારણે આગ આજુબાજુની દુકાનો સુધી પહોંચી ન હતી, જેનાથી મોટી દુર્ઘટના ટળી હતી.

આ દુર્ઘટનામાં જાનહાનિના કોઈ સમાચાર નથી, પરંતુ દુકાનમાં રહેલી માલ-મિલકતને વ્યાપક નુકસાન થયું છે.આગને કારણે આસપાસની બજારો તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવી હતી. હાલ નુકસાનનો ચોક્કસ આંકડો સામે આવ્યો નથી, પરંતુ વેપારીને મોટું આર્થિક નુકસાન થયું હોવાનું અનુમાન છે. ઘટના બાદ મોટી સંખ્યામાં લોકોના ટોળા ઉમટી પડ્યા હતા.

# જેતપુરના થોરાળા નજીક ડેમમાં ન્હાવા પડેલ યુવાન ડૂબી જતા મોત

### સાથી મિત્રોએ યુવાનને બચાવવાના પ્રયત્નો કર્યા: સ્થાનિક લોકોની મદદ મૃતદેહને બહાર કાઢ્યો

**અબતક, રાજકોટ**

જેતપુરના થોરાળા પાસે આવેલ ડેમમાં જેતપુરમાં રહેતો રામ રાજપુત નામનો યુવાન ન્હાવા પડેલ હતી અને ઊંડા પાણીમાં ગરકાવ થતા ડૂબી જવાથી મોત થયું હતું. ઘટનાની જાણ થતા વીરપુર પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો

આ અંગે મળતી માહિતી મુજબ રાજકોટ ગ્રામ્ય વિસ્તારના જેતપુર ખાતે રહેતો અને ફર્નિચર કામ કરતો રામ રાજપૂત નામનો યુવાન ગઈકાલે જેતપુર ની નજીક આવેલ થોરાળા પાસે આવેલ ડેમ નાહવા પડેલ હોય અને ઊંડા પાણીમાં ગરકાઉ થતા યુવાન ડૂબી જતા મિત્રોએ બચાવવા માટેની કોશિશ કરી હતી પરંતુ સફળતા મળી ન હતી અને સ્થાનિક લોકોની મદદથી યુવાનનો મૃતદેહ બહાર કાઢ્યો હતો ઘટનાની જાણ થતા વીરપુર પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક મૂળ રાજસ્થાનના નેણાઉ ગામનો વતની હોય આ અંગે વિરપુર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

# જસદણ: ફુલઝર ગામે કારમાંથી વિદેશી દારૂની ૫૨૨ બોટલ ઝડપાઈ

### કાર રેઢી મૂકી ભાગવા જતા બુટલેગર બેલડીને એલસીબીએ ડબોચી લીધો: રૂ.૬.૬૩ લાખનો મુદ્દામાલ કબ્જે

**અબતક, રાજકોટ**

જસદણ તાલુકાના ફુલઝર ગામ પાસે કારમાંથી વિદેશી દારૂની ૫૨૨ બોટલ મળી રૂ.૬.૬૩ લાખનો મુદ્દા માલ એલસીબી ની ટીમે કબ્જે કરી, પોલીસને જોઈને નાસવા જતા બુટલેગર બેલડીને ડબોચી લીધા છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે કોઈ અનિચ્છિય બનાવ ન બને તેમ જ ગુનાખોરી અટકાવવા માટે પોલીસ તંત્ર સક્રિય બન્યું છે. ત્યારે રાજકોટ ગ્રામ્ય એલસીબી ની ટીમ જસદણ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે, મોઢુકા ગામથી ઋક્ષ ૦૩ ગઊં ૧૪૬૮ નંબરની કારમાં વિદેશી દારૂના જથ્થા સાથે બે શખ્સો આવી રહ્યા છે. એલસીબી ની ટીમ ઘેલા સોમનાથ રોડ ઉપર વોચમાં ગોઠવાઈ ગઈ હતી તે દરમિયાન ત્યાંથી કાર પસાર થતાં તેને અટકાવતા કારમાં બેઠેલા બે શખ્સો પોલીસને જોઈને કાર મૂકી ભાગવા જતા પોલીસે તેનો પીછો કરી ઝડપી લીધા હતા.

પોલીસે કારની તલાસી લેતા તે માટે રૂ.૧.૬૩ લાખની કિંમતની ૫૨૨ બોટલ મળી આવતા, પોલીસે કાર અને વિદેશી દારૂ મળી, રૂ.૬.૬૩ લાખના મુદ્દા માણસ સાથે જસદણ માં રહેતો રામકૃષ્ણ અનિલભાઈ ચૌહાણ અને ચાપરાજભાઈ રણજીતભાઈ ધાધલ નામના શખ્સોની એલસીબી ની ટીમે ધરપકડ કરી છે.

# ખેડાના રસુલપુરમાં બોરવેલની માટી ધસી પડતા ખેડૂત અને શ્રમિકના દબાઈ જવાથી મોત

### સિંચાઈ માટે બોર બનાવતી વખતે સર્જાઈ દુર્ઘટના, જેસીબીની મદદથી કલાકોની જહેમત બાદ મૃતદેહો બહાર કઢાયા

**અબતક, રાજકોટ**

ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના રસુલપુર ગામે ખેતરમાં સિંચાઈ માટે નવા બોરવેલ બનાવવાની કામગીરી દરમિયાન અચાનક માટીની ભેખડ ધસી પડતા ખેતર માલિક અને એક મજૂર માટીના તોતિંગ જથ્થા નીચે દબાઈ ગયા હતા. આ આકસ્મિક દુર્ઘટનામાં બંનેના ઘટનાસ્થળે જ મોત નીપજતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, રસુલપુર ગામની સીમમાં આવેલા એક ખેતરમાં ખેતી માટે પાણીની સુવિધા ઊભી કરવા બોરવેલ ખોદવાની કામગીરી ચાલી રહી હતી. ખોદકામ દરમિયાન માટીમાં અચાનક ગાબડું પડ્યું હતું અને ઉપરથી માટીની ભેખડ નીચે ધસી આવી હતી. આ સમયે બોરની સપાટી પર હાજર ખેતર માલિક અને ઊંડાઈએ કામ કરી રહેલ મજૂર કંઈ સમજે તે પહેલા જ માટી નીચે દટાઈ ગયા હતા. બૂમાબૂમ થતા આસપાસના ખેતરોમાંથી શ્રમિકો અને ગ્રામજનો દોડી આવ્યા હતા. લોકોએ પોતાના સ્તરે માટી હટાવી બંનેને બચાવવાના પ્રયાસો હાથ ધર્યા હતા, પરંતુ માટીનો જથ્થો એટલો વિશાળ હતો કે પ્રાથમિક પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા. બનાવની જાણ થતા જ ઠાસરા પોલીસ અને સ્થાનિક વહીવટી તંત્રનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. તંત્ર દ્વારા જેસીબી અને અન્ય સાધનોની મદદથી કલાકોની જહેમત બાદ બંનેના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ખેતરમાં પાણી આવવાની અને સમૃદ્ધિની આશા સાથે કામ શરૂ કરાવનાર ખેતર માલિક અને પરિવારનું ગુજરાન ચલાવતા મજૂરના મોતના સમાચાર મળતા જ પરિવારો પર આભ ફાટી પડ્યું છે.સ્થાનિકોમાં ચર્ચાઈ રહ્યું છે કે, બોરવેલના ખોદકામ વખતે જમીનની નરમાશ અને સુરક્ષાના સાધનોના અભાવે આવી ઘટનાઓ વારંવાર બનતી હોય છે.

# બગદાણા નજીક અકસ્માતમાં યુવાનનું મોત

### ભગુડા ગામે પોતાની માતાને મળવા જતી વેળાએ અકસ્માત નડ્યો, પરિવારમાં શોક છવાયો

**અબતક રાજકોટ**

બગદાણા-વાવેરા રોડ પર રાજુલા રેલવે સ્ટેશન જંકશન પાસે બાઈક આડે નીલગાય ઉતરતા અકસ્માત સર્જાયો હતો, જેમાં ઘવાયેલા ૧૮ વર્ષીય યુવાનને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવતા તેમનું ચાલુ સારવાર દરમિયાન મોત નીપજતા પરિવારમાં શોક છવાયો છે. પ્રાપ્ત વિગતો મુજબ, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના દરિયા વચ્ચે આવેલા ચારબેટ ગામમાં રહેતા રવજીભાઈ જગુભાઈ સિયાડ (ઉં.વ. ૧૮, જાતે કોળી) ગત તારીખ ૧૩ એપ્રિલના રોજ રાત્રીના આશરે ૧૧:૦૦ વાગ્યાના સુમારે તેઓ મોટરસાયકલ લઈને ભગુડા પોતાની માતાને મળવા જઈ રહ્યા હતા. જ્યારે રાજુલા રેલવે સ્ટેશન જંકશન સામેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે અચાનક એક નીલગાય આડી ઉતરતા મોટરસાયકલ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં રવજીભાઈને માથાના તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું પ્રાણપંખેરુ ઉડી ગયું હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક રવજીભાઈના પિતા હયાત નથી. તેઓ ત્રણ ભાઈઓ અને બે બહેનોમાં સૌથી નાના અને કુંવારા હતા. નાની ઉંમરે ઘરની જવાબદારી ઉપાડનાર અને માતાને મળવાની તમન્ના સાથે નીકળેલા યુવાનના મોતના સમાચાર મળતા જ ચારબેટ ગામ અને તેમના સગા-સંબંધીઓમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.

# બિહારમાં સગીરાનું અપહરણ કરનાર આરોપી બીમલેશ શાપરમાંથી ઝડપાયો

**અબતક રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય એસપી વિજય સિંહ ગુર્જરની સૂચનાથી શાપર પોલીસે બાતમીના આધારે પેટ્રોલિંગ દરમિયાન એક મહત્વની સફળતા મેળવી છે. જેમાં બિહારના ભોજપુર જિલ્લાના કૃષ્ણાગઢ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અપહરણના ગુનાનો આરોપી બીમલેશ સુનીલભાઈ પાસવાન (રહે, બભન ગાવા થાના-ક્રિષનાગઢ જી. ભોજપુર બિહાર ઉ.વ.૨૧) ને શાપર વિસ્તારમાંથી ઝડપાયો છે.

આરોપી સગીર વયની કિશોરીનું અપહરણ કરી નાસી છૂટ્યો હતો. શાપર પી.આઈ. આર.બી. રાણા અને તેમની ટીમે ટેકનિકલ સોર્સ અને બાતમીના આધારે આરોપીને ભોગ બનનાર કિશોરી સાથે પકડી પાડ્યો હતો. હાલ પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી કરી બિહાર પોલીસને જાણ કરી છે.

# ભચાઉ મણીનગરમાં ૩ પત્તાપ્રેમી ઝડપાયા

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ભચાઉ પોલીસે ભચાઉના મણિનગર ખાડા વિસ્તારમાં શેરીમાં ગંજીપાના વડે જુગાર રમતા ત્રણ શખ્સને પકડી પાડી પોલીસે રોકડ રૂા. ૧૦,૪૫૦ જપ્ત કર્યા હતા. ભચાઉ મણિનગર ખાડા વિસ્તારમાં આવેલી એક શેરીમાં ગત મોડીરાત્રે અમુક શખ્સો દીવાબત્તીના અજવાળે જુગાર રમી રહ્યા હતા. ગંજીપાના વડે જુગાર રમતા શખ્સો પર પોલીસ ત્રાટકી હતી અને કાસમઅલી લાડકા, આદમ અલીમામદ મણકા, મયૂર મનુ કોળીને પકડી પાડયા હતા, જ્યારે હીરજી ઉમર કોળી નામનો શખ્સ નાસી જવામાં સફળ રહ્યો હતો. પકડાયેલા ખેલીઓ પાસેથી પોલીસે રોકડ રૂા. ૧૦,૪૫૦ જપ્ત કર્યા હતા. આ કામગીરી ભચાઉ પીઆઈ ડી.ડી.ઝાલા અને સ્ટાફ દ્વારા કરવામાં આવી છે

# ‘અમે ચોક્કસ મતદાન કરીશું’ લોકશાહીને મજબૂત કરવા યુવા મતદારોનો સંકલ્પ

## જિલ્લા ચૂંટણી અધિકારી ડો.ઓમ પ્રકાશના માર્ગદર્શન હેઠળ યુવા મતદારોને જાગૃત કરવા વિશેષ અભિયાન હાથ ધરાયું





**અબતક, રાજકોટ**

સમગ્ર ગુજરાત રાજ્યમાં આગામી ૨૬ એપ્રિલના રોજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીનું આયોજન થવા જઈ રહ્યું છે. લોકશાહીના આ મહાપર્વમાં પ્રત્યેક નાગરિકની ભાગીદારી અનિવાર્ય છે, કારણ કે બંધારણ દ્વારા ૧૮ વર્ષથી ઉપરના તમામ ભારતીય નાગરિકોને મતદાનનો પવિત્ર મતાધિકાર આપવામાં આવ્યો છે. આ ચૂંટણી પ્રક્રિયા દ્વારા સ્થાનિક સ્તરે નેતૃત્વ પસંદ કરવાની તક મળતી હોવાથી, વહીવટી તંત્ર દ્વારા મહત્તમ મતદાન થાય તેવા પ્રયાસો તેજ કરવામાં આવ્યા છે.

રાજકોટ જિલ્લામાં આ વખતે વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જિલ્લા ચૂંટણી અધિકારી ડો. ઓમ પ્રકાશના કુશળ માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લામાં મતદાન જાગૃતિના વિવિધ કાર્યક્રમોની હારમાળા સર્જવામાં આવી છે. તંત્રનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે એક પણ લાયક મતદાર પોતાના મતાધિકારથી વંચિત ન રહી જાય. ખાસ કરીને ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં લોકોમાં જાગૃતિ લાવવા માટે નવતર પ્રયોગો અને કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે.

આ અભિયાનમાં યુવા મતદારોની ભૂમિકા સૌથી મહત્વની ગણવામાં આવી રહી છે. યુવા પેઢી લોકશાહીના મૂલ્યોને સમજે અને પોતાના અધિકારનો ઉપયોગ કરે તે માટે કોલેજોમાં વિશેષ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. રાજકોટ શહેરની પ્રતિષ્ઠિત શિક્ષણ સંસ્થાઓ જેવી કે એચ. એન્ડ. એચ. બી. કોટક સાયન્સ કોલેજ તેમજ શ્રી મણીભાઈ વિરાણી અને શ્રીમતી નવલબેન વિરાણી સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓએ આ ઝુંબેશમાં સક્રિય ભાગ લીધો હતો અને અચૂક મતદાન કરવાના શપથ લીધા હતા.

જાગૃતિનો આ પ્રવાહ માત્ર શહેર પૂરતો મર્યાદિત ન રહેતા જિલ્લાના અંતરિયાળ તાલુકાઓ સુધી પણ પહોંચ્યો છે. ઉપલેટા તાલુકાના ડુમિયાણી ગામે આવેલી બી. આર. એસ. કોલેજ ખાતે પણ યુવા વિદ્યાર્થીઓએ ભારે ઉત્સાહ દર્શાવ્યો હતો. ગ્રામીણ વિસ્તારના આ યુવાઓએ ‘‘અમે ચોક્કસ મતદાન કરવા જઈશું‘‘ ના નાદ સાથે પ્રતિજ્ઞા લીધી હતી, જે દર્શાવે છે કે છેવાડાના યુવાનો પણ હવે લોકતાંત્રિક પ્રક્રિયા પ્રત્યે સભાન બન્યા છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ચલાવવામાં આવતા આ તમામ પ્રયાસોનો અંતિમ ધ્યેય લોકશાહીના પાયાને વધુ મજબૂત બનાવવાનો છે. જ્યારે યુવા મતદારો હોંશભેર મતદાન મથક સુધી પહોંચશે, ત્યારે જ લોકશાહી સાચા અર્થમાં સાર્થક થશે. વહીવટી તંત્રની આ અપીલ અને વિદ્યાર્થીઓના શપથ આગામી ૨૬ એપ્રિલના રોજ મતદાનની ટકાવારી વધારવામાં નિર્ણાયક સાબિત થશે તેવું જણાઈ રહ્યું છે.

# કાળઝાળ ગરમીમાં શરીરને ઠંડુ રાખતા પાણીથી ભરપૂર ‘હાઈડ્રેટિંગ ફળો’

## માત્ર પાણી જ નહીં, ફળોમાં રહેલું ‘સ્ટ્રક્ચર્ડ વોટર’ અને ઈલેક્ટ્રોલાઈટ્સ ઉનાળામાં શરીરને રાખશે કૂલ અને તાજગીસભરઃ હાઈડ્રેટિંગ ફળો ત્વચાને તેજસ્વી રાખવાની સાથે પાચનતંત્રમાં પણ કરશે સુધારો



### તરબૂચ (૯૦-૯૨% પાણી)

તરબૂચ એ ઉનાળાનું સૌથી લોકપ્રિય ફળ છે. તેમાં આશરે ૯૨% જેટલું પાણી હોય છે, જે શરીરને હાઈડ્રેટેડ રાખવામાં ખૂબ મદદરૂપ થાય છે. આ ઉપરાંત, તેમાં લાયકોપીન જેવા એન્ટી-ઓક્સિડન્ટ્સ હોય છે જે ત્વચા અને હૃદય માટે ફાયદાકારક છે.

### અનાનસ (૮૫-૮૭% પાણી)

અનાનસ સ્વાદિષ્ટ હોવાની સાથે ઉનાળા માટે એક ઉત્તમ હાઈડ્રેટિંગ ફળ છે. તેમાં આશરે ૮૫ થી ૮૭% જેટલું પાણી હોય છે. આ ફળમાં ’બ્રોમેલેન’ નામનું એન્ઝાઈમ હોય છે જે પાચન પ્રક્રિયામાં મદદરૂપ અને રોગપ્રતિકારક શક્તિ વધારે છે.

### શકરટેટી (૮૮-૯૦% પાણી)

શકરટેટી સ્વાદમાં મીઠી હોવાની સાથે પાણીથી ભરપૂર હોય છે. તેમાં ૮૮ થી ૯૦% પાણીનું પ્રમાણ હોય છે. તે શરીરમાં ઠંડક જાળવી રાખે છે અને પાચનતંત્રને સુધારવામાં પણ મદદ કરે છે. દિવસભર તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ કરાવે છે.

### મોસંબી (૮૮-૯૦% પાણી)

મોસંબી એ પ્રવાહીનો ઉત્તમ સ્ત્રોત છે. તેના જ્યુસ અથવા આખા ફળમાં ૯૦% જેટલું પાણી હોય છે. તે શરીરમાંથી ઝેરી તત્વો (ટોક્સિન્સ) બહાર કાઢવામાં અને બ્લડ પ્યુરિફિકેશનમાં મદદ કરે છે.

### સ્ટ્રોબેરી (૯૦-૯૧% પાણી)

નાના બાળકોથી લઈને મોટા સુધી બધાને ભાવતી સ્ટ્રોબેરીમાં ૯૧% જેટલું પાણી હોય છે. તે હૃદયના સ્વાસ્થ્ય માટે અને બ્લડ શુગર કંટ્રોલ કરવામાં પણ અસરકારક માનવામાં આવે છે.



**અબતક, રાજકોટ**

માનવ શરીર માટે પાણી એ જીવનનો મુખ્ય આધાર છે. ખાસ કરીને ઉનાળાની કાળઝાળ ગરમીમાં જ્યારે પરસેવા દ્વારા શરીરનું પાણી સતત ઓછું થતું હોય છે, ત્યારે માત્ર પાણી પીવું પૂરતું નથી હોતું. કુદરતે આપણને એવા અનેક ફળો આપ્યા છે જે પાણીથી ભરપૂર હોય છે. આ ’હાઈડ્રેટિંગ ફળો’ શરીરમાં પાણીના સ્તરને જાળવી રાખવાની સાથે જરૂરી મિનરલ્સ અને વિટામિન્સની પૂર્તિ પણ કરે છે, જે આપણને દિવસભર તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ કરાવે છે.

વૈજ્ઞાનિક દ્રષ્ટિએ જોઈએ તો, ફળોમાં રહેલું પાણી ’સ્ટ્રક્ચર્ડ વોટર’ તરીકે ઓળખાય છે, જે સાદા પાણી કરતા શરીરમાં વધુ ઝડપથી શોષાય છે. તરબૂચ, કાકડી અને મોસંબી જેવા ફળોમાં ૮૫% થી ૯૫% સુધી પાણીનું પ્રમાણ હોય છે. આ ફળો માત્ર તરસ નથી છીપાવતા, પરંતુ તે શરીરમાં કુદરતી ઈલેક્ટ્રોલાઈટ્સનું સંતુલન જાળવવામાં અને ચયાપચયની ક્રિયાને વેગ આપવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

પરિણામે, ઉનાળા દરમિયાન થતી ડિહાઈડ્રેશનની સમસ્યા સામે આ ફળો એક કુદરતી રક્ષક તરીકે કામ કરે છે.આધુનિક જીવનશૈલીમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ વધતા, આહારમાં હાઈડ્રેટિંગ ફળોનો સમાવેશ કરવો અનિવાર્ય બન્યો છે. યુનાઈટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચરના અહેવાલો મુજબ, સફરજન, કેરી અને સ્ટ્રોબેરી જેવા ફળો શરીરના તાપમાનને કુદરતી રીતે નિયંત્રિત કરવામાં મદદ કરે છે. આ ફળોમાં રહેલા ફાઈબર અને એન્ટી-ઓક્સિડન્ટ્સ આપણી ત્વચાને તેજસ્વી બનાવે છે અને રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરે છે. આમ, સંતુલિત આહારમાં આ ફળોને સ્થાન આપીને આપણે અનેક રોગોથી બચી શકીએ છીએ.

# જામનગરમાં એસ.ટી. ડ્રાઈવર પર છરી વડે હુમલો

## આંબેડકર જયંતીએ યુવાન સાથે આરોપીઓને ઝઘડો થયા બાદ તેનું મન દુઃખ રાખીને પિતા પર હુમલો કર્યાનું જાહેર કરાયું

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગર શહેરના અંબર સિનેમા રોડ પર છરીથી હુમલાનો ગંભીર બનાવ સામે આવ્યો છે, જેમાં ત્રણ શખ્સોએ મળીને એક એસ.ટી. ડ્રાઈવર પર જીવલેણ હુમલો કર્યો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

વસઈ ગામમાં રહેતા અને છેલ્લા ૧૪ વર્ષથી જામનગરમાં એસ.ટી. ડિવિઝનમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા હસમુખભાઈ નાગજીભાઈ ચૌહાણ (ઉંમર ૫૦) ગઈકાલે પોતાના બાઈક પર જામનગર આવ્યા હતા, અને અંબર ચોકડી રોડ પરથી પસાર થઈ રહ્યા હતા, જે દરમિયાન જામનગરમાં જ રહેતા મિત સુનિલભાઈ સાગઠીયા, પ્રિન્સ દિલીપભાઈ વરણ અને અતુલ નામના તેઓનો ત્રીજો સાગરીત વગેરે દ્વારા એસ.ટી. ડ્રાઈવર ને રોકીને તેઓ ઉપર છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં લાલ બંગ્લા સર્કલ ખાતે ફરિયાદીના પુત્ર હર્ષ સાથે આરોપીઓની સામાન્ય બોલાચાલી થઈ હતી, જે બાદ સમાધાન થઈ ગયું હતું. તેમ છતાં, તે વાતના વેરઝેરના કારણે આરોપીઓએ ફરીયાદી પિતા પર હુમલો કર્યો હોવાનું સામે આવ્યું છે.

પોલીસ દ્વારા આરોપીઓની ધરપકડ કરવા માટે તપાસ હાથ ધરવામાં આવી છે, અને પોલીસ વધુ તપાસ ચાલુ છે.

(પહેલા પાનાનું ચાલું)

### સેનસેક્સ ટનાટન...

આયાતકાર દેશો માટે દિવાળી જેવો માહોલ સર્જશે.

તેલના ભાવ ઘટતા અને યુદ્ધના ભય ઓછો થતા ભારતીય શેરબજારમાં રોકાણકારોનો ઉત્સાહ બેવડાયો છે. આજે ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સ અને નિફ્ટીમાં ઉછાળો જોવા મળ્યો હતો.તેજીના સથવારે સેન્સેક્સ ૫૦૦ પોઈન્ટથી વધુ ઉછળ્યો છે.ક્રૂડ ઓઈલ સસ્તું થવાથી મોંઘવારી ઘટવાની આશા અને કોર્પોરેટ નફામાં વધારો થવાની શક્યતાએ બજારને ’ટનાટન’ કરી દીધું છે.

સ્ટ્રેટ ઓફ હોર્મુઝ એ વિશ્વના કુલ તેલ પુરવઠાનો ૨૦ ટકા હિસ્સો વહન કરતો મહત્વપૂર્ણ માર્ગ છે. અમેરિકાએ આ વિસ્તાર છોડી દેતા હવે જહાજોની અવરજવર સુરક્ષિત બનશે. ઈરાને પણ સંકેત આપ્યા છે કે તે ઓમાન તરફના દરિયાઈ ક્ષેત્રમાંથી જહાજોને પસાર થવામાં કોઈ અવરોધ ઊભો નહીં કરે. આનાથી સપ્લાય ચેઈન ફરીથી પાટા પર આવશે અને નૂર ભાડામાં પણ ઘટાડો થશે.

સાથે ઈઝરાયેલ અને લેબનોન વચ્ચે વર્ષોથી ચાલી રહેલા સંઘર્ષમાં શાંતિ સ્થાપવા માટે ટ્રમ્પે મોટી પહેલ કરી છે. ટ્રમ્પે જાહેરાત કરી છે કે બંને દેશોને સંઘર્ષમાંથી થોડી રાહત એટલે કે ’બ્રીધિંગ રૂમ’ મળે તેવા હેતુથી આવતીકાલે બંને પક્ષોના નેતાઓ વચ્ચે ઐતિહાસિક સીધી વાતચીત યોજાશે. છેલ્લા ૩૪ વર્ષમાં પ્રથમવાર આ પ્રકારની ઉચ્ચ સ્તરીય બેઠક યોજાવા જઈ રહી છે, જે મધ્ય-પૂર્વમાં વધી રહેલા તણાવને ઘટાડવા અને લાંબા ગાળાના યુદ્ધવિરામ તરફ આગળ વધવા માટે અત્યંત નિર્ણાયક સાબિત થઈ શકે તેમ છે. આ મંત્રણા બાદ સરહદ પરની હિંસા અટકે તેવી પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે.

### પુતીન...

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત આ વર્ષે બ્રિક્સ જૂથનું અધ્યક્ષપદ સંભાળી રહ્યું છે. જેના ભાગરૂપે સપ્ટેમ્બર ૨૦૨૬માં નવી દિલ્હીમાં ૧૮મી શિખર મંત્રણાનું આયોજન કરવામાં આવશે. આ બેઠક એવા સમયે યોજાઈ રહી છે જ્યારે વિશ્વમાં રાજકીય ઉથલપાથલ અને અનિશ્ચિતતાનો માહોલ છે. ભારતની આ મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીના ૨૫ વર્ષ પણ પૂર્ણ થઈ રહ્યા છે, જેની શરૂઆત વર્ષ ૨૦૦૦માં પુતિનની પ્રથમ ભારત મુલાકાત વખતે થઈ હતી. ભારતના અધ્યક્ષપદ હેઠળ યોજાનારી આ બેઠકનો મુખ્ય વિષય ‘‘સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહકાર અને ટકાઉપણું‘‘ રાખવામાં આવ્યો છે. ભારતના મુખ્ય ઉદ્દેશ્યોમાં વિકાસશીલ દેશોની સમસ્યાઓ, સ્થાનિક ચલણમાં વેપાર વધારવો, આતંકવાદ સામે લડવા માટે પરસ્પર સહયોગ અને ડિજિટલ ટેકનોલોજીના માળખાને મજબૂત બનાવવો જેવા મહત્વના મુદ્દાઓ પર ભાર મૂકવામાં આવશે. નોંધનીય છે કે બ્રિક્સ હવે વધુ મોટું સંગઠન બન્યું છે. બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા ઉપરાંત હવે તેમાં ઈજિપ્ત, ઈથોપિયા, ઈરાન, સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત અને ઈન્ડોનેશિયા જેવા દેશોનો પણ સમાવેશ થયો છે. આ સિવાય બેલારુસ, નાઈજીરિયા અને મલેશિયા જેવા દેશો પણ ’ભાગીદાર દેશો’ તરીકે જોડાઈ રહ્યા છે, જે વિશ્વના અર્થતંત્રમાં આ જૂથનું વધતું મહત્વ દર્શાવે છે.

### ડોલર મુક્ત વૈશ્વિક વેપાર...

છે.ભારત માટે સૌથી મોટો ફાયદો એ છે કે જો દુનિયા ડોલરનો વિકલ્પ શોધે, તો ભારત પર અમેરિકાના પ્રતિબંધોનો ડર રહેશે નહીં. ભારત રશિયા કે ઈરાન જેવા દેશો સાથે પોતાની શરતો પર અને પોતાની કરન્સીમાં વેપાર કરી શકશે. ભારત હંમેશા કોઈ પણ એક પક્ષમાં જોડાવાને બદલે પોતાની સ્વાયત્તતા જાળવવામાં માને છે. જોકે, લેખક નોંધે છે કે ભારતે અમેરિકાના દબાણ સામે ઝૂક્યા વગર પોતાના હિતોનું રક્ષણ કરવું પડશે, ખાસ કરીને જ્યારે ચીન પોતાની ટેકનોલોજી અને કરન્સી દ્વારા વિશ્વમાં પોતાનું પ્રભુત્વ વધારી રહ્યું છે. ભારત માટે એક મોટો પડકાર એ રહેશે કે જો ડોલર નબળો પડશે અને અમેરિકામાં વ્યાજ દરો વધશે, તો ભારત માટે વિદેશી મૂડી મેળવવી મોંઘી બની શકે છે. ભારતનું આર્થિક મોડેલ અત્યાર સુધી વિદેશી રોકાણ પર નિર્ભર રહ્યું છે, જેની સામે જોખમ ઊભું થઈ શકે છે. ભારત માટે બ્રિક્સ દેશો સાથે મળીને એક નવી ’સ્ટેબલકોઈન’ કરન્સી (જેમ કે ઈફક્ષભજ્ઞી) અપનાવવાનો આ શ્રેષ્ઠ સમય છે. આનાથી ભારત માત્ર ડોલર પરની નિર્ભરતા જ નહીં ઘટાડે, પણ વૈશ્વિક પેમેન્ટ સિસ્ટમમાં પણ નવું સ્થાન બનાવશે.

### ચીન...

બીજા ક્રમે ધકેલાઈ ગયું છે. ગત નાણાકીય વર્ષમાં ભારતે ચીનમાં કરેલી નિકાસ ૩૬.૬૬ ટકા વધીને ૧૯.૪૭ અબજ ડોલર રહી હતી, જોકે સામે આયાત પણ ૧૬ ટકા વધીને ૧૩૧.૬૩ અબજ ડોલર થઈ છે.

બીજી તરફ અમેરિકામાં ભારતની નિકાસ ૦.૯૨ ટકા વધીને ૮૭.૩ અબજ ડોલર અને આયાત ૧૫.૯૫ ટકા વધીને ૫૨.૯ અબજ ડોલર રહી હતી. નોંધનીય બાબત એ છે કે અમેરિકા સાથે ભારત ૩૪.૪ અબજ ડોલરના ટ્રેડ સરપ્લસ (ફાયદા)માં છે, જ્યારે ચીન સાથે ભારતની વેપાર ખાધ ૨૦૨૪-૨૫ના ૯૯.૨ અબજ ડોલરથી વધીને ૨૦૨૫-૨૬માં ૧૧૨.૧૬ અબજ ડોલર થઈ ગઈ છે.

આ તમામ વૈશ્વિક પડકારો અને પશ્ચિમ એશિયાના સંઘર્ષ છતાં ભારતે નાણાકીય વર્ષના અંતે ગુડ્સ એક્સપોર્ટમાં ૪૪૧.૮ અબજ ડોલરનો નવો રેકોર્ડ બનાવ્યો છે. વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલે સોશિયલ મીડિયા પર જણાવ્યું કે, સર્વિસ સેક્ટર સહિત કુલ એક્સપોર્ટ ૪ ટકા વધીને ૮૬૦.૧ અબજ ડોલરનો રેકોર્ડ નોંધાવી ચૂક્યું છે. વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે પણ કહ્યું કે ભારતનો નિકાસ વૃદ્ધિ દર વૈશ્વિક સરેરાશ કરતા વધુ રહ્યો છે.

ઈલેક્ટ્રોનિક્સ સેક્ટરમાં ભારતનું ચિત્ર ઝડપથી બદલાઈ રહ્યું છે. એક સમયે જે પાર્ટ્સ ચીનથી જ આવતા હતા, તે હવે ભારતથી ચીન તરફ નિકાસ થઈ રહ્યા છે. ચાલુ નાણાકીય વર્ષમાં ઈલેક્ટ્રોનિક કોમ્પોનન્ટ્સની નિકાસ ૨.૫ અબજ ડોલરે પહોંચી છે અને વર્ષના અંત સુધીમાં આ આંકડો ૩.૫ અબજ ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે. ઈલેક્ટ્રોનિક્સ હવે એન્જિનિયરિંગ અને ખેતીના સાધનોની જેમ ચીનમાં ભારતની ૧૮ અબજ ડોલરની નિકાસનો મુખ્ય ચાલક બન્યા છે.

આ ઐતિહાસિક બદલાવ પાછળનું મુખ્ય કારણ એપલ અને તેના સપ્લાયર્સ દ્વારા ભારતમાં વધારવામાં આવેલું ઉત્પાદન છે. ૨૦૨૫માં સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી ઈલેક્ટ્રોનિક કોમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ સ્કીમે પણ આમાં મોટો ભાગ ભજવ્યો છે. વૈશ્વિક કંપનીઓ ‘‘ચાઈના+૧‘‘ નીતિ અપનાવી રહી છે, જેમાં ભારત માત્ર દુનિયાના ગેજેટ્સ એસેમ્બલ કરવા પૂરતું સીમિત નથી રહ્યું, પરંતુ હવે તે જ ફેક્ટરીઓને સપ્લાય કરી રહ્યું છે જેના પર તે અગાઉ નિર્ભર હતું.

### લોકસભા બેઠક...

રાજ્યોના મુખ્યમંત્રીઓની ચિંતાઓને શાંત કરવા માટે છે.

સરકારનું કહેવું છે કે આ પગલું સંતુલિત અને સમાન છે. કોઈ રાજ્યને તેના વર્તમાન પ્રમાણમાં નુકસાન નહીં થાય અને મહિલાઓની વધુ સહભાગિતા થશે.

ગુજરાતમાં વર્તમાન ૨૬ લોકસભા બેઠકો છે. ૫૦ ટકા વધારા સાથે તે ૩૯ થઈ શકે છે. આનાથી રાજ્યનું રાષ્ટ્રીય સ્તરે પ્રતિનિધિત્વ વધશે, પરંતુ મતવિસ્તારોની નવી સીમાઓ નક્કી કરવા માટે અલગ કમિશન બનાવવામાં આવશે.

### રિલાયન્સ...

જણાવ્યું હતું કે એજન્સીએ તેમને વિગતવાર પૂછપરછ માટે કસ્ટડીની વિનંતી સાથે કોર્ટ સમક્ષ રજૂ કર્યા હતા.

આ તપાસ અનિલ અંબાણી ગ્રુપની કંપનીઓ જેવી કે રિલાયન્સ હોમ ફાઈનાન્સ લિમિટેડ અને રિલાયન્સ કોમર્શિયલ ફાઈનાન્સ લિમિટેડના માધ્યમથી નકલી અથવા બનાવટી કંપનીઓનો ઉપયોગ કરીને કરાયેલા કથિત બેંક લોન છેતરપિંડી સાથે સંબંધિત છે. ઝુનઝુનવાલા માર્ચ ૨૦૦૩ થી સપ્ટેમ્બર ૨૦૧૯ સુધી રિલાયન્સ કેપિટલ લિમિટેડના ડિરેક્ટર હતા, જે આરએચએફએલ અને આરસીએફએલ હોલ્ડિંગ કંપની છે.

### ભ્રષ્ટાચાર...

૬૬% વ્યવસાયોએ છેલ્લા ૧૨ મહિનામાં લાંચ આપી હતી, અને તેમાંથી ૫૪% લોકોએ કહ્યું કે તેમને લાંચ આપવાની ફરજ પાડવામાં આવી હતી. પીડબ્લ્યુસીના ગ્લોબલ ઈકોનોમિક ક્રાઈમ સર્વે ૨૦૨૪ માં જાણવા મળ્યું છે કે ૫૯% ભારતીય સંસ્થાઓએ છેલ્લા ૨ વર્ષમાં છેતરપિંડીનો અનુભવ કર્યો છે. ભારતમાં ખાનગી ક્ષેત્રના ભ્રષ્ટાચારનો અંદાજિત વાર્ષિક આંકડો ૧.૫ લાખ કરોડ રૂપિયાથી વધુ છે, જે ભારતના કુલ સંરક્ષણ બજેટના ૨૨% જેટલો છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે જોઈએ તો, બ્રિટન, સિંગાપોર અને હોંગકોંગ જેવા દેશોએ દાયકાઓ પહેલા આ ખામીને દૂર કરી દીધી છે. યુકેનો બ્રાઈબરી એક્ટ ૨૦૧૦ એક ગોલ્ડ સ્ટાન્ડર્ડ છે, જે ખાનગી ક્ષેત્રના ભ્રષ્ટાચારને સંપૂર્ણપણે ગુનો માને છે. જ્યારે સિંગાપોરનો કાયદો જાહેર અને ખાનગી બંને ક્ષેત્રોને આવરી લે છે. તેની સરખામણીમાં, ભારત જી૨૦ દેશોમાં એકમાત્ર એવો દેશ છે જ્યાં ખાનગી ભ્રષ્ટાચાર માટે કોઈ કાયદાકીય માળખું નથી. લેખક શ્રીધર રામચંદ્રન નોંધે છે કે પારદર્શિતા ઈન્ટરનેશનલના ભ્રષ્ટાચાર ધારણા સૂચકાંકમાં ભારત ૧૮૦ દેશોમાંથી ૯૬ મા ક્રમે છે, જે માત્ર જાહેર ક્ષેત્રના ભ્રષ્ટાચારને માપે છે.

આ પરિસ્થિતિને સુધારવા માટે બે સમાંતર પગલાંની જરૂર છે. પ્રથમ, એક પ્રાઈવેટ-સેક્ટર બ્રાઈબરી એક્ટ બનાવવો જોઈએ જે ખાનગી લાંચ આપનાર અને લેનાર બંને માટે ફોજદારી ગુનો નક્કી કરે. બીજું, બીઆરએસઆર માળખામાં જ એક વેરિફિકેશન સિસ્ટમ હોવી જોઈએ, જેમ કે યુનિફાઈડ ઈએસજી કમ્પ્લાયન્સ ડેટા એક્સચેન્જ, જે સરકારી એજન્સીઓના ડેટા સાથે રિપોર્ટને ક્રોસ-ચેક કરી શકે.

### અકસ્માત...

જઈ રહ્યા હતા. પરંતુ તેમને ક્યાં ખબર હતી કે રસ્તામાં કાળ તેની રાહ જોઈને બેઠો હશે! આ અકસ્માત અંગે પરિવહન પ્રધાન મંદીપલ્લી રામપ્રસાદ રેડ્ડીએ દુઃખ વ્યક્ત કર્યું છે. આ સાથે ઘાયલોને સારામાં સારી સર્વોત્તમ સારવાર આપવામાં આવે તેવો મંદીપલ્લી રામપ્રસાદ રેડ્ડીએ અધિકારીઓને આદેશ આપ્યો હતો.

(છેલ્લા પાનાનું ચાલુ)

### ‘ગણેશ’ગોંડલે...

આગામી તા.૨૬ નાં ચુંટણી યોજાનાર છે.ત્યારે ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખે ભાજપ ની ૨૪બેઠકો બીનહરીફ થતા ચુંટણી પહેલા જ ભાજપે બહુમત હાંસલ કરી લીધી છે.જ્યારે તાલુકા પંચાયત ની કુલ ૨૨ પૈકી ૧ બેઠક પર ભાજપ નાં ઉમેદવાર બીનહરીફ થયા છે.

ઉમેદવારી પરત ખેંચવાની તા.૧૫ નાં વોર્ડ નંબર-૧,વોર્ડ નંબર-૬ ,વોર્ડ નંબર-૯ તથા વોર્ડ નંબર-૧૧ ની ભાજપ પેનલો બીનહરીફ જાહેર થઈ હતી.જ્યારે વોર્ડ નંબર-૨ માં એક બેઠક,નંબર-૭ માં બે બેઠકો અને વોર્ડ નંબર-૧૦ માં ૧ બેઠક પર ભાજપ નાં ઉમેદવાર બીનહરીફ જાહેર થતા ભાજપ નાં કુલ ૨૦ ઉમેદવારો બીનહરીફ બન્યા છે. ૨૪ બેઠક પર ભાજપ નો ભગવો લહેરાયો હતો.

જ્યારે તાલુકા પંચાયત ની કુલ ૨૨ બેઠકો પૈકી દાળીયા ની બેઠક પર ભાજપ નાં મંજુલાબેન મનીષભાઈ પીપળીયા બીનહરીફ થયા છે.

નગરપાલિકા માં ભાજપ નાં બીનહરીફ થયેલા ઉમેદવારો માં વોર્ડ નંબર-૧ માં રાજેન્દ્રસિંહ જાડેજા, ગૌતમભાઈ સિંધવ, મયુરીબેન આચાર્ય, દિપાલીબેન વાડોદરીયાવ વોર્ડ નંબર-૨ હર્ષદભાઈ વાઘેલા,વોર્ડ નંબર-૭ મનિષાબેન ગોવાણી,પાયલબેન પીપળીયા

વોર્ડ નંબર-૯ મિતલબેન નિમાવત (ઘાનાણી)બીનાબેન રોકડ, દિનેશભાઈ ઉમરાણીયા, અશ્વિનભાઈ પાંચાણી.વોર્ડ નંબર-૧૧ આરતીબેન ટોળીયા,કોમલબેન જરેર,જગદીશભાઈ રામાણી તથા નિલેશભાઈ કાપડીયા નો સમાવેશ થાય છે.

ઉમેદવારી ફોર્મ પરત ખેંચવા ની આજે તારીખ હોય સવારે પ્રાંત કચેરીએ કોંગ્રેસ નાં પ્રમુખ ધર્મેશભાઈ બુટાણી, દિનેશભાઈ પાતર, યતિષભાઈ દેસાઈ તથા ભાજપ નાં રાજેન્દ્રસિંહ જાડેજા,પ્રફુલભાઈ ટોળીયા, ઉપેન્દ્રસિંહ ચુડાસમા વચ્ચે ઉગ્ર બોલાચાલી થતા બન્ને પક્ષનાં ટેકેદારો દોડી આવ્યા હતાં.એક તબ્બકે એકબીજા નાં કાંઠલા ખેંચાયા હતાં.અને તુતુમેમે થતા મામલો બિચક્યો હતો.પોલીસે દરમિયાનગીરી કરતા ઉગ્ર બનેલો મામલો માંડ થાળે પડ્યો હતો.

### રાજકોટ જિલ્લા પંચાયત...

વિરપુર બેઠક પર ૩ ઉમેદવારો, વિરપુર બેઠક પર ૩ ઉમેદવારો, પડધરી બેઠક પર ૩ ઉમેદવારો, સરપાળ બેઠક પર ૩ ઉમેદવારો, દડવી બેઠક પર બે ઉમેદવારો, જામકંડોરણા બેઠક પર બે ઉમેદવારો, ભડલી બેઠક પર ૩ ઉમેદવારો, પીપરડી બેઠક પર ૩ ઉમેદવારો અને વિંછીયા બેઠક પર ૩ ઉમેદવારોને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે.

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ :** શેઠવડાળા નિવાસી નાથીબેન રામજીભાઈ જોશી (ઉ.વ.૧૦૦)નું તા.૧૪-૦૪-૨૦૨૬, ચૈત્ર સુદ બારસને મંગળવારના રોજ અવસાન થયેલ છે. તે સ્વ.રામજીભાઈ હીરાભાઈ જોશીના પત્ની તથા રસિકભાઈ જોશી, મનસુખભાઈ જોશી, રમેશભાઈ જોશી, બિપીનભાઈ જોશી, ભાવનાબેન ભુપતભાઈ મહેતા રાજકોટ, ગૌરીબેન પ્રવીણભાઈ પુરોહિત રાજકોટ, શોભનાબેન દિનેશભાઈ દવે પોરબંદરના માતા તથા ભરતભાઈ જોશી રાજકોટ, હિતેષભાઈ જોશી અદા, સાગરભાઈ, વિજયભાઈ, હિરેનભાઈ, સંદીપભાઈ તથા કશ્યપભાઈના દાદીમા થાય છે. તેમનું બેસણું તા.૧૬-૦૪-૨૬ને ગુરૂવારે, બપોરે ૩ થી ૬ કલાકે, રાજગોર બ્રાહ્મણ સમાજ, શેઠવડાળા ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં કેસર કેરીના ૧૯,૯૪૨ બોક્સની આવક

## હરાજીમાં કેસર કેરીનો દબદબો કેસર, હાફુસ અને બદામ જેવી લોકપ્રિય કેરીની સુગંધથી મહેકી ઉઠ્યું

| કેરીનો પ્રકાર | નીચો ભાવ | ઊંચો ભાવ |
|---|---|---|
| હાફુસ કેરી | ૨,૬૦૦ | ૫,૦૦૦ |
| કેસર કેરી | ૧,૦૦૦ | ૩,૨૦૦ |
| બદામ કેરી | ૧,૨૦૦ | ૨,૦૦૦ |
| કાચી કેરી | ૨૦૦ | ૧,૦૦૦ |



અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ



સૌરાષ્ટ્રના અગ્રણી ગણાતા ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ઉનાળાની શરૂઆત સાથે જ ફળોના રાજા ગણાતી કેરીની ધૂમ આવક શરૂ થઈ ગઈ છે. આજે ગોંડલ યાર્ડ કેસર, હાફુસ અને બદામ જેવી લોકપ્રિય કેરીની સુગંધથી મહેકી ઉઠ્યું હતું. ખાસ કરીને કેસર કેરીની મબલખ આવક થતા વેપારીઓ અને ગ્રાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો છે.

ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં આજે વિવિધ પ્રકારની કેરીઓની આવકે નવા રેકોર્ડ સર્જ્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આજે સૌથી વધુ આવક કેસર કેરીની નોંધાઈ છે. યાર્ડમાં કેસર કેરીના કુલ ૧૮,૧૩૯ બોક્સની આવક થઈ હતી, જેના કારણે યાર્ડના પટાંગણમાં કેસરીયો માહોલ જોવા મળ્યો હતો. કેસર ઉપરાંત બદામ કેરીના ૧,૪૭૮ બોક્સ અને પ્રીમિયમ ગણાતી હાફુસ કેરીના ૩૨૫ બોક્સની પણ આવક નોંધાઈ છે. આ ઉપરાંત લાલબાગ, તોતાપુરી અને અથાણાં માટે વપરાતી કાચી કેરીની પણ નોંધપાત્ર આવક થઈ છે.

ભાવની વાત કરીએ તો, ૧૦ કિલોના બોક્સમાં હાફુસ કેરીનો ભાવ સૌથી ઊંચો એટલે કે ૧૩૦૦ રૂપિયાથી લઈને ૨૫૦૦ રૂપિયા સુધી બોલાયો હતો. જ્યારે લોકોની પ્રિય એવી કેસર કેરીના ૧૦ કિલોના ભાવ ૫૦૦ રૂપિયાથી ૧૬૦૦ રૂપિયાની વચ્ચે રહ્યા હતા. બદામ કેરીના ૧૦ કિલોના બોક્સનો ભાવ ૬૦૦ થી ૧૦૦૦ રૂપિયા સુધી નોંધાયો છે. આ ભાવ કેરીની ગુણવત્તા અને કદના આધારે નક્કી કરવામાં આવે છે. જથ્થાબંધ ખરીદી અને વેચાણ માટે ૨૦ કિલોના ભાવની વાત કરીએ તો, હાફુસ કેરીના ૨૦ કિલોના ભાવ ૨૬૦૦ થી ૫૦૦૦ રૂપિયા સુધી પહોંચ્યા હતા. કેસર કેરીમાં ૨૦ કિલોના ભાવ ૧૦૦૦ થી ૩૨૦૦ રૂપિયા અને બદામ કેરીમાં ૧૨૦૦ થી ૨૦૦૦ રૂપિયા સુધીનો ભાવ જોવા મળ્યો હતો. અથાણાંની સીઝન શરૂ થઈ રહી હોવાથી કાચી કેરીની માંગ પણ વધી છે, જેના ૨૦ કિલોના ભાવ ૨૦૦ થી ૧૦૦૦ રૂપિયા સુધી રહ્યા હતા.

માત્ર કેરી જ નહીં, પરંતુ ગોંડલ યાર્ડમાં અન્ય ફળોની પણ સારી આવક જોવા મળી છે. ૨૦ કિલોના ભાવ મુજબ દાડમ ૪૦૦ થી ૧૬૦૦ રૂપિયા, ચીકુ ૨૦૦ થી ૫૦૦ રૂપિયા, દ્રાક્ષ ૧૪૦૦ થી ૨૦૦૦ રૂપિયા, કેળા ૨૬૦ થી ૫૦૦ રૂપિયા અને ઉનાળામાં સૌથી વધુ વેચાતા તરબૂચ ૧૨૦ થી ૩૦૦ રૂપિયાના ભાવે વેચાયા હતા.

યાર્ડના સૂત્રોના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં કેરીની આવકમાં હજુ પણ મોટો વધારો થવાની શક્યતા છે. જેમ જેમ ગરમીનો પારો વધશે તેમ તેમ કેરી વધુ પકશે અને માર્કેટમાં તેનો જથ્થો વધશે, જેનાથી ભાવમાં પણ સ્થિરતા આવવાની સંભાવના છે. હાલમાં સીઝનની શરૂઆત હોવાથી ભાવ થોડા ઊંચા જણાઈ રહ્યા છે, પરંતુ કેસર જેવી ગુણવત્તાયુક્ત કેરીની પુષ્કળ આવકને જોતા કેરીના શોખીનોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે.

### મધદરિયે આફત સામે માનવતાનો થયો વિજય

# નવાબંદરના મધદરિયે ક્રિષ્ના સાગર બોટની જળસમાધી - છ માછીમારોને આબાદ બચાવી લેવાયા

## તોફાનમાં સપડાયેલ બોટના ખલાસીઓ માટે કંકેશ્વરી-જયવંશી બોટના ખલાસીઓ બન્યા દેવદૂત



અબતક, કમલેશ જૂમાણી, ઉના

રામ રાખે તેને કોણ ચાખે - ગીર સોમનાથના નવાબંદર મધદરિયે તોફાની મોજાંના થપેડા વચ્ચે 'ક્રિષ્ના સાગર' નામની ફિશિંગ બોટ જળસમાધિ લઈ રહી હતી. ત્યારે દરિયાઈ ભાઈચારાના પ્રતીક સમી 'કનકેશ્વરી' અને 'જયવંશી' બોટોએ દેવદૂત બની મધદરિયે અંધારી રાત્રિ, ઉછળતા પહાડ જેવડા મોજાં અને ડૂબતી બોટ વચ્ચે સાથી માછીમારોની ત્વરિત મદદથી મોટી જાનહાની ટળી હતી.

ગીર સોમનાથ જિલ્લાના નવાબંદર દરિયાકાંઠેથી માછીમારી કરવા ગયેલી ફિશિંગ બોટ ભારે પવન અને ઉછળતા મોજાંને કારણે દરિયામાં ગરકાવ થઈ ગઈ હતી. જોકે, અન્ય માછીમારોની સમયસૂચકતાથી તમામ છ ખલાસીઓનો આબાદ બચાવ થયો છે.

નવાબંદરના મીનાબેન અર્જુનભાઈ બાંભણીયાની માલિકીની ફિશિંગ બોટ 'ક્રિષ્ના સાગર' (GJ 14 MM 1932) ગત ૧૩ એપ્રિલના રોજ છ ખલાસીઓ સાથે માછીમારી માટે રવાના થઈ હતી. ૧૪મી એપ્રિલની મોડી રાત્રે જ્યારે બોટ કિનારાથી આશરે ૧૦ નોટિકલ માઈલ દૂર હતી, ત્યારે અચાનક તેજ પવન ફૂંકાવાને કારણે ઉછળેલા પ્રચંડ મોજાં બોટ સાથે અથડાતા અંદર પાણી ભરાઈ ગયું હતું અને જોતજોતામાં બોટ દરિયામાં ડૂબવા લાગી હતી.

બોટ ડૂબવા લાગતા ખલાસીઓએ ગભરાવાને બદલે અપ્રતિમ હિંમત દાખવી તેમણે પ્રાથમિક બચાવ સામગ્રી સાથે તોફાની દરિયામાં ઝંપલાવ્યું હતું. આ કટોકટીના સમયે નજીકમાં જ માછીમારી કરી રહેલી અન્ય બે બોટો 'કનકેશ્વરી' અને 'જયવંશી' તાત્કાલિક વહારે આવી હતી. પ્રચંડ મોજાં અને અંધારી રાત્રિ વચ્ચે આ બંને બોટના ચાલકોએ ભારે જહેમત ઉઠાવી દરિયાના પાણીમાં જિંદગી અને મરણ વચ્ચે સંઘર્ષ કરી રહેલા તમામ છ ખલાસીઓને સુરક્ષિત બહાર કાઢ્યા હતા.

ભરત જીણા બાંભણીયા, શાંતી બાબુ મજેઠીયા, શાંતી અરજણ બાંભણીયા, જીવરાજ ધનજી શીયાળ, લાલજી ઉર્ફે લાલો મજેઠીયા,ભરત ભીમા દમણીયા સહિતના તમામ ખલાસીઓને મોડી રાત્રે હેમખેમ નવાબંદર કાંઠે પરત લાવવામાં આવતા પરિવારોએ રાહતનો શ્વાસ લીધો હતો. બોટ માલિકને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. બોટમાં રહેલી કિંમતી જાળ, ડીઝલ અને માછીમારીના અન્ય ઉપકરણો દરિયામાં તણાઈ ગયા છે. હાલમાં અન્ય માછીમારો દ્વારા ડૂબેલી બોટને ખેંચીને કાંઠે લાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

આ ઘટનાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે દરિયાના અનિશ્ચિત જોખમો વચ્ચે માછીમારો માટે ટેકનોલોજી કરતા પણ વધુ મોટો સહારો તેમનો પરસ્પરનો ભાઈચારો છે. 'ક્રિષ્ના સાગર' બોટ ભલે દરિયાના પેટાળમાં ગરકાવ થઈ ગઈ હોય, પરંતુ છ પરિવારોના સભ્યોને હેમખેમ બચાવીને સાથી માછીમારોએ માનવતા તેની સુવાસ સમગ્ર ગીર સોમનાથ પંથકમાં પ્રસરી ગઈ છે.

### મહોરમ તહેવાર નિમિતે

# જુનાગઢ: મહોરમ એકતા સમિતિ દ્વારા તાજિયા - છબીલની પરમીશન માટે ૨૬મીએ બેઠક



અબતક, દર્શન જોશી, જુનાગઢ

આગામી મહોરમ (તાજિયા) તહેવારને અનુલક્ષીને શહેરમાં તાજિયા અને છબીલની વ્યવસ્થાઓ નિયમિત અને કાયદેસર રીતે પૂર્ણ થાય તે માટે મહોરમ એકતા સમિતિ દ્વારા સેજના ઓટા કાર્યાલય ખાતે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી

આ બેઠકમાં તહેવાર દરમિયાન શાંતિપૂર્ણ માહોલ જળવાઈ રહે અને તમામ તાજિયા કમિટીઓને પરમિશન પ્રક્રિયા સરળતાથી મળી રહે તે મુદ્દે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને પરમિશન મેળવવાની પ્રક્રિયા સમયસર પૂર્ણ થાય તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ બેઠકમાં બટુકભાઈ મકવાણા, મુન્ના બાપુ કાદરી, જિશાન હાલેપોત્રા સહિતના આગેવાનોની ઉપસ્થિતમાં આગામી તા. ૨૬ એપ્રિલ, રવિવારના રોજ સાંજે ૭:૩૦ થી ૮;૩૦ દરમિયાન વહાબભાઈ કુરેશીના નિવાસસ્થાન, જમાલવાડી ખાતે શહેરની તમામ તાજિયા અને છબીલ કમિટીઓ માટે દસ્તાવેજ ચકાસણી અને પરમિશન પ્રક્રિયા માટે વિશેષ બેઠકનું આયોજન કરવાનું નક્કી કરાયું છે. જેમાં તમામ કમિટીના સભ્યોએ ગત વર્ષની પરમિટ લેટરની નકલ, આધાર કાર્ડની નકલ અને એક પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ સાથે ફરજિયાત હાજર રહેવું રહેશે.

# જૂનાગઢ: રાજય કક્ષાની વાર્તા - કાવ્ય લેખન સ્પર્ધામાં બહાઉદ્દીન કોલેજના વિદ્યાર્થીઓનો દબદબો

## વાર્તા લેખન સ્પર્ધામાં પર્વ વસાવડા અને કાવ્ય લેખન સ્પર્ધામાં પ્રિયંકાબા રાઠોડે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળા પરિવારનું ગૌરવ વધાર્યુ



અબતક, દર્શન જોશી, જુનાગઢ

જૂનાગઢની ઐતિહાસિક બહાઉદ્દીન આર્ટ્સ કોલેજની બે તેજસ્વી વિદ્યાર્થીઓએ રાજ્યકક્ષાની લેખન અને કાવ્ય લેખન સ્પર્ધામાં ઝળહળતી સફળતા મેળવી, પોતાનું, પરિવારનું અને સાથે કોલેજનું ગૌરવ વધાર્યું છે.

મણિનગર-અમદાવાદ દ્વારા ઓનલાઈન માધ્યમથી આયોજિત રાજ્યકક્ષાની સ્પર્ધાઓમાં બહાઉદ્દીન આર્ટ્સ કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું. આ સ્પર્ધામાં કોલેજના બી.એ. પ્રથમ વર્ષના વિદ્યાર્થી વસાવડા પર્વ કે. એ વાર્તા લેખન સ્પર્ધામાં દ્વિતીય ક્રમ મેળવ્યો હતો. જ્યારે બી.એ. દ્વિતિય વર્ષની વિદ્યાર્થીની રાઠોડ પ્રિયંકાબા જી. એ કાવ્ય લેખન સ્પર્ધામાં તૃતીય ક્રમ પ્રાપ્ત કરીને પોતાની પ્રતિભા સાબિત કરી હતી. આ સિદ્ધિ બદલ બંને વિદ્યાર્થીઓને રોકડ ઈનામ, પ્રમાણપત્ર અને ટ્રોફી આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. બહાઉદ્દીન આર્ટ્સ કોલેજના આચાર્ય ડો. જે.આર. વાંઝાએ બંને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતાં.

# વિદ્યાર્થીની વિદાય એક પરંપરા છે, શિષ્ય માટે ગુરૂનું હૃદય હંમેશા આશિર્વાદથી ભર્યું હોય: ડો. પ્રતાપસિંહ ચોહાણ

## જૂનાગઢ નરસિંહ મહેતા યુનિ. લાઈફસાઈન્સ વિભાગના વિદ્યાર્થીઓનો યોજાયો સમારંભ



અબતક, દર્શન જોશી, જૂનાગઢ

ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વ વિદ્યાલય જૂનાગઢનાં લાઈફ સાયન્સ ડિપાર્ટમેન્ટનાં વર્ષ ૨૦૨૪-૨૬નાં અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને યુનિ. ભવનમાં અભ્યાસ પુર્ણ થતાં જુનિયર છાત્રોએ ક્ષિતીઝ-૮ નામથી વિદયામાન આપવા કાર્યક્રમનું આયોજન કર્યુ હતુ.

કાર્યક્રમનાં અધ્યક્ષ અને ઉદઘાટક યુનિ.નાં કૂલપતિ પ્રો. ડો. પ્રતાપસિંહ ચૌહાણે જણાવ્યુ હતુ કે વિદાય તો એક પરંપરા છે, જેથી ગુરૂશિષ્ય વચ્ચે સંબંધ અતુટ જ હોય છે. વિદ્યાર્થીઓ માટે ગુરૂનું હૃદય હંમેશા આશીર્વાદથી ભરેલું હોય છે.

કાર્યક્રમ દરમ્યાન જીવવિજ્ઞાન વિભાગનાં વડા પ્રો. સુહાસ વ્યાસ, જયસિંહ ઝાલા, અંગ્રેજી વિભાગનાં પ્રો. ફિરોઝ શેખ, રમેશ.જી પરમાર અને યુનિ. સ્ટાફ પરિવારે વર્ષ ૨૦૨૬નાં શિક્ષણસત્રની વિદાઈ લઈ રહેલ બેંચનાં વિદ્યાર્થીઓને જીવનમાં સદૈવ અગ્રેસર બની રહેવા અને પ્રગતિનાં સોપાનો હાંસલ કરવાની શુભકામનાં વ્યક્ત કરી હતી. કાર્યક્રમનું સંચાલન ધ્વનિ ચૌહાણ અને ધાર્મીક સોલંકીએ કર્યુ હતું.

# ગીર સોમનાથ: ૭૧૭ ઉમેદવારો મેદાનમાં, જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો પર ત્રિપાંખિયો મુકાબલો

## ભાજપ-કોંગ્રેસ તમામ બેઠકો પર આમને-સામને, આમ આદમી પાર્ટીએ પણ નોંધાવી મજબૂત હાજરી

અબતક, અતુલ કોટેચા, વેરાવળ

ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓની (કોડીનાર સિવાય) આગામી ૨૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ યોજાનાર સામાન્ય ચૂંટણી માટે ફોર્મ પરત ખેંચવાની પ્રક્રિયા પૂર્ણ થઈ છે. ૧૫ એપ્રિલના રોજ અંતિમ યાદી જાહેર થયા બાદ હવે જિલ્લાના રાજકીય મેદાનમાં હરીફ ઉમેદવારોની સ્થિતિ સ્પષ્ટ થઈ ગઈ છે.સમગ્ર જિલ્લામાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધો મુકાબલો જોવા મળી રહ્યો છે, પરંતુ આમ આદમી પાર્ટીની હાજરીને કારણે ઘણી બેઠકો પર ત્રિપાંખિયો જંગ ખેલાશે. હવે ૨૬ એપ્રિલના રોજ યોજાનાર મતદાન માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે અને ઉમેદવારોએ મતદારોને રીઝવવા પ્રચારના શ્રીગણેશ કરી દીધા

જિલ્લા પંચાયતની બેઠકો માટે કુલ ૮૯ ઉમેદવારો હરીફ તરીકે મેદાનમાં છે. જેમાં ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ બંને પક્ષોએ તમામ ૨૮ બેઠકો પર પોતાના ઉમેદવારો ઉતાર્યા છે, જ્યારે આમ આદમી પાર્ટી ૨૫ બેઠકો પર ચૂંટણી લડી રહી છે. નોંધનીય છે કે, જિલ્લા પંચાયતમાંથી અન્ય ૨ અપક્ષ ઉમેદવારોએ પોતાના ફોર્મ પરત ખેંચ્યા છે.

તાલુકા પંચાયત અને નગરપાલિકાની સ્થિતિઃ

તાલુકા પંચાયતોની ચૂંટણી માટે સૌથી વધુ ૨૬ ઉમેદવારોના ફોર્મ પરત ખેંચાયા છે, જેના અંતે હવે ૩૪૫ ઉમેદવારો નસીબ અજમાવી રહ્યા છે. જેમાં ભાજપના ૧૨૮ અને કોંગ્રેસના ૧૨૩ ઉમેદવારો વચ્ચે ખરાખરીનો જંગ છે. બીજી તરફ, નગરપાલિકાઓમાં કુલ ૨૮૩ ઉમેદવારો હરીફ તરીકે જાહેર થયા છે, જેમાં ભાજપના ૧૨૦, કોંગ્રેસના ૮૫ અને આપના ૫૭ ઉમેદવારોનો સમાવેશ થાય છે.

# વડીયા-કુંકાવાવ તાલુકા પંચાયતની બે બેઠકો પર જામશે ત્રિ પાંખીયો જંગ



અબતક, માહિર સુમરા, વડીયા

અમરેલી જિલ્લાના વડિયા કુંકાવાવ તાલુકામાં જિલ્લા પંચાયતની ત્રણ બેઠકો અને તાલુકા પંચાયતની સોળ બેઠકો પર ચુંટણી જંગ જામ્યો છે.

વડિયા કુંકાવાવ તાલુકાની તાલુકા પંચાયતમાં વડિયાની બંને સીટો વડિયા -૧ સુરગપરા વિસ્તાર અને વડિયા -૨ કૃષ્ણપરા - હનુમાન ખીજડીયા આ બંને સીટો પર ભાજપ - કોંગેસ - આપ વચ્ચે ત્રીપાંખિયો ભારે રસાકસી વાળો જંગ સર્જાય શકે છે. આ સીટમાં ભાજપ ના તુષાર ગણાત્રા, કોંગ્રેસ ના જુનેદ ડોડીયા અને આમ આદમી પાર્ટીના દિનેશ રામાણી વચ્ચે ત્રીપાંખિયો જંગ નક્કી થઈ ચુક્યો છે. ત્યારે લોહાણા - મુસ્લિમ - પાટીદાર ત્રણ નેતાઓ વચ્ચે જંગ જામવાનો છે.

# ગાંધીધામ-આદિપુર સંકુલમાં પીએનજી સુવિધા તાત્કાલિક શરૂ કરવા ચેમ્બર ઓફ કોમર્સની માંગ

અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ

પૂર્વ કચ્છના આર્થિક કેન્દ્ર સમાન ગાંધીધામ-આદિપુર સંકુલને પાઈપ્ડ નેચરલ ગેસ (ઙગ્રૠ) નેટવર્ક સાથે જોડવા માટે ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર લખી રજૂઆત કરવામાં આવી છે. ચેમ્બરે ભારપૂર્વક જણાવ્યું છે કે, કેન્દ્ર સરકાર જ્યારે સસ્તા અને સુરક્ષિત ઈંધણ પર ભાર મૂકી રહી છે, ત્યારે ગાંધીધામ જેવા મહત્વના ઔદ્યોગિક વિસ્તારમાં આ સુવિધાનો અભાવ વિકાસ માટે અવરોધરૂપ સાબિત થઈ રહ્યો છે.

ગાંધીધામ ચેમ્બરના પ્રમુખ તેજાભાઈ કાનગડે રજૂઆતમાં જણાવ્યું હતું કે, ગાંધીધામ સંકુલ દેશના અગ્રણી પોર્ટ આધારિત ઉદ્યોગો અને લોજિસ્ટિક્સનું મુખ્ય કેન્દ્ર છે. વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં જ્યારે સરકાર ગેસ આધારિત અર્થતંત્રને પ્રોત્સાહન આપી રહી છે, ત્યારે આ વિસ્તારમાં પીએનજી સુવિધા શરૂ થવાથી ઉદ્યોગોના ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થશે અને પર્યાવરણનું પણ જતન થશે.આ બાબતે વધુ વિગતો આપતા માનદ મંત્રી મહેશ તીર્થાણીએ જણાવ્યું હતું કે, અગાઉ ગાંધીધામ સંકુલ માટે અપાયેલી પીએનજી ની મંજૂરીને પુનઃસ્થાપિત કરવી અત્યંત જરૂરી છે. તેમણે મુખ્યમંત્રીને અપીલ કરી છે કે સંબંધિત વિભાગોને સ્પષ્ટ માર્ગદર્શન આપી આ યોજનાનું તાત્કાલિક અમલીકરણ કરાવવામાં આવે. જો આ સુવિધા કાર્યરત થશે તો સ્થાનિક નાગરિકોને પણ સસ્તું અને અવિરત ઈંધણ મળી રહેશે, જે સમગ્ર વિસ્તારના સર્વાંગી વિકાસમાં મહત્વનું યોગદાન આપશે.

# વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા મહિલા સશક્તિકરણ સહિતના વિવિધ સેવાકાર્યોનો થશે પ્રારંભ

અબતક, દર્શન જોશી, જુનાગઢ

વિશ્વ હિન્દુ પરિષદ, જૂનાગઢ મહાનગર સેવા વિભાગ દ્વારા આગામી સેવાકીય પ્રવૃત્તિઓની રૂપરેખા તૈયાર કરવા માટે એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જે બેઠકમાં મેડિકલ કેમ્પ, સુવર્ણ પ્રાશન કેન્દ્રો અને મહિલા સશકિતકરણના વિવિધ સેવાકાર્યો હાથ ધરાશે તેવું નક્કી કરવામાં આવ્યું હતું.

જૂનાગઢ ખાતે મળેલી આ બેઠકમાં સૌરાષ્ટ્ર પ્રાંત સહ સેવા પ્રમુખ કૌશિકભાઈ ગજેરા દ્વારા પ્રારંભ કરાયા બાદ, આગામી કાર્યક્રમો અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ડો. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતીના ઉપલક્ષમાં દરેક પ્રખંડમાં મેડિકલ કેમ્પનું આયોજન કરવા તેમજ દરેક પ્રખંડમાં સ્થાયી સેવાકાર્યો શરૂ કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત, બાળકોના સ્વાસ્થ્ય માટે સુવર્ણ પ્રાશન કેન્દ્રોની સંખ્યામાં વધારો કરવા તથા સૂર્ય મંદિર પ્રખંડમાં મહેંદી સ્પર્ધા અને બહેનોને આત્મનિર્ભર બનાવવા માટે સિલાઈ કામના કેન્દ્રો શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.આ બેઠકમાં નથુભાઈ કાંબલિયા (મહાનગર સત્સંગ પ્રમુખ), જોગીભાઈ કોટેચા (મહાનગર બાલ સંસ્કાર કેન્દ્ર પ્રમુખ), અંકિતભાઈ જિલ્કા (મહાનગર કોષાધ્યક્ષ) સહિત વિવિધ પ્રખંડોના વાલી, મંત્રી, સહમંત્રી અને સંયોજકો મહાનગર અને પ્રખંડના અગ્રણીઓ, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# કંડલા બંદરની વ્યવસ્થા જોઈ જાપાન પ્રતિનિધિ મંડળ થયું પ્રભાવિત

## કંડલા બંદરના ભવ્ય આયોજનનો અંગે પોર્ટ અધ્યક્ષે આપી માહીતી



અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ

જાપાનના પ્રતિનિધિમંડળે શિપબિલ્ડિંગ અને શિપ રિપેર ક્ષેત્રમાં નવા અવસરો શોધવા માટે ડીપીએ કંડલાના અધ્યક્ષ સુશિલ કુમાર સિંહ સાથે મુલાકાત કરી હતી. મુલાકાત દરમિયાન અધ્યક્ષએ આવનારા પ્રોજેક્ટ્સ અંગે વિગતવાર માહિતી આપી અને નેશનલ શિપબિલ્ડિંગ મિશન તેમજ મેરિટાઈમ ઈન્ડિયા વિઝન માટે તેમના વ્યૂહાત્મક મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. પ્રતિનિધિમંડળે કંડલા અને વીરા ખાતે પ્રસ્તાવિત શિપયાર્ડ સ્થળોની મુલાકાત લઈ વિકાસની સંભાવનાઓ અંગે માહિતી મેળવી હતી.



# લખનઉને આસાનીથી હરાવી રોયલ ચેલેન્જ બેંગ્લોર બન્યું ટેબલ ટોપર

## લખનઉ સામે રોયલ ચેલેન્જર્સનો પાંચ વિકેટે આસાન વિજય, રસિખ સલામની ચાર વિકેટ

**અબતક, રાજકોટ**

જોશ હેઝલવૂડ, રસિખ સલામ અને અનુભવી ભુવનેશ્વર કુમારની વેધક બોલિંગ બાદ વિરાટ કોહલી, રજત પાટીદાર અને જિતેશ શર્માની આક્રમક બેટિંગની મદદથી રોયલ ચેલેન્જર્સ બેંગલોરે ગુરુવારે અહીં રમાયેલી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામિન્ટની મેચમાં લખનૌ સુપર જાયન્ટ્સ સામે પાંચ વિકેટે આસાન વિજય હાંસલ કરીને પોઈન્ટ ટેબલમાં મોખરાનું સ્થાન હાંસલ કરી લીધું હતું. તે હાલમાં આઠ પોઈન્ટ ધરાવે છે તો રાજસ્થાન રોયલ્સ પણ એટલા જ પોઈન્ટ પર છે પરંતુ બેંગલોરનો નેટ રનરેટ બહેતર છે.એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં લખનૌની ટીમ ૨૦ ઓવરમાં ૧૪૬ રનના સામાન્ય સ્કોર પર આઉટ થઈ ગઈ હતી જેના જવાબમાં બેંગલોરે ૧૫.૧ ઓવરમાં પાંચ વિકેટે ૧૪૯ રન કરી લીધા હતા.બેંગલોરની ઈનિંગ્સની શરૂઆતમાં ફિલ સોલ્ટ સસ્તામાં આઉટ થઈ ગયો હતો પરંતુ ત્યાર બાદ વિરાટ કોહલીએ ૩૪ બોલમાં ૪૯ રન ફટકાર્યા હતા તો કેપ્ટન રજત પાટીદારે ત્રણ સિક્સર સાથે ૧૩ બોલમાં ૨૭ અને જિતેશ શર્માએ નવ બોલમાં બે સિક્સર અને બે ચોગ્ગા સાથે આક્રમક ૨૩ રન ફટકાર્યા હતા.અગાઉ રોયલ ચેલેન્જર્સ બેંગલોરે ટોસ જીત્યા બાદ લખનૌએ પ્રથમ બેટિંગ કરી હતી. આરસીબીના બોલર્સે જોશ હેઝલવુડની આગેવાનીમાં લખનૌ સુપર જાયન્ટ્સના બેટર્સની નબળાઈઓનો પૂરો ફાયદો ઉઠાવ્યો હતો. હેઝલવુડ ઉપરાંત રસિખ સલામ દાર અને ભુવનેશ્વર કુમારની સચોટ બોલિંગને કારણે જાયન્ટ્સ માત્ર ૧૪૬ રનનો નજીવા સ્કોર કરી શકી હતી.લખનૌ માટે આ મેચ વધુ કપરી સાબિત થઈ હતી કેમ કે તેનો કેપ્ટન રિશભ પંત શૂન્ય રને ઘાયલ થયો હતો અને તેને મેદાનની બહાર જવું પડ્યું હતું. હેઝલવુડનો એક બોલ પંતના ડાબા હાથની કોણી પર વાગ્યો હતો. તે ૧૬મી ઓવરમાં આયુષ બદોનીની વિકેટ બાદ પરત ફર્યો હતો પરંતુ લાંબું ટકી શક્યો ન હતો. લખનૌની ઈનિંગ્સની શરૂઆતમાં જોશ હેઝલવુડે પાવરપ્લેમાં અદભૂત બોલિંગ કરી હતી. તેણે ત્રણ ઓવરમાં માત્ર દસ રન આપ્યા હતા જેને કારણે હરીફ ટીમની રનરેટ પર બ્રેક વાગી ગઈ હતી અને ત્યાર બાદ રસિખ સલામ દાર અને ભુવનેશ્વર કુમારે વેધક બોલિંગ કરી હતી. દારે ચાર તથા કુમારે ત્રણ વિકેટ ખેરવી હતી.

### ઓરેન્જ કેપ રેસમાં વિરાટ આગળ



પોતાની ઈનિંગ વિશે વિરાટે કહ્યું કે ''હું મારી ઈનિંગ ચાલુ રાખવા માગતો હતો અને મેચ પૂરી કરવા માગતો હતો. ક્યારેક તમારે મેદાનની સ્થિતિ ધ્યાનમાં લેવી પડે છે. પિચ ઘણી ધીમી પડી ગઈ હતી, અને હું કદાચ એ જ સ્ટાઈલમાં રમવાનું ચાલુ રાખવા માગતો હતો. પરંતુ અંતે, મારે કદાચ મેચ પૂરી કરવી જોઈતી હતી.''


પિચ વિશે તેને કહ્યું કે ''છેલ્લા ૩ થી ૪ દિવસથી અહીં ખૂબ જ ગરમી હતી. પિચ ખૂબ જ સૂકી હતી. તેથી અમારો પ્લાન હતો કે પહેલા ૫ થી ૬ ઓવરમાં મેચ પર નિયંત્રણ મેળવીએ અને વિરોધી ટીમને રમતમાંથી બહાર કરીએ. આ કારણોસર પાવરપ્લેમાં આક્રમક બેટિંગ કરવી જરૂરી હતી. મને ખુશી છે કે હું મારી ટીમને લીડ અપાવી શક્યો.'' આ ઈનિંગ પછી વિરાટ કોહલી ૨૨૮ રન સાથે ઓરેન્જ કેપ રેસમાં ટોપ પર પહોંચી ગયો છે.

# એક યુગનો અંતઃ સ્ટાર જેમી મૂરેએ ટેનિસને અલવિદા કહ્યુ!

**અબતક, રાજકોટ**

બ્રિટિશ ટેનિસના ડબલ્સ ક્ષેત્રે અજેય બની રહેલા જેમી મુરેએ ૪૦ વર્ષની વયે પ્રોફેશનલ ટેનિસ કારકિર્દીનો અંત કરવાની જાહેરાત કરી છે. આ સાથે ટેનિસ યુગનો અંત આવ્યો છે. એન્ડી મુરેના મોટા ભાઈ જેમીએ ઈન્સ્ટાગ્રામ પર એક લાગણીસભર પોસ્ટમાં લખ્યું કે, મારી ટેનિસની યાત્રા ૩૬ વર્ષ પછી અહીં પૂરી થાય છે. હું આ મહાન રમત દ્વારા મળેલા તમામ અદ્ભુત અનુભવો માટે ખૂબ જ નસીબદાર અનુભવું છું.

જેમી મુરે ૧૯૮૬માં સ્કોટલેન્ડના ડનબ્લેનમાં જન્મ્યા હતા. તેઓ એન્ડી મુરે કરતાં બે વર્ષ મોટા છે. જેમીએ મુખ્યત્વે ડબલ્સમાં પોતાની કારકિર્દી વિકસાવી અને



તેમાં અસાધારણ સફળતા મેળવી. તેઓ બ્રિટિશ ખેલાડી તરીકે ડબલ્સ વિભાગમાં વિશ્વના નંબર-૧ બનનારા પ્રથમ ખેલાડી બન્યા હતા. તેમની કારકિર્દીમાં ૩. એટીપી ડબલ્સ ટાઈટલ્સ, સાત ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ્સ (૨ પુરુષ ડબલ્સ અને ૫ મિક્સ્ડ ડબલ્સ) અને ૨૦૧૫માં એન્ડી સાથે મળીને બ્રિટનને ડેવિસ કપ જીતાડવાની સિદ્ધિ સામેલ છે.જેમી મુરેએ ડબલ્સને બ્રિટનમાં લોકપ્રિય બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમની ઝડપી સર્વિસ, સ્માર્ટ નેટ પ્લે અને પાર્ટનર સાથેની સમજણને કારણે તેઓ વિશ્વના શ્રેષ્ઠ ડબલ્સ ખેલાડીઓમાં ગણાતા હતા. તેમને ૨૦૧૬માં રમત અને ચેરિટી માટે (ઓર્ડર ઓફ ધ બ્રિટિશ એમ્પાયર) એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# વિનોદ કાંબલીને ગમે ત્યારે બ્રેઈન સ્ટ્રોક આવી શકે

## કાંબલીના મગજમાં લોહીનો ગઠ્ઠો બની ગયો છે, જેને હવે દૂર કરી શકાય તેમ નથી, વિનોદના નજીકના મિત્ર માર્કસએ ખુલાસો કર્યો

**અબતક, રાજકોટ**

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ બેટ્સમેન અને સચિન તેંડુલકરના બાળપણના ઘનિષ્ઠ મિત્ર વિનોદ કાંબલીની તબિયત વિશે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. તેમના એક નજીકના મિત્ર માર્કસ કુટોએ જણાવ્યું છે કે વિનોદ કાંબલીના મગજમાં લોહીનો ગઠ્ઠો બની ગયો છે, જેને હવે દૂર કરી શકાતો નથી. આ કારણે તેમને બ્રેઈન સ્ટ્રોક (મગજનો હુમલો) થવાનો ગંભીર ખતરો છે.



કાંબલી હાલમાં સ્વાસ્થ્ય સુધારવાની પ્રક્રિયામાં છે, પરંતુ તેઓ હજુ સંપૂર્ણપણે સ્વસ્થ નથી થયા. તેમની યાદશક્તિ નબળી પડી ગઈ છે. તેઓ વસ્તુઓને ટુકડે-ટુકડે યાદ કરી શકે છે, પરંતુ સંપૂર્ણ વિગતો ભૂલી જાય છે. મિત્ર માર્કસ કુટોએ કહ્યું, વિનોદની મેમરી સારી નથી. ક્યારેક કંઈક યાદ આવે છે, તો તે કરી શકે છે, અન્યથા તેમને મુશ્કેલી પડે છે.

માર્કસ કુટોએ વધુમાં જણાવ્યું કે, વિનોદના મગજમાં એક ક્લોટ છે, જેને હવે દૂર કરી શકાતો નથી કારણ કે શરૂઆતમાં જરૂરી સાવચેતી નહોતી લેવાઈ. ડોકટરોએ સ્પષ્ટ કહ્યું છે કે આગળનું સ્ટેજ બ્રેઈન સ્ટ્રોક હોઈ શકે છે. પ્રખ્યાત ન્યુરોસર્જન અને પૂર્વ ક્રિકેટર ડો. અદિલ ચાગલાએ પણ આ જ ચેતવણી આપી છે

# સીબીએસઈ ધોરણ-૧૦નું ગુજરાતનું ૯૬.૬૧ ટકા પરિણામઃ દેશનું ૯૩.૭૦ ટકા

## રાજ્યમાં વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થિનીઓનું પરિણામ ૧.૬૩ ટકા વધુ આવ્યુંઃ રાજ્યના ૪૫ હજાર વિદ્યાર્થીઓમાંથી ૪૩ હજાર વિદ્યાર્થીઓ પાસ થયા

**અબતક, રાજકોટ**

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા ધોરણ-૧૦નું પરિણામ બુધવારના રોજ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં રાજ્યનું પરિણામ ૯૬.૬૧ ટકા આવ્યું છે. સમગ્ર દેશનું પરિણામ ૯૩.૭૦ ટકા આવ્યું છે, જેની સરખામણીમાં રાજ્યનું પરિણામ ૨.૯૧ ટકા પરિણામ વધુ આવ્યું છે. રાજ્યમાં વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થિનીઓનું પરિણામ ૧.૬૩ ટકા ઊંચુ આવ્યું છે. રાજ્યના ધોરણ-૧૦માં ૪૫ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા, જે પૈકી ૪૩ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ પાસ થયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર,સીબીએસઈ બોર્ડ દ્વારા ધોરણ-૧૦નું પરિણામ બુધવારના રોજ જાહેર કરાયું છે. ધોરણ-૧૦ની પરીક્ષા ૧૭ ફેબ્રુઆરીથી ૧૧ માર્ચ દરમિયાન લેવામાં આવી હતી. ધોરણ-૧૦માં સમગ્ર રાજ્યમાંથી ૨૬૦૧૧ વિદ્યાર્થીઓ અને ૧૯૧૮૧ વિદ્યાર્થિનીઓ મળી કુલ ૪૫૧૯૨ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જેમાંથી પરીક્ષા વખતે ૨૫૯૬૧ વિદ્યાર્થીઓ અને ૧૯૧૪૬ વિદ્યાર્થિનીઓ મળી કુલ ૪૫૧૦૭ વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતા. દરમિયાન, બુધવારે જાહેર કરાયેલા પરિણામમાં ૨૪૯૦૩ વિદ્યાર્થીઓ અને ૧૮૬૭૩ વિદ્યાર્થિનીઓ મળી કુલ ૪૩૫૭૬ વિદ્યાર્થીઓ પાસ થવામાં સફળ રહ્યા છે. આમ, વિદ્યાર્થીઓનું પરિણામ ૯૫.૯૦ ટકા, વિદ્યાર્થિનીઓનું પરિણામ ૯૭.૫૩ ટકા અને રાજ્યનું એકંદરે પરિણામ ૯૬.૬૧ ટકા આવ્યું છે. આમ, ધોરણ-૧૦માં રાજ્યની વિદ્યાર્થિનીઓનું પરિણામ વિદ્યાર્થીઓ કરતા ૧.૬૩ ટકા વધુ આવ્યું છે. સમગ્ર દેશની વાત કરીએ તો, ૨૪.૮૩ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા માટે નોંધાયા હતા, જેમાંથી ૨૪.૭૧ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. દરમિયાન આ વિદ્યાર્થીઓ પૈકી ૨૩.૧૬ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષામાં પાસ થવામાં સફળ રહ્યા છે. આમ, ધોરણ-૧૦નું સમગ્ર દેશનું એકંદરે પરિણામ ૯૩.૭૦ ટકા આવ્યું છે. ગત વર્ષની સરખામણીમાં આ વખતનું પરિણામ ૦.૦૪ ટકા વધુ આવ્યું છે. ગત વર્ષે ધોરણ-૧૦નું પરિણામ ૯૩.૬૬ ટકા હતું. ધોરણ-૧૦માં સમગ્ર દેશમાં ૫૫૩૬૮ વિદ્યાર્થીઓને ૯૫ ટકા કરતા વધુ ગુણ આવ્યા છે. જ્યારે ૨.૨૧ લાખ વિદ્યાર્થીઓને ૯૦ ટકા કરતા વધુ ગુણ આવ્યા છે. ધોરણ-૧૦માં સમગ્ર દેશમાં વિદ્યાર્થીનીઓનું પરિણામ ૯૪.૯૯ ટકા રહ્યું હતું. જ્યારે વિદ્યાર્થીઓનું પરિણામ ૯૨.૬૯ ટકા રહ્યું હતું. આમ, વિદ્યાર્થીનીઓનું પરિણામ વિદ્યાર્થીઓ કરતા ૨.૩૦ ટકા વધુ આવ્યું છે.

### ચૂંટણી ટાણે પોલીસની 'મેગા કાર્યવાહી

# રાજકોટ ગ્રામ્ય પોલીસે ૪૭૪૭ શખ્સોને જેલમાં ધકેલાયા

## જિલ્લાના ૧૧૦૭ પરવાનેદારોએ હથિયાર જમા કરાવ્યા, ૫ લાયસન્સ રદ

**અબતક રાજકોટ**

રાજ્યભરમાં મહાનગરપાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીઓને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સૌરાષ્ટ્રભરની પોલીસ એલર્ટ થઈ ગઈ છે. રાજકોટ ગ્રામ્ય એસપી વિજયસિંહ ગુર્જરે જણાવ્યું છે કે ચૂંટણી દરમિયાન શાંતિ ડહોળવાનો પ્રયાસ કરનાર સામે કડક હાથે કામ લેવામાં આવશે. પોલીસની વિવિધ ટીમો દ્વારા સંવેદનશીલ વિસ્તારોમાં સતત પેટ્રોલિંગ ચાલુ છે. અસામાજિક તત્વો પર લગામ કસવા માટે પોલીસે ઓપરેશન શરૂ કર્યું છે,

રાજકોટ જિલ્લા એસપી પી. વિજયસિંહ ગુર્જરના આદેશ અનુસાર, જિલ્લામાં ભયમુક્ત અને શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન થાય તે માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. રાજકોટ જિલ્લામાં કુલ ૧૨૦૯ હથિયાર પરવાનેદારોમાંથી ૧૧૦૭ લોકોએ પોતાના હથિયારો પોલીસ મથકે જમા કરાવી દીધા



એસપી વિજયસિંહ ગુર્જર

છે. નિયમોના ભંગ બદલ ૫ હથિયાર લાયસન્સ રદ કરવામાં આવ્યા છે, જ્યારે ૮ ધારકોના રિન્યુઅલની પ્રક્રિયા હાલ તપાસ હેઠળ છે. જોકે, બેંક સિક્યુરિટી અને વ્યકિતગત સુરક્ષાના ગંભીર કારણોસર ૮૯ હથિયારોને જમા કરાવવામાંથી મુક્તિ અપાઈ છે.આચારસંહિતા અમલી બન્યાના માત્ર ૧૪ દિવસમાં (૧ એપ્રિલથી ૧૪ એપ્રિલ સુધી) રાજકોટ ગ્રામ્ય પોલીસે ૪૭૪૭ શખસોની અટકાયત કરી છે. અગાઉ દારૂ, મારામારી કે અન્ય ગુનામાં સંડોવાયેલા હતા અને ચૂંટણી પ્રક્રિયામાં ખલેલ પહોંચાડી શકે તેમ હતા. ચૂંટણી પ્રચાર તેજ બને ત્યારે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે એલસીબીએ, એસઓજી અને પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમો સતત પેટ્રોલિંગ કરી રહી છે. જિલ્લાની સરહદો પર અને મુખ્ય માર્ગો પર ૨૧ જેટલી ચેકપોસ્ટ ઉભી કરી વાહન ચેકિંગ સઘન બનાવવામાં આવ્યું છે.ચૂંટણી દરમિયાન રોકડ રકમ, દારૂ કે અન્ય પ્રતિબંધિત ચીજોની હેરાફેરી અટકાવવા માટે રાજકોટ ગ્રામ્યમાં ૨૧ મહત્વની ચેકપોસ્ટ ઉભી કરવામાં આવી છે. જ્યાં દરેક વાહનનું સઘન ચેકિંગ થઈ રહ્યું છે.

### રાજકોટ ગ્રામ્ય પોલીસની ચેકપોસ્ટ

| | |
|---|---|
| પડધરી વણપરી ટોલનાકું | સુલતાનપુર દેરડી કુંભાજી |
| મેટોડા ખીરસરા ચોકડી | વીરપુર થોરાળા પાટીયા |
| કોટડાસાંગાણી નારણકા ચોકડી | જેતપુર ધારેશ્વર |
| શાપર-વેરાવળ કોરાટ ચોક | જેતપુર તાલુકા જેતલસર દેવકીગાલોલ |
| જસદણ વડલી | જામકંડોરણા સાતોદળ-ચિત્રાવળ ચોકડી |
| આટકોટ આટકોટ ટી પોઈન્ટ | ધોરાજી તાલુકાતોરણીયા પાટીયુ |
| વિછિયા થોરીયાડી | ઉપલેટા ગણોદ પાટીયુ |
| ભાડલા કમળાપુર ટી-પોઈન્ટ | ભાયાવદર પાનેલી-વાલાસણ ગોળાઈ |
| ગોંડલ સિટી આશાપુરા ચોકડી | પાટણવાવ અવની પાટીયુ |
| ગોંડલ તાલુકા રીબડા | લોધિકા ટીલાળા ચોકડી |

### પવન ઉર્જા ક્ષેત્રે ભારતની ઉંચી ઉડાન

# મુદ્રા બંદર પર અદાણી વિન્ડ કંપની દ્વારા પાંચ મેગાવોટ વિજળી ઉત્પન કરતી દેશની સૌથી મોટી પવન ચક્કી શરૂ કરી

## ૧૮૫ મીટરની ગગનચુંબી પવન ચક્કીમાં ૯૧.૨ મીટરની વિરાટ પાંખો હવા કાપીને ઉર્જા ઉત્પન કરશે

**અબતક, રાજકોટ**

કચ્છના સફેદ રણની સરહદે મુંદ્રાના કિનારે ગ્રીન એનર્જી ક્રાંતિનું નવું પ્રતીક ઊભું થયું છે. ભારતની રિન્યુએબલ એનર્જી ક્ષેત્રની અગ્રણી કંપની અદાણી વિન્ડે ટેકનોલોજીની દુનિયામાં એક નવું સીમાચિહ્ન સ્થાપિત કર્યુ છે. કંપનીએ કચ્છના મુંદ્રા ખાતે ૫ મેગાવોટની ક્ષમતા ધરાવતા મહાકાય વિન્ડ ટર્બાઈન પ્રોટોટાઈપનું સફળતાપૂર્વક પ્રારંભ કર્યુ છે.

આ ટર્બાઈન તેના કદ અને ક્ષમતાની દ્રષ્ટિએ ભારતના પવન ઊર્જા ઉદ્યોગમાં ક્રાંતિકારી ફેરફાર લાવશે. વિશાળ ટર્બાઈનની મુખ્ય ત્રણ વિશેષતાઓની વાત કરીએ તો.

આ ટર્બાઈનનો રોટર



ડાયામીટર૧૮૫ મીટરછે, જે તેને ભારતના સૌથી મોટા વિન્ડ ટર્બાઈન્સમાં સ્થાન અપાવે છે. તેની એક બ્લેડની લંબાઈ૯૧.૨ મીટરછે. આ બ્લેડ્સ પવનના ઓછા વેગમાં પણ વધુમાં વધુ ઊર્જા ખેંચવાની ક્ષમતા ધરાવે છે. માત્ર એક જ ટર્બાઈન હજારો ઘરોને રોશન કરવાની ક્ષમતા ધરાવે છે, જે ભારતની વધતી જતી વીજ માંગ માટે 'ગેમ ચેન્જર' સાબિત થશે.

આ સાથે વૈશ્વિક ફલક પર રિન્યુએબલ એનર્જીમાં ભારતનો દબદબો વધ્યો છે. બ્લૂમબર્ગ એનઈએફના તાજેતરના અહેવાલ મુજબ, પવન ઊર્જાના સ્થાપન બાબતે ભારત હવે ચીન પછી વિશ્વનું બીજું સૌથી મોટું માર્કેટ બનીને ઉભરી આવ્યું છે, જેણે અમેરિકા અને જર્મનીને પણ પાછળ છોડી દીધા છે. અદાણી વિન્ડ એ વિશ્વનાટોપ-૧૫ વિન્ડ ટર્બાઈન ઉત્પાદકોમાં સ્થાન મેળવનારી એકમાત્ર ભારતીય કંપની બની છે.ભારતની પવન ઉર્જા ઉત્પાદન ક્ષમતા ૨૦૨૨માં ૧૨ ગીગાવોટ હતી જે વધીને હવે૨૦ ગીગા વોટ સુધી પહોંચી છે. તે માત્ર ભારતની જરૂરિયાતો જ નહીં, પણ યુરોપ જેવા દેશોમાં એન્ટી-આઈસિંગ ટેકનોલોજી ધરાવતી બ્લેડ્સની નિકાસ પણ કરી રહી છે. કંપનીનું લક્ષ્ય વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ૨.૨૫ ગીગાવોટ થી વધારીને૧૦ ગીગા વોટ થી લઈ જવાનું છે.

# ગરમીમાં સામાન્ય રાહત છતાં પાંચ શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ

## રાજકોટ અને અમદાવાદ ૪૦.૭ ડિગ્રી સાથે સૌથી ગરમ

**અબતક, રાજકોટ**

રાજયભરમાં બુધવારે સુર્યનારાયણ થોડા ટાઢા પડ્યા હોય તેવુ લાગી રહ્યું છે. મહત્તમ તાપમાનમાં એકથી દોઢ ડીગ્રી સુધી ઘટાડો નોંધાવ્યો હતો. છતાં રાજ્યના પાંચ શહેરોમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયું હતું. રાજકોટ અને અમદાવાદ ૪૦.૭ ડિગ્રી સાથે રાજ્યના સૌથી ગરમ શહેર રહ્યા હતાં. આગામી ૧૯ અને ૨૦ એપ્રિલના રોજ રાજ્યના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડે તેવી આગાહી પણ આપવામાં આવી છે. હવામાન વિભાગના રેકોર્ડ પર બુધવારે અમદાવાદનું તાપમાન ૪૦.૭ ડિગ્રી, ડિસાનું તાપમાન ૩૯ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૪૦.૨ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરનું તાપમાન ૩૯.૫ ડિગ્રી, વડોદરાનું તાપમાન ૩૯.૮ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૭ ડિગ્રી, દમણનું તાપમાન ૩૪.૬ ડિગ્રી, કચ્છનું તાપમાન ૪૦.૬ ડિગ્રી, નલિયાનું તાપમાન ૩૪.૫ ડિગ્રી, કંડલાનું તાપમાન ૩૪.૫ ડિગ્રી, કંડલા એરપોર્ટનું તાપમાન ૩૯.૬ ડિગ્રી, સૌરાષ્ટ્રના અમરેલીનું તાપમાન ૪૦.૧ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૩૬.૭ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૩૧.૪ ડિગ્રી, ઓખાનું તાપમાન ૩૨.૪ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૩.૧ ડિગ્રી, રાજકોટનું તાપમાન ૪૦.૭ ડિગ્રી, વેરાવળનું તાપમાન ૩૦.૮ ડિગ્રી, સુરેન્દ્રનગરનું તાપમાન ૩૩.૮ ડિગ્રી, મહુવાનું તાપમાન ૩૩.૮ ડિગ્રી અને કેશોદનું તાપમાન ૩૬.૮ ડિગ્રી નોંધાયું હતું.

રાજકોટ શહેર છેલ્લા પાંચ દિવસથી રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. છેલ્લા બે દિવસથી ગરમીમાં થોડી રાહત જોવા મળી રહી છે. આગામી રવિવાર અને સોમવારે ફરી વાતાવરણમાં પલટો આવશે રાજ્યના અનેક વિસ્તારોમાં માવઠાની શક્યતા જણાઈ રહી છે.


# મનપામાં ૨૬૦, જિ.પં.માં ૭૬ અને તા.પં.માં ૩૪૪ ઉમેદવારો મેદાનમાં

## ■ મતદાન પહેલા જ 'કમળ' ખીલ્યું: જામનગર જિલ્લામાં ૭ બેઠકો પર ભાજપ બિનહરીફ, હવે ૨૩ બેઠકો પર ૭૬ ઉમેદવારો વચ્ચે મુકાબલા

જામનગર જિલ્લામાં યોજનારી સ્થાનિક સ્વરાજ્યની મહત્ત્વની ચૂંટણીઓ જેવી કે મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને સિક્કા નગરપાલિકામાં ઉમેદવારી પત્રો પરત ખેંચવાની સમય મર્યાદા પૂર્ણ થતા રાજકીય ચિત્ર હવે સંપૂર્ણપણે સાફ થઈ ગયું છે. વહીવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી આખરી ચકાસણી બાદ, ભારતીય જનતા પાર્ટીએ મતદાન પહેલા જ મેદાન મારી લીધું હોય તેમ સાત બેઠકો બિનહરીફ મેળવીને વિજયી પ્રારંભ કર્યો છે. હવે જ્યારે મેદાનમાં રહેલા ઉમેદવારોની સંખ્યા નક્કી થઈ ગઈ છે, ત્યારે રાજકીય પક્ષો અને અપક્ષ ઉમેદવારોએ મતદારોને રીઝવવા માટે પ્રચારના શ્રીગણેશ કરી દીધા છે. ક્યાંક ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ છે તો ક્યાંક બહુપાંખિયો મુકાબલો ચૂંટણીને રસપ્રદ બનાવશે.

જામનગર મહાનગરપાલિકાની ૬૩ બેઠકો, જિલ્લા પંચાયતની ૨૩ બેઠકો, તાલુકા પંચાયતની ૧૦૭ બેઠકો અને સિક્કા નગરપાલિકાની ૨૮ બેઠકો પર હવે આગામી દિવસોમાં મતદાન યોજાશે. રાજકીય પક્ષો હવે પ્રચાર પ્રસાર તેજ બનાવશે.

સમગ્ર ચૂંટણી પ્રક્રિયાનું સંચાલન વિવિધ અધિકારીઓ દ્વારા કરવામાં આવી રહ્યું છે, જેમાં જામનગર ગ્રામ્યના મામલતદાર એમ.જે. ચાવડા, જોડીયાના મામલતદાર જે.એન. મહેતા, ધ્રોલના મામલતદાર વી.એન. પરમાર અને લાલપુરના મામલતદાર એમ.જે. પરમાર સહિતના અધિકારીઓ પોતાની ટીમો સાથે કામગીરી કરી રહ્યા છે.



### બેઠકો બિનહરીફ

મતદાન પૂર્વે જ ભાજપે સાત બેઠકો પર વિજય નોંધાવ્યો છે:

મનપા: વોર્ડ નંબર ૧૪ માં ભાજપના રીટાબેન જોટંગીયા બિનહરીફ.

જિલ્લા પંચાયત: જોડિયા તાલુકાની પીઠડ બેઠક પર ભાજપના મયુરીબેન ગોધાણી બિનહરીફ.

તાલુકા પંચાયત: મોરકંડા, મોટી ભલસાણ, કેસિયા, મોટા વાગુદળ અને વાંસજાળીયામાં ભાજપના ઉમેદવારો સામે કોઈ પ્રતિસ્પર્ધી ન હોવાથી બિનહરીફ ચૂંટાયા છે.

### જિલ્લા પંચાયતમાં જામશે ચતુષ્કોણીય જંગ: ભાજપ, કોંગ્રેસ, આપ અને અપક્ષો વચ્ચે 'ટક્કર'

જિલ્લા પંચાયતોની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ના પત્રક અનુસાર, કુલ ૧૩૨ ફોર્મ ભરાયા હતા, જેમાંથી ૭૬ ઉમેદવારોના ફોર્મ માન્ય રહ્યા છે. વિવિધ બેઠકોની સ્થિતિ જોઈએ તો, ચૂંટણી અધિકારી એચ.એસ. રબારીના કાર્યક્ષેત્ર હેઠળના અલીયા, ધુતાર પર, ખીમરાણા અને મોરકંડા વોર્ડમાં કુલ ૨૨ ફોર્મમાંથી ૧૨ ઉમેદવારો માન્ય રહ્યા છે. બી.સી. જાડેજા હેઠળના આમરા, બેડ, ચેલા અને ધુંવાવ વોર્ડમાં ૧૮ ફોર્મમાંથી ૧૧ ઉમેદવારો મેદાનમાં છે. વાય.સી. પેન્ડાલ હેઠળ ખંઢેરા, ખરેડી, નવાગામ અને નિકાવામાં ૧૯ ફોર્મમાંથી ૧૩ માન્ય રહ્યા છે (ખરેડીમાં ૧ ફોર્મ પરત). સ્વપિનલ સીસલે (ઈઅજ) હેઠળ જોડીયા, નવાગામ, ખારવા, લતીપુર અને ભણગોરમાં ૨૮ ફોર્મમાંથી ૧૬ માન્ય છે (૨ ફોર્મ પરત). એસ.જે. અશવાર હેઠળ લાલપુર, પીપરટોડા અને સીંગચમાં ૧૫ ફોર્મમાંથી ૧૦ માન્ય રહ્યા છે, જ્યારે વી.કે. ઉપાધ્યાયના ક્ષેત્રમાં ગીંગણી, મોટીગોપ, સતાપર અને શેઠવડાળામાં ૩૨ ફોર્મમાંથી ૧૪ ઉમેદવારો માન્ય જાહેર થયા છે. ભાજપના ફાળે ૧ બેઠક બિનહરીફ ગઈ છે અને મેદાનમાં ભાજપ, કોંગ્રેસ, આપ અને અપક્ષો વચ્ચે જંગ જામશે.

### તાલુકા પંચાયતમાં કેસરીયો લહેરાયો

તાલુકા પંચાયતની વિવિધ બેઠકો માટે કુલ ૪૭૪ ફોર્મ ભરાયા હતા, જેમાંથી ૩૪૪ ફોર્મ માન્ય રાખવામાં આવ્યા છે અને ૧૩ ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચ્યા છે. ૧૮-મોરકંડા, ૧-આમરા અને ૧૬-તરસાઈ જેવી મહત્વની બેઠકો પર ભાજપના ઉમેદવારો બિનહરીફ જાહેર થયા છે. આ ઉપરાંત ૭-કણીયા બેઠક પર પણ એક ઉમેદવાર બિનહરીફ રહ્યો છે. જામનગર ગ્રામ્ય, જોડીયા, ધ્રોલ અને લાલપુર પંથકમાં વહીવટી તૈયારીઓ પૂર્ણતાના આરે છે.

### વોર્ડ નં-૧૬માં સૌથી વધુ ૨૭ ઉમેદવારો

મહાનગરપાલિકામાં વોર્ડવાર ચિત્ર જોઈએ તો વોર્ડ નંબર ૨ માં સૌથી ઓછા ૮ ઉમેદવારો છે, જ્યાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધો મુકાબલો થશે. બીજી તરફ, વોર્ડ નંબર ૧૬ માં સૌથી વધુ ૨૭ ઉમેદવારો મેદાનમાં હોવાથી ત્યાં બહુપાંખિયો જંગ ખેલાશે. વોર્ડ નં-૧૫ માં ૨૪, વોર્ડ નં-૯ માં ૨૧ અને વોર્ડ નં-૧ તથા ૧૨ માં ૨૦-૨૦ ઉમેદવારો ચૂંટણી લડશે. વોર્ડ નં-૧૪ માં ભાજપના એક ઉમેદવાર બિનહરીફ થતા હવે કુલ ૬૩ બેઠકો માટે ૨૬૦ ઉમેદવારો વચ્ચે ખરાખરીનો જંગ જામશે.

## પીઠડ, કેશિયા અને વાગુદળમાં ભાજપની જીત બાદ ખારવા-લતીપરમાં રસાકસી

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

ધ્રોલ અને જોડીયા તાલુકાની જિલ્લા પંચાયતની બેઠકો માટે ફોર્મ ખેંચવાના છેલ્લા દિવસે રાજકીય સમીકરણોમાં મોટી ઉલટફેર જોવા મળ્યો છે. ૧૪ તારીખે ફોર્મ પરત ખેંચવાની સમયમર્યાદા પૂર્ણ થતાની સાથે જ જોડીયાની પીઠડ બેઠક પર ભાજપે જીતનું ખાતું ખોલાવ્યું છે. જ્યારે અન્ય ત્રણ બેઠકો પર હવે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ખરાખરીનો જંગ ખેલાશે.


જોડીયા તાલુકાની પીઠડ જિલ્લા પંચાયત બેઠક પર ભાજપના ઉમેદવાર મયુરીબેન મૌલિકભાઈ ગોધાણી બિનહરીફ જાહેર થયા છે. આ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર મીનાબા લખધીરસિંહ જાડેજા અને આમ આદમી પાર્ટીના ઉમેદવાર પ્રફુલાબેન ચનિયારાએ પોતપોતાના ફોર્મ પાછા ખેંચી લેતા મયુરીબેનનો વિજય માર્ગ મોકળો બન્યો હતો. પૂર્વ મંત્રી હકુભા જાડેજા અને થરમશીભાઈ પનીયારાની પ્રેરક ઉપસ્થિતિમાં ભાજપે આ બેઠક પર વિજયધ્વજ લહેરાવી વિરોધ પક્ષોને જોરદાર આંચકો આપ્યો છે.

બીજી તરફ, ધ્રોલ તાલુકાની ખારવા બેઠક પર મહિલા ઉમેદવારો વચ્ચે ત્રિપાંખિયો જંગ જામશે. અહીં ભાજપના રંજનબેન ડી.ડી. જીવાણી સામે કોંગ્રેસના આશાબા લખધીરસિંહ જાડેજા અને આમ આદમી પાર્ટીના ઈલાબા પ્રધુમનસિંહ જાડેજા મેદાનમાં છે. તેવી જ રીતે ધ્રોલની લતીપર બેઠક પર ભાજપના કલ્પેશ બાબુભાઈ માલાણી, કોંગ્રેસના અજીતસિંહ અનોપસિંહ જાડેજા અને 'આપ'ના મનસુખભાઈ જેરામભાઈ રામાણી વચ્ચે કાંટાની ટક્કર જોવા મળશે.

જોડીયા જિલ્લા પંચાયતની મુખ્ય બેઠક પર પણ જંગ રસપ્રદ બન્યો છે. અહીં ભાજપના રાજેશભાઈ વશરામભાઈ મકવાણા સામે કોંગ્રેસના હિરેન કુમાર બાબુલાલ નળીયાપરા અને આમ આદમી પાર્ટીના વશરામભાઈ નરસંગભાઈ રાઠોડ પોતાની કિસ્મત અજમાવી રહ્યા છે. આમ, કુલ ચાર બેઠકોમાંથી એક બેઠક ભાજપના ફાળે બિનહરીફ ગઈ છે, જ્યારે બાકીની ત્રણ બેઠકો પર હવે મતદારો કોના પર મહોર મારે છે તેના પર સૌની મીટ મંડાયેલી છે.

## ખંભાળીયા પાલિકામાં પાંચ બેઠકો પર ભાજપનો બીન હરીફ વિજય

**અબતક, વિનાયક ભટ્ટ, જામખંભાળિયા**



ખંભાળીયા નગરપાલિકાના વોર્ડ નં. ૬ માં ફોર્મ પાછા ખેંચવાના દિવસે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ પોતાના ફોર્મ પાછા ખેંચી લેતા ભાજપની આખી પેનલ બીનહરીફ થવા પામી છે. ખંભાળીયા નગરપાલિકાની સામાન્ય ચુંટણી માટે ઉમેદવારી પત્રો ચકાસણી પછી આજે ફોર્મ પાછા ખેંચવાના દિવસે હરીફ પાર્ટી ઉમેદવારે ફોર્મ પાછા ખેંચી લેતા, ભાજપના ચારેય ઉમેદવાર મેઘાબેન નિકુંજભાઈ વ્યાસ, કિરણબેન પ્રદીપભાઈ ઘઘડા, મનીષ રતિલાલ નકુમ અને મોહીત ભરતભાઈ મોટાણી બીન હરીફ વિજેતા બન્યા છે. આ ઉપરાંત વોર્ડ નં.૮ માં પણ બક્ષીપંચ મહિલા અનામત બેઠક પર ભાજપના સીમાબેન ચાવડા બીન હરીફ ચુંટાયા છે.

## દ્વારકા જિલ્લા પંચાયતની ચૂંટણીનું આખરી ચિત્ર સ્પષ્ટ ભાટીયા અને નંદાણા સહિતની બેઠકો પર જામશે ખરાખરીનો જંગ

### ઉમેદવારી ફોર્મ ખેંચવાની પ્રક્રિયા પૂર્ણ થતા હરીફ ઉમેદવારોની આખરી યાદી જાહેર

### નંદાણા બેઠક પર સૌથી વધુ ૪ ઉમેદવારો મેદાનમાં

**અબતક નેહુલ લાલ ભાટીયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની આગામી સામાન્ય ચૂંટણી-૨૦૨૬ માટે ફોર્મ પરત ખેંચવાની સમયમર્યાદા પૂર્ણ થતાની સાથે જ ચૂંટણી અધિકારી અને જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા હરીફ ઉમેદવારોની આખરી યાદી જાહેર કરવામાં આવી છે. આ સાથે જ જિલ્લાના રાજકીય સમીકરણો સ્પષ્ટ થઈ ગયા છે, જેમાં ભાટીયા, ભોગાત, લાંબા અને નંદાણા જેવી બેઠકો પર ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિપાંખિયો જંગ નક્કી થયો છે.

ચૂંટણી અધિકારી દ્વારા પ્રસિદ્ધ કરાયેલ યાદી મુજબ, ભાટીયા બેઠક પર ત્રણ મહિલા ઉમેદવારો મુરીબેન કણજારીયા (ભાજપ), જૈતુબેન સોનગરા (કોંગ્રેસ) અને રામીબેન માડમ (આપ) વચ્ચે મુકાબલો થશે. નંદાણા બેઠક પર સૌથી વધુ ૪ ઉમેદવારો મેદાનમાં છે, જ્યાં ભાજપના સુમાતભાઈ ચાવડા સામે કોંગ્રેસના મેરગભાઈ આહીર, 'આપ'ના રૂધાભાઈ આંબલિયા અને અપક્ષ તરીકે પીઠાભાઈ સુવા ચૂંટણી લડશે. ભોગાત બેઠક પર અલ્પાબેન ગોજિયા, જાનાબેન કંડોરીયા અને કવિ પરબત ચાવડા વચ્ચે ટક્કર થશે.

કલ્યાણપુર બેઠક પર ભાજપના ટપુભાઈ સોનગરા અને કોંગ્રેસના મનસુખ પરમાર વચ્ચે સીધો જંગ જામશે, જ્યારે ધતુરીયા બેઠક પર કનુભાઈ વૈરૂ, વિક્રમભાઈ કંડોરિયા અને અપક્ષ પરબતભાઈ ડેર મેદાનમાં છે. રાણ અને લાંબા બેઠક પર પણ ત્રણેય મુખ્ય પક્ષોના ઉમેદવારો વચ્ચે કાંટાની ટક્કર જોવા મળશે. ચૂંટણી અધિકારીએ તમામ હરીફ ઉમેદવારોને ચૂંટણી ચિન્હોની ફાળવણી કરી દીધી છે, જેના પગલે હવે જિલ્લામાં ચૂંટણી પ્રચારનો ધમધમાટ તેજ બનશે.




## ખંભાળીયા: રીજનલ ડીરેકટરની સરપ્રાઇઝ વીઝીટ વખતે પણ ઉકરડાની સ્થિતિ યથાવત રહેતા રોષ

**અબતક, વિનાયક ભટ્ટ, જામખંભાળિયા**

ખંભાળીયા શહેરમાં તાજેતરમાં રાજકોટ પ્રાદેશિક નગર નિયામક દ્વારા કરાયેલ સરપ્રાઇઝ વીઝીટમાં સ્વચ્છતા અંગે કરાયેલ ચકાસણી બાદ બે દિવસમાં તંત્રને કડક તાકીદ કરવામાં આવી હતી. છતાં કચરાથી સ્થિતિ યથાવત રહેતા લોકોમાં રોષની લાગણી જોવા મળી રહી છે. શહેરમાં ડોર-ટુ-ડોર કલેકશન માટે હાલમાં જૂના સાત વોર્ડ તથા નવા બે વોર્ડ મળી નવ વોર્ડ વચ્ચે ચાર જ ટેમ્પો ઉપલબ્ધ હોય જેના કારણે રેગ્યુલર કચરાનું કલેકશન મુશ્કેલ બન્યુ હોય લોકોમાં ભારે રોષ જોવા મળી રહયો છે. કલેકશન ટેમ્પો ન આવવાની સ્થિતિએ રોડ-રસ્તા-શેરીમાં કચરાનો નિકાલ કરાતો હોય સ્વચ્છતાની ગુણવત્તા જળવાતી ન હોય સફાઇ તંત્રની સ્થિતિ અને કામગીરી સામે પ્રશ્નો ઉઠી રહયા છે.

## ખંભાળીયામાં રેલવે અન્ડરબ્રિજની કામગીરીને લઈને સલાયા રેલવે ફાટક આજથી બંધ



**અબતક, વિનાયક ભટ્ટ, જામખંભાળિયા**

ખંભાળીયા શહેરમાંથી યાત્રાધામ દ્વારકા તરફ તેમજ ઈમરજન્સીમાં જામનગર જવાના તમામ સ્થળોએ ફાટક હોય જેના કારણે પરેશાની થતી હોય રાજકીય આગેવાનો દ્વારા કરાયેલ પ્રયાસોથી દરેક ફાટક પર અન્ડર'ઓવર બ્રીજ મંજૂર થયેલ હોય જે પૈકી સલાયા ફાટક પાસે અન્ડરબ્રીજનું કામ પુનઃ શરૂ કરાતા આજથી ફાટક પુનઃ બંધ રહેશે. આ ફાટક બંધ રહેવાને કારણે દ્વારકા, ભાટીયા, કયાણપુર તરફથી આવનારાઓને ૩ કિમી જેટલો લાંબો ફેરો કરી :મનગર રોડ તરફથી શહેરમાં પ્રવેશવું પડશે.

## દ્વારકા: પડાણામાં રીલાયન્સની વેટરનીટી હોસ્ટિલમાં ૩ લાખથી વધુ પશુઓની નિઃશુલ્ક સેવા

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી.ના સેવાકીય અભિગમથી રીલાયન્સ ફાઉન્ડેશનના નેતૃત્વમાં જામનગરના પડાણા ગામે ચાલતી વેટરનીટી હોસ્પિટલમાં છેલ્લા દાયકામાં ૩ લાખ જેટલા અબોલ જીવોની નિઃશુલ્ક સારવારનું ઐતિહાસિક સિમાચિન્હ હાંસિલ કર્યો છે. હોસ્પિટલની ૧૦મી વર્ષગાંઠ તથા રીલાયન્સના એક્ઝી. ડીરેકટર અનંત અંબાણીના ૩૧માં જન્મદિનની ઉજવણીના ભાગરૂપે આવતીકાલે વેટરનરી હોસ્પિટલ પરિસરમાં સાંજે ૪ કલાકથી પશુપાલન વિશે પરિસંવાદ યોજાશે. સામાજિક ઉત્તરદાયિત્વની પહેલ અંતર્ગત પશુઓની સારવારના ઉદ્દેશ સાથે રીલાયન્સના ગૃપ પ્રેસીડેન્ટ ધનરાજ નથવાણીમાં વર્ષ ૨૦૧૬માં રીલાયન્સ ફાઉન્ડેશન દ્વારા પડાણા ખાતે વેટરનરી હોસ્પિટલ શરૂ કરાયેલ. અત્યાર સુધીમાં હોસ્પિટલના નિષ્ણાત પશુચિકિત્સકોની ટીમ દ્વારા ૩ લાખથી વધુ બિમાર પશુઓની આધુનિક ચિકિત્સા પધ્ધતિ સાથે સારવાર કરવામાં આવેલ છે.

## કાલાવડના નાના વડાળા ગામે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં ભક્તિ, માનવતા અને જ્ઞાનનો મહાસંગમ



**અબતક, રાજુ રામોલિયા, કાલાવડ**

મારકણા પરિવાર દ્વારા સર્વ પિતૃઓના મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પાવન પ્રસંગે ધાર્મિક ભાવના અને શ્રદ્ધાનો અનોખો માહોલ સર્જાયો હતો. કથાના દરમિયાન ભાગવતના વિવિધ પ્રસંગોનું રસપ્રદ અને ભાવસભર વર્ણન કરવામાં આવ્યું છે જેને શ્રોતાઓ ભાવવિભોર થઈને સાંભળી રહ્યા છે.

આ જ્ઞાનયજ્ઞ દરમિયાન ભક્તો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને ધાર્મિક લાભ મેળવ્યો હતો. કથાકાર રાહુલભાઈ પંડ્યા એ ભાગવતના માધ્યમથી જીવનમાં સદાચાર, ભક્તિ અને માનવતાના મૂલ્યો અપનાવવા પ્રેરણા આપી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભજન-કીર્તન અને ધાર્મિક વિધિઓએ વાતાવરણને વધુ પવિત્ર બનાવી દીધું હતું. આ અવસરે ગામના અગ્રણીઓ, સામાજિક કાર્યકરો તેમજ ધાર્મિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ આ પ્રકારના ધાર્મિક આયોજનને સમાજ માટે પ્રેરણારૂપ ગણાવ્યું અને મારકણા પરિવારના આ પુણ્ય કાર્યની પ્રશંસા કરી હતી. કાર્યક્રમના અંતે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં બહોળી સંખ્યામાં ભક્તોએ ભાગ લીધો હતો. સમગ્ર આયોજન સફળતાપૂર્વક પૂર્ણ થતાં મારકણા પરિવાર દ્વારા સહયોગ આપનાર સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## રસનાળ અને કાન-વીરડીમાં તળાવો ઊંડા કરવાની કામગીરીનો પ્રારંભ

### ૩૫ કરોડ લિટર જળ સંગ્રહનો લક્ષ્યાંક





**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

જામનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં જળ સંરક્ષણ માટે રોટરી ક્લબ ઓફ જામનગર અને બી.જે.એસ. જૈન સંગઠન ફાઉન્ડેશન દ્વારા પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. જોડિયા તાલુકાના રસનાળ અને લાલપુર તાલુકાના કાન વીરડી ગામે તળાવો ઊંડા કરવાની કામગીરીનો નવકાર મંત્રના પઠન સાથે શુભ પ્રારંભ કરાયો હતો.

આ અભિયાન અંતર્ગત આ વર્ષે ચોમાસા પૂર્વે ૩૫ કરોડ લિટરથી વધુ જળ સંગ્રહ ક્ષમતા વધારવાનો ભગીરથ લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. તળાવમાંથી નીકળતી ફળદ્રુપ માટી ખેડૂતોને તેમના ખેતરની જમીન સુધારણા માટે આપવામાં આવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જળ સંચયના આહ્વાનને પ્રતિસાદ આપતા આ બંને સંસ્થાઓએ સરકારી મંજૂરી સાથે સ્વભંડોળથી આ પ્રકલ્પ હાથ ધર્યો છે.

આ પ્રોજેક્ટથી ભૂગર્ભ જળસ્તર ઊંચા આવશે, પાણીની ગુણવત્તા સુધરશે અને પશુ-પક્ષીઓ માટે પીવાના પાણીની સુવિધા લાંબા સમય સુધી ઉપલબ્ધ રહેશે. આ કાર્યક્રમમાં જીગ્નેશ શાહ, શરદ શેઠ સહિતના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## મેઘપર: નકલી ચલણી નોટના ગુનામાં ફરાર આરોપી રાજસ્થાનથી ઝડપાયો

**અબતક, જામનગર**

જામનગર જિલ્લા ના મેઘપર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા નકલી ચલણી નોટના ગુન્હામાં ફરાર થઈ ગયેલ એક આરોપી ને જામનગર પોલીસે રાજસ્થાન થી ઝડપી લીધો છે.

જામનગરના મેઘપર પોલીસ સ્ટેશન દ્વારા ચાલુ વર્ષે નકલી ચલણી નોટનો જથ્થો પકડી પાડવામાં આવ્યો હતો. આ ગુન્હામાં ઝડપાયેલા બે આરોપીની પૂછપરછમાં નકલી નોટ રાજસ્થાનના શીકર જિલ્લાના બુલેશ ઉર્ફે બબલેશ ગુર્જર નામના શખ્સે આપી હોવાની કબૂલાત મળી હતી.

ત્યારપછી આ આરોપી સતત નાસતો ફરતો હતો. ઉપરોકત આરોપી રાજસ્થાનમા હોવાની વિગતો મળતા સોશિયલ મીડિયાના માધ્યમથી આ આરોપીના સગડ દબાવાઈ રહ્યા હતા. તે પછી ચોક્કસ લોકેશન પ્રાપ્ત થતા મેઘપર પોલીસની ટીમે રાજસ્થાન ના સીકર જિલ્લાના પીપરાલી સર્કલ પાસે વસવાટ કરતા બુલેશ ઉર્ફે બબલેશ મહાવીરપ્રસાદ ગુર્જરની અટકાયત કરી છે.



●●●●●●●●●●●●●●●●●●●●●●●●●● સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ●●●●●●●●●●●●●●●●●●●●●●●●●●●

# ૯૨૩૭ બેઠકો પર ૨૭,૨૯૭ ઉમેદવારો લડશે ચૂંટણી

## ૧૫ મહાપાલિકામાં ૩૫૦૮, જિલ્લા પંચાયતમાં ૩૨૨૬, નગરપાલિકામાં ૬૧૦૪ અને તાલુકા પંચાયતમાં ૧૪૪૫૯ ઉમેદવારો

**અબતક, રાજકોટ**

૧૫ મહાનગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત, ૮૪ નગરપાલિકા અને ૨૬૦ તાલુકા પંચાયતની ૭૨૦ થી વધુ બેઠકો બિનહરીફ જાહેર થઈ છે. હવે ૯૨૩૭ બેઠકો માટે ૨૭,૨૯૭ ઉમેદવારો મેદાનમાં છે. ગઈકાલે ઉમેદવારી ફોર્મ ભરવાના અંતિમ દિવસે સંપૂર્ણ ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. આજથી હવે ચૂંટણી પ્રચાર પુર બહારમાં જામ્યો છે.

ઉમેદવારી ફોર્મ ભરાયા બાદ કુલ ૧૫૩૬ ઉમેદવારો એ પોતાના ફોર્મ પરત ખેંચી લીધા હતા દરમિયાન ગઈકાલે ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે ૧૫ મહાનગરપાલિકામાં ૭૦ ઉમેદવારોએ ૧૮૮ નગરપાલિકાઓમાં ૧૮૮ ઉમેદવારોએ ૩૪ જિલ્લા પંચાયતોમાં ૧૪૧ ઉમેદવારોએ અને ૨૬૦ તાલુકા પંચાયતોમાં ૫૩૫ ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચી લીધા છે. ગઈકાલે એક જ દિવસમાં ૯૩૪ ફોર્મ પરત ખેંચાયા છે.

કુલ ૧૧,૩૪૪ ફોર્મ રદ કરવામાં આવ્યા હતા. મહાપાલિકામાં કુલ ૪૩ ઉમેદવારો, ૮૪ નગરપાલિકામાં ૩૭૭ ઉમેદવારો, ૩૪ જિલ્લા પંચાયતમાં ૫૨ ઉમેદવારો, ૨૬૦ તાલુકા પંચાયતોમાં ૨૫૨ ઉમેદવારો બીનહરીફ જાહેર થયા છે.

હાલ મહાપાલિકાની બેઠકો માટે ૩૫૦૮ ઉમેદવારો, જિલ્લા પંચાયતની બેઠકો માટે ૩૨૨૬ ઉમેદવારો, નગરપાલિકાની બેઠકો માટે ૬૧૦૪ ઉમેદવારો અને તાલુકા પંચાયતની બેઠકો માટે ૧૪૪૫૯ ઉમેદવારો મેદાનમાં છે. સ્થાનીક સ્વરાજયની સંસ્થાઓની ૯૨૩૭ બેઠકો માટે કુલ ૨૭૨૯૭ ઉમેદવારો ચૂંટણી જંગમાં છે. જેના ભાગ્યનો ફેસલો આગામી ૨૬મી એપ્રિલના રોજ મતદારો કરશે. ચૂંટણી પંચ દ્વારા આજે સત્તાવાર આંકડાઓ જાહેર કરવાના બાકી છે.

# રાજકોટ મહાનગરપાલિકાની ૭૨ બેઠકો માટે ૨૩૬ ઉમેદવારો મેદાનમાં

## ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિપાંખિયો જંગ જામશેઃ વોર્ડ નં. ૪માં સૌથી વધુ ૧૭ ઉમેદવારોઃ સાત વોર્ડના ૧૨-૧૨ ઉમેદવારો વચ્ચે જંગ જામશે

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના ૧૮ વોર્ડની ૭૨ બેઠકો પૈકી એક પણ બેઠક બિન હરીફ જાહેર થઈ નથી ૭૨ બેઠકો પર ૨૩૬ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ જામશે વોર્ડ નં. ૪ માં સૌથી વધુ ૧૭ ઉમેદવારો છે. અહીં બે ઈવીએમ મશીન મુકવા પડે તેવી સ્થિતિ છે. શહેરના સાત વોર્ડના ૧૨-૧૨ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ જામશે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિપાંખિયો જંગ જામશે.



રાજકોટ મહાનગરપાલિકાના ૧૮ વોર્ડની ૭૨ બેઠકો માટે કુલ ૫૫૪ ઉમેદવારી ફોર્મ ભરાયા હતાં જેમાં ઉમેદવારોની સંખ્યા ૪૪૩ હતી ૩૧૨ ઉમેદવારી ફોર્મ અમાન્ય રહ્યા હતાં જ્યારે ૨૪૨ ફોર્મ માન્ય રહ્યા હતાં દરમિયાન ગઈકાલે ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની અવધિ પૂર્ણ થઈ હતી કુલ ૬ ઉમેદવારોએ પોતાના ઉમેદવારી ફોર્મ પરત ખેંચી લીધા હતાં હવે ૭૨ બેઠકો પર ૨૩૬ ઉમેદવારો વચ્ચે જંગ જામશે જેમાં ભાજપના ૭૨, કોંગ્રેસના ૭૨, આમ આદમી પાર્ટીના ૬૯, બહુજન સમાજ પાર્ટીના ૯, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (શરદ પવાર)ના એક ઉમેદવાર, અન્ય પક્ષોનો એક ઉમેદવાર અને ૧૨ અપક્ષો મેદાનમાં છે જેને ચૂંટી કાઢવા માટે ૯૮૫૯૫૨ મતદારો મતદાન કરશે.

વોર્ડવાઈઝ કેટલા ઉમેદવારો મેદાનમાં છે તેના પર નજર કરવામાં આવશે વોર્ડ નં. ૧ માં ૧૩, વોર્ડ નં. ૨ માં ૧૩, વોર્ડ નં. ૩માં ૧૪, ઉમેદવારો, વોર્ડ નં. ૪ માં સૌથી વધુ ૧૭ ઉમેદવારો, વોર્ડ નં. ૫ માં ૧૨ ઉમેદવારો, વોર્ડ નં. ૬ માં ૧૨ ઉમેદવારો, વોર્ડ નં. ૭માં ૧૨ ઉમેદવારો, વોર્ડ નં. ૮ માં ૧૪ ઉમેદવારો, વોર્ડ નં. ૯ માં ૧૨ ઉમેદવારો, વોર્ડ નં. ૧૦માં ૧૩ ઉમેદવારો, વોર્ડ નં. ૧૧માં ૧૪ ઉમેદવાર, વોર્ડ નં. ૧૨માં ૧૨ ઉમેદવાર, વોર્ડ નં. ૧૩માં ૧૪ ઉમેદવાર, વોર્ડ નં. ૧૪માં ૧૨ ઉમેદવાર, વોર્ડ નં. ૧૫માં ૧૪ ઉમેદવાર, વોર્ડ નં. ૧૬માં ૧૨ ઉમેદવાર, વોર્ડ નં. ૧૭માં ૧૩ ઉમેદવાર અને વોર્ડ નં. ૧૮માં ૧૩ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ જામશે એક માત્ર વોર્ડ નં. ૪માં બે ઈવીએમ મુકવા પડશે.

**ક્યાં વોર્ડમાં કેટલા ઉમેદવારો**

| વોર્ડ નં. | ઉમેદવાર | વોર્ડ નં. | ઉમેદવાર |
|---|---|---|---|
| ૧ | ૧૩ | ૧૦ | ૧૩ |
| ૨ | ૧૩ | ૧૧ | ૧૪ |
| ૩ | ૧૪ | ૧૨ | ૧૨ |
| ૪ | ૧૪ | ૧૩ | ૧૪ |
| ૫ | ૧૨ | ૧૪ | ૧૨ |
| ૬ | ૧૨ | ૧૫ | ૧૪ |
| ૭ | ૧૨ | ૧૬ | ૧૨ |
| ૮ | ૧૪ | ૧૭ | ૧૩ |
| ૯ | ૧૨ | ૧૮ | ૧૩ |

# ૪૪માંથી ૨૪ કમળ બિનહરીફઃ સૌરાષ્ટ્ર "ભાજપ"ના 'ગણેશ' ગોંડલે બેસાડયા

## ગોંડલ નગરપાલિકામાં મતદાન પહેલા જ ભાજપને બહુમત



**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

સૌરાષ્ટ્રમાં ભાજપના ગણેશ ગોંડલે બેસાડયા છે. જે લોકો ગોંડલને મીરઝાપુર તરીકે પ્રસ્થાપીત કરવા નીકળેલા લોકોને ગાલે તમાચો પડયો છે. ગોંડલ ભગવતબાપુની નગરી છે. અહી મતદારો ખુબ શાણા છે. મતદાન પહેલા જ ભાજપે બહુમત મેળવી લીધો છે. ગત વખતે ગોંડલ પાલિકાની તમામ ૪૪ બેઠકો પર ભગવો લહેરાયો હતો વધુ એક વખત ભાજપ આ કિર્તીમાન રિપીટ કરવા આગળ ધપી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે.

ગોંડલ નગરપાલિકા નાં કુલ ૧૧ વોર્ડ ની ૪૪ બેઠક ની

(અનુ. આઠમા પાને)

## રાજકોટ જિલ્લા પંચાયતની ૩૬ બેઠકો માટે ૧૦૯ ઉમેદવારો વચ્ચે ટક્કર

### ભાજપે તમામ ૩૬ બેઠકો પર ઉમેદવાર ઉતાર્યા, કોંગ્રેસને ચરખડી અને સરધાર બેઠક પર ઉમેદવાર ન મળ્યાઃ એકપણ બેઠક બિનહરીફ નહીં

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા પંચાયતની ૩૬ બેઠકો માટે ભાજપના ૩૬, કોંગ્રેસના ૩૪ અને આમ આદમી પાર્ટીના ૩૩ બેઠકો સહિત કુલ ૧૦૯ ઉમેદવારો મેદાનમાં છે. જિલ્લાની એકપણ બેઠક બિનહરિફ બની નથી. આજથી હવે પ્રચાર ઝુંબેશ વેગ પકડશે.

રાજકોટ જિલ્લા પંચાયતની ૩૬ બેઠકો માટે કુલ ૧૬૦ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. ફોર્મ ચકાસણી દરમિયાન ૪૩ ફોર્મ અમાન્ય રહ્યા હતા. જયારે ૧૧૭ ફોર્મ માન્ય રાખવામાં આવ્યા હતા. ગઈકાલે ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે કુલ આઠ ફોર્મ પરત ખેંચાયા હતા. હવે ૩૬ બેઠકો માટે ભાજપના ૩૬, કોંગ્રેસના ૩૪, બહુજન પાર્ટીનો એક, આમ આદમી પાર્ટીના ૩૩, ભારત આદીવાસી પાર્ટીના એક અને અપક્ષના ૪ સહિત કુલ ૧૦૯ ઉમેદવારો મેદાનમાં છે. કોંગ્રેસે રાજકોટ જિલ્લા પંચાયતની ચરખડી અને સરધાર બેઠક પર ઉમેદવાર ઉભા રાખ્યા નથી.

જિલ્લા પંચાયતની આટકોટ બેઠક માટે ૩, ભાડલા બેઠક પર ૫, કમળાપુર બેઠક પર ૩, સાણથલી બેઠક પર ૩, શિવરાજપુર બેઠક પર ૩, ચરખડી બેઠક પર એક, દેરડી બેઠક પર ૩, કોલીથડ બેઠક પર ૩, મોવિયા બેઠક પર ૩ ઉમેદવારો વચ્ચે ટક્કર છે.

જયારે શિવરાજપુર બેઠક પર ૪, આણંદપર ૩, બેડી બેઠક પર ૩, કસ્તુરબાધામ બેઠક પર ૩, કુવાડવા બેઠક પર ૩ ઉમેદવારો, સરધાર બેઠક પર ૩ ઉમેદવારો, લોધિકા બેઠક પર ૩ ઉમેદવારો, પારડી બેઠક પર ૩ ઉમેદવારો, મોટી મારડ પર ૩ ઉમેદવારો, સુપેડી બેઠક પર ૩ ઉમેદવારો, ડુમિયાણી બેઠક પર ૪ ઉમેદવાર, કોલકી બેઠક પર ૩ ઉમેદવારો, પાનેલી મોટી ૩ ઉમેદવાર, કોટડા સાંગાણી બેઠક પર ૩ ઉમેદવારો, વેરાવળ બેઠક પર ૪ ઉમેદવારો, બોરડી સમઢીયાળી બેઠક પર બે ઉમેદવારો, પેઢલામાં ૩ ઉમેદવારો, થાણાગોલાળ બેઠક પર ૩ ઉમેદવારો,

(અનુ. આઠમા પાને)

પોઝિટીવ ન્યુઝ, ઈન્ફોર્મેટિવ ન્યુઝ

અબતક® સાંધ્ય દૈનિક

# વાર્ષિક લવાજમ યોજના

૦૧-૦૫-૨૦૨૬ થી ૩૦-૦૪-૨૦૨૭

**યોજના નં. ૧**

લવાજમ રૂ.૧૧૧૧/-

બ્રાન્ડેડ પરફ્યુમ અને ડીયોડ્રન્ટ




**યોજના નં. ૨**

લવાજમ રૂ.૧૨૨૫/-

પ્રીમીયમ ૧ કિલો ચા




**વિશેષ નોંધઃ**

(૧) લવાજમના સમય દરમિયાન અખબારી કિંમતમાં થનારો કોઈપણ પ્રકારનો વધારો લવાજમ ગ્રાહકોને લાગુ પડશે નહીં. (૨) લવાજમ ભરનાર ગ્રાહકોએ અબતકની છાપેલી કાચી પહોંચથી જ લવાજમ ભરવાનો આગ્રહ રાખવો, અનાધિકૃત કાચી પહોંચથી ભરેલ લવાજમની જવાબદારી અબતકની રહેશે નહીં. (૩) આ ઉપરાંત અબતકની લવાજમ પોલીસી મુજબ તમામ ચીજવસ્તુઓ શરતોને આધીન રહેશે.

લવાજમ ભરવાનું સ્થળઃ અબતક મીડિયા હાઉસ, રાષ્ટ્રીયશાળા રોડ, રાજકોટ.

આજે જ સંપર્ક કરો : MO:- +91 70481 30001, 0281- 2461234